શ્રી-વૃદ્ધિ-નેમિ-અમૃત-ગ્રંથમાળા=ગ્રંથાંક-૪૯

વિમર્શ

[નોંધપોથીમાં લખેલા મનન કરવા યોગ્ય વિચારોનો
સંગ્રહ-૨૮૯ થી ૫૫૭ સુધી]

卐

વિક્રમ સંવત્	શ્રી વીર નિ. સં.	ઈસ્વીસન્
૨૦૧૯	૨૪૮૯	૧૯૬૩

卐

— લેખક —
શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-પદ-પર્યુપાસક
પં. ધુરંધર વિજયગણી

— પ્રકાશક —
શ્રી જૈન સાહિત્ય વર્ધક સભા
શેઠ સુરેન્દ્રભાઈ સારાભાઈ
અમદાવાદ

— પ્રાપ્તિસ્થાન —
શ્રી અમૃતસૂરીશ્વરજી જ્ઞાનમંદિર
દોલતનગર
બોરીવલી (પૂર્વ)
મુંબઈ ૬૬ L N B

— મુલ્ય —
૧=૫૦ ન. પૈ

— મુદ્રક —
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વતી
જ્યોત્સનાબેન શુક્લ
પ્રતાપ પ્રિ. પ્રેસ
પ્રતાપ સદન
નાણાવટ સુરત

પ્રકાશકીયમ

આ વિમર્શ છે, આ પુસ્તકમા પૂજ્ય પચાનજી મહારાજે નોધપોથીમા નોધેલા વિચારોનો સગ્રહ છે આ પૂર્વે '[illegible]' નામે પુસ્તકમા આ પ્રકારના વિચારોનો સગ્રહ ૧ થી ૨૯૯ સુધી અમે પ્રકટ કરેલ છે આ પુસ્તકમા [illegible] સુધીના વિચારોનો સગ્રહ છે આ વિચારોનુ વાચન વાચકને જરૂર કાંઈ ને કાંઈ પ્રેરણા આપશે એમ કહેવુ અસ્થાને નથી દરેક વિચાર સાથે દરેક સહમત ન હોય કે બને છતા આમા કાંઈ પણ કુપથ્ય થાય એવુ નથી એ નિર્વિવાદ છે આ પુસ્તકમા વિચારોનુ વૈવિધ્ય એટલુ છે કે જુદા જુદા પ્રકારના ભાવો ભર્યા જણાશે ને તે સર્વ વાચકને પુસ્તક પ્રત્યે આદર જન્માવશે આ પ્રકાશન અંગે જે કોઈ સહાયક થયા છે તે સર્વનો આભાર માનીએ છીએ

એજ લિ.
પ્રકાશક

*



ॐ ह्रीँ अर्हं नम

વિમર્શ

(નોધપોથીમા ટાકેલા વિચારો)

(૨૮૯)

નજરબધી

નજરબધીના ખેલો થાય છે ને તેમા જેઓની નજર બધાઈ ગઈ હોય છે તેઓને પોતાને જે જોવુ હોય છે તે સૂઝતુ નથી અને બીજા કે જેમણે એ નજરબધી કરી છે તેઓ જે બતાવે છે તે જ દેખાય છે

આવી પરિસ્થિતિ ઘણી વખત વાતાવરણથી પણ સર્જાતી હોય છે જેવુ વાતાવરણ ચાલતુ હોય તેવા વાતાવરણમા ઘણાની દષ્ટિ દોરવાઈ જતી હોય છે દષ્ટિ દોરવાઈ ગયા પછી તે વાતાવરણ સારૂ હોય કે ન સારૂ પણ સાચુ લાગ્યા કરે છે વાતાવરણ શાત થયા પછી જેવુ હોય તેવુ ખરેખરૂ જણાય છે વાતાવરણથી બચનારા વિરલા હોય છે

તા ૪-૪-૧૯૫૭

(૨૯૦)

સમર્થનો આનદ

વિષમતાઓનો પૂરા બળપૂર્વક સામનો કરવામા સમર્થને જે આનદ આવે છે તે આનદ અવિષમ સ્થિતિમા મળેલા ભોગ-ઉપભોગોને ભોગવવામા આવતો નથી

તા ૫-૪.

(૨૯૧)

નિર્બળતા

અવિરામ સ્થિતિ સ્થાકાળ ટળી રહે એવી ઇચ્છાઓ કરવી એ આન્તરિક નિર્બળતા છે તા ૫-૪-૧૯૫૭

(૨૯૨)

કાયરતા

વિષમતાઓ આવી પડી છે માટે ભાગ્યે જ છૂટકો એ માયરતા છે એવી કાયરતા દૂર કરીને વિષમતાઓથી ખિન્ન થયા વગર-તે દૂર કરવા માટે યોગ્ય માર્ગ-ઉચિત ઉપાય-મેળવવો એ સમજણ છે

તા ૫-૪-૧૯૫૭

(૨૯૩)

વિરુદ્ધ પરિચય

કેટલીક વખત અપૂર્ણ આત્માઓમા-પોતાના વિરુદ્ધ પક્ષનું મંડન વકીલાતની દૃષ્ટિએ કરતા કરતા વિરુદ્ધ પક્ષમાં સત્ય છે અને પોતે આજ સુધી જે પક્ષને અવિરોધી સમજતો હતો તે વિરુદ્ધ છે એવુ બની જાય છે તા ૫-૪-૧૯૫૭

(૨૯૪)

જવાબદારીનો વિવેક

કોઈ પણ જવાબદારી એવી રીતે અદા કરવી જોઈએ કે જેમા બીજા જવાબદારોને પોતાની જવાબદારી અદા કરવાની તક રહે જ્યારે બીજા જવાબદારોને પોતાની જવાબદારી અદા કરવાની તક મળતી નથી ત્યારે એક ઉપર વધુ પડતો બોજો આવી પડે છે અને બીજાઓમા ઉપેક્ષા વૃત્તિ આવી જાય છે એથી તંત્રમા વિષમતા જન્મે છે માટે જેના પર જે જવાબદારી હોય તે અદા કરવાની તક તેને આપવી

તા ૭-૪-૧૯૫૭

(૨૯૫)

વ્યક્તિનું વાસ્તવિક મૂલ્ય

પોતે પોતાને જે જાતનો સમજતો હોય છે તેમાં સંપૂર્ણ સત્ય નથી પોતે બીજાને જે જાતનો માનતો હોય છે તે પણ પૂર્ણ સત્ય નથી, બીજા તેને જે જાતનો માનતા હોય છે તે ખરેખર સત્ય નથી સત્ય તો તે ત્રણેની મધ્યમાં છુપાયેલું છે અને તે વિશિષ્ટ જ્ઞાનીઓને જ જણાય છે તા ૮-૪-૧૯૫૭

(૨૯૬)

અવિરોધી સાધ્ય

મનુષ્યોની પ્રવૃત્તિઓ મોટે ભાગે પોતાનું કાંઈક સાધવા માટે હોય છે દરેક સાધ્ય જુદા જુદા પ્રકારનું હોય છે અને એ સાધ્ય સિદ્ધ કરવાના ઉપાયો પણ ભિન્ન ભિન્ન હોય છે તેમાં એક બીજા વિરોધી સાધ્યો પણ હોય છે એવા વિરોધી સાધ્યો ને સિદ્ધ કરવાના ઉપાયો જ્યારે સાથે થઈ જાય છે ત્યારે માનવ-માનવ વચ્ચે વિરોધ જાગે છે અને તેમાંથી વૈર પરમ્પરા જન્મે છે એ સર્વથી છૂટવાનો ઉપાય એ છે કે સાધ્ય એવું રાખવું કે જેમાં બીજાનો વિરોધ ન હોય, અને એ સાધ્ય સ્વયં કોઈને પણ અવરોધરૂપ થયા વગર સિદ્ધ કરી શકાય એવું સાધ્ય કોઈ હોય તો તે સ્વાત્મક પાણું છે એ વિશુદ્ધ સાધ્ય સિદ્ધ કરવાની જેટલી તમન્ના તેટલી વિશિષ્ટતા આપોઆપ મળે છે એ સિવાયના અન્ય સર્વ સાધ્યોમાં ઓછે વત્તે અંશે વિરોધ રહેવાનોજ

તા ૧૬-૮-૧૯૫૭

(૨૯૭)

સ્વાર્થની સમજુતિ

બીજાને હિતનો માર્ગ ઉપદેશવો હોય તો પ્રથમ પોતાના આત્માને સ્વાર્થ-સુરક્ષિત કરવાની ખાસ જરૂર છે નિજ શ્રેય સાધવાનો સ્વાર્થની સમજણ છે એવો સ્વાર્થ ન

વિરૂપ સ્વાર્થની વૃત્તિ જ્યા સુધી હૃદયમાં જાગતી રહેશે ત્યા સુધી યથાર્થ હિતમાર્ગ બતાવી શકશે નહિ આ છે નિર્મળ સત્યની વાત. બાકી મિશ્ર માર્ગ તો ચાલે જ છે એમા થોડા ટકા નિજસ્વાર્થના હોય અને વધુ ટકા પરહિતના હોય, એ ચલાવી લેવાય એ ચલાવી લેવામાં કાંઈ બાધ નથી જો નજ ચલાવી લેવાય તો માર્ગ જ ન રહે, બાકી દષ્ટિ જેટલુ સ્વાર્થ મુકત થવાય એ તરફ કેળવવી આવશ્યક છે

તા ૧૬-૪-૧૯૫૭

(૨૯૮)

માનસિક વિચાર પણ કાર્યક્ષમ છે.

કાળ પ્રભાવે-ઉતરતા કાળના પ્રભાવે સારી સારી વસ્તુઓ અદશ્ય બનતી જાય છે તેમાં ઉત્તમ વિચારો વિશાળ ભાવનાઓ પણ આવી જાય છે તેમા ઉત્તમ વિચારો અદશ્ય થાય છે એટલે અધમ વિચારો દેખા દે છે અધમ વિચારો ઉત્તમ પદાર્થોને દૂર કરે છે પોતાની પાસે અમુક ચીજ હોય તો સારૂ પણ તે બીજાની પાસે હોય તો સારૂ નહિ, આવા તુચ્છ વિચારો વિશ્વમાં વિશિષ્ટ વસ્તુનુ સરક્ષણ કરતા નથી પણ તેનો વિનાશ કરે છે ઉત્તમ કે અધમ માનસિક વિચારો પણ પરિણામ તો લાવે જ છે પરિણામ આ યા પછી તેને અગે સાચા-ખોટા કારણોને જવાબદાર ગણવામાં આવે છે પણ માનસિક વિચાર તરફ દષ્ટિ જતી નથી એ દષ્ટિ ખીલે તો કેટલીક નડી બૂની મહેજે સુધરી જાય તા ૧૬-૪-૧૯૫૭

(૨૯૯)

મર્યાદા પાલન

મર્યાદા એ અગત્યની છે એવું C નધન કરવાથી હિત-સાધનથી ચિત રહેવાય છે અને અહિત આવી મળે છે મર્યાદાના સુન્દર પાન ની અહિત અટકી જાય છે અને હિત સારી રીતે સધાય છે

તા ૧૯-૪-૧૯૫૭

(૩૦૦)

વારણ અને વાળણ

વૃત્તિનુ વારણ અને વાળણ એ બેમા ઘણુ અતર છે વારણ-નિવારણ કરવામાં બળ વાપરવુ પડે છે અને તેના પ્રત્યાઘાતો પડે છે જ્યારે વાળણ એટલે સારે માર્ગે વાળી લેવામા બહુ બળની જરૂર હોતી નથી પણ આવડતની આવશ્યકતા રહે છે વાળણ કરતાં આવડે તો પરિણામ સારૂ આવે છે અને પ્રત્યાઘાત નડતા નથી

છતાં કેટલીક વૃત્તિઓ એવી હોય છે કે એનુ વાળણ ઘણી વખત સૂઝતુ નથી એનુ વારણ કરવુ અનિવાર્ય બની જાય છે એવી વૃત્તિઓનું વાળણ તો હોય છે ને એ જાણીને તે યોજવુ સારૂ છે પણ ન જ યોજી શકાય તો વારણ કરવુ એ પણ ઈષ્ટ છે

તા ૧૯-૪-૧૯૫૭

(૩૦૧)

વૈરાગ્ય માટે રાગનો પરિચય જરૂરી છે?

ભોગમાં રાગ છે અને ત્યાગમા વૈરાગ્ય છે રાગ વગર વૈરાગ્ય વ્યવસ્થિત આવતો નથી એમ કેટલાક માને છે અને મનાવે છે રાગને દૂર કરવો એનું નામ વૈરાગ્ય એટલે રાગ કેવો છે તેનો પરિચય પ્રથમ મળે પછી તેને કેમ દૂર કરવો એ સમજાય, એ રીતે વૈરાગ્યને ઉત્પન્ન કરવા માટે પ્રથમ રાગની ભૂમિકા અનુભવવી જોઈએ–એમ તેમનું કહેવુ છે

પણ એ મ ત વ્ય આપાત રમણીય છે રાગનો પરિચય તો અનાદિથી છે જ અતિ પરિચયને પરિણામે કનાચ તે કટાળો ઉપજાવે, રોગાદિનું કારણ બનીને નફરત જગાવે ને તેથી વૈરાગ્ય જન્મે પણ એ વૈરાગ્યનું મૂલ્ય કેટલુ?

સાચો વૈરાગ્ય તો તત્ત્વજ્ઞાનની ભૂમિકા ઉપર છે એ ભૂમિકા મોહનીય કર્મનો ઘટાડો થવાથી દૃઢ બને છે ભોગથી અનુભવ મળે છે

એ પ્રમાણે રાગ પણ વધતો જાય છે, પરિણામે ભોગથી સંતોષ થતો નથી વાસના અતૃપ્ત રહે છે ને છેવટે ભોગ ભોગવનાર ભોગનો ભોગ બને છે

એમાંથી બચવા માટે વૈરાગ્ય ગમે તેમ કેળવવો જરૂરી છે વૈરાગ્ય ગમેતેમ આવે તે સામે અમને વિરોધ નથી અમે તો એટલુ જ કહીએ છીએ કે આવતો વૈરાગ્ય સાચો હોવો જોઈએ

તા ૧૯-૪-૧૯૫૭

(૩૦૨)

ભૂલ જોવાની કળા

અન્યની ભૂલ જોવામા જે રસ – જેમને આવે છે તે પોતાની ભૂલ જોવામા આવતો નથી એ જેટલુ સત્ય છે તેટલુ જ સત્ય ભૂલ જોવામાં જે કળા જોઈએ જે ચોકસાઈ જોઈએ તે નથી હોતા એ છે એથી અન્યની પણ જોવા જેવી ભૂલ જોવાતી નથી અને ન જોવા જેવી – નજીવી ભૂલ જોવાય છે

ભૂલ જોતા જો બરોબર આવડી જાય તો તેમાં સ્વ-પરના ભેદનું કાંઈ મહત્ત્વ નથી એ એવુ ક્ષતિ નિરીક્ષણ પણ હિતકર બને છે

ભૂલ જોતા શીખો – ગમે તેની ભૂલ જુઓ પણ તે બરાબર, ગમેતેમ નહિ

તા ૨૦-૪-૧૯૫૭

(૩૦૩)

ઠંડક અને ગરમી

અન્ધકારની ઠંડક કરતાં પ્રકાશની ગરમી વિશેષ કિંમતી છે

તા ૨૦-૪-૧૯૫૭

(૩૦૪)

મૃત્યુ મરી જશે

ક્રિયા અને આચરણ એવા હોવાં જોઈએ કે મૃત્યુ પણ ઘડીભર ચકી જાય મૃત્યુને વિચાર આવે કે આ હું કોના ઉપર હાથ અજમાવુ

છુ ! એને શરમાવુ પડે આત્માને મૃત્યુનો ભય ન હોય ભય તો મૃત્યુને આત્માનો હોય

એવી રીતે ન મરો કે પાછળથી જગતને કહેવુ પડે કે મારુ થયુ બિચારો છૂટયો અને જગત્ એમ પણ ન બોલે કે – એ મર્યો તે મારુ થયુ, હવે લોકો શાતિ અનુભવને

તમારા મરણ બા પાછળનું જગત્ તમારી યાદ ભૂલે નહિ તમારી ખોટ એમને સાલે એવુ તમારુ મરણ પણ અમર બની જશે બીજા શબ્દોમા કહીએ તો મૃત્યુ મરી જશે તા ૯-૫-૧૯૫૭

(૩૦૫)

એ બેમા કયુ વધારે સારૂ ?

તમારી પાછળ તમારો અનુયાયી વર્ગ તમારા કરતા નબળો હશે તો તમને જગત ખૂબજ યાદ કરશે તમારી ખોટ જગતને સાલશે તમારા કરેલા કાર્યો વિશેષ વિખ્યાત બનશે અશક્ય અને દુશક્ય ગણાતા કાર્યો તમે જ કરી શકો એમ કહેવાશે પણ તમારી પાછળ તમારો અનુયાયી વર્ગ તમારા જેવો કે તમારાથી ચઢીયાતો હશે ! તો કદાચ તમારી ખોટ લોકોને બહુ સાલશે નહિ પણ એવા તમારા અનુયાયી વર્ગથી તમારુ ગૌરવ કોઈ જુદા જ પ્રકારનું ગણાશે

પ્રથમના કરતા આ બીજા પ્રકારનું ગૌરવ કે ઈ ગુણ કિંમતી છે તા ૯-૫-૧૯૫૭

(૩૦૬)

યથાશક્તિ

અલ્પ શક્તિવાળા જીવે પોતાની સ્થિતિનો સતત વિચાર કરવો જરૂરી છે જો તે પોતાની શક્તિનો પૂરો વિચાર કરીને પ્રવૃતિ કરે તો તેને લાભ કે નુકશાન તે સહન કરી શકે એવા મળે બાકી જો તે પોતાની શક્તિનો વિચાર કર્યા વગર વિશેષ શક્તિવાળાનું અનુકરણ

કરીને પ્રવૃત્તિ કરે તો તેથી તેને એવા લાભ ને નુકશાન થાય કે જે પચાવવા તેને ભારે થઈ પડે શક્તિનો અનુસાર ધીરે ધીરે આગળ વધતા એકવખત જરૂર તે મહાન બની શકે છે તા ૨૧-૫-૧૯૫૭

(૩૦૭)

વ્યક્તિ પરત્વે દોષની તરતમતા

કેટલાક અલ્પ શક્તિવાળા આત્માઓ પોતાના દોષોને હળવા કરવા માટે એવા દોષો તો મહાન આત્માઓમા પણ છે, એમ વિચારે છે પરિણામે મહાન આત્માઓ એવા નજીવા દોષોને કદાચ દૂર ન કરી શકતા હોય એવુ બને પણ એ દોષોનું પરિણામ એ મહાન આત્માઓ પોતાના અન્ય સામર્થ્યથી જરૂર દૂર કરે છે જ્યારે અલ્પાત્માને એ દોષથી સાપડતુ પરિણામ સહન કરવુ પડે છે, એવુ તો સહન કરવુ પડે છે કે-તેથી પીડાતા એવા તેને પેલા મહાન આત્માને શરણે જવુ પડે છે આવુ અનેક વખત બને છે છતા અલ્પાત્મા પેલો દોષ દૂર કરવા તૈયાર થતો નથી

અલ્પાત્માને માટે મહાન આત્માનો નજીવો દોષ પણ મહાન છે જ્યારે મહાન આત્માને માટે અ પાત્મા માટેનો મહાન દોષ પણ નજીવો છે તા ૨૧-૫-૧૯૫૭

(૩૦૮)

નાના ગુણોની અગત્ય

કેટલાક ગુણો નાના હોવા છતાં અગત્યના છે, એવા નાના ગુણોના લાભનો વિચાર કરીને વ્યર્થ મનને ડોળવુ નહિં એ નાના અને નજીવા ગુણો ન હોય તો જીવનમા નુકશાન મોટુ થાય છે એટલે નુકશાનથી બચાવનાર તરીકે એ ગુણની મહત્તા છે એમ વિચારવુ અને તેથી નાના નાના ગુણોને પણ પૂરા પ્રયત્નપૂર્વક જાળવી રાખવા પણ ઉપેક્ષા કરવી નહિં તા ૨૧-૫-૧૯૫૭

(૩૦૯)

સદ્ય ફલં સદાચરણમ્

સારા આચરણનું સાક્ષાત્ ફળ એ છે કે આજે તમે જે વિશિષ્ટ સ્થિતિમાં છો ને ત્યાં ટકી રહ્યા છો જો તમારામાં સારૂં આચરણ નહિ હોય તો તમે અધઃપતન પામશો સ્થિરતાથી આ વિચારણા કરવાથી સદાચરણનું સદ્ય ફલદાયિપણું સમજાતાં વિલંબ નહિ થાય.

તા ૨૧-૫-૧૯૫૭

(૩૧૦)

શુદ્ધ ધર્મનો પક્ષપાત

અગ્નિના એક તણખાને કહેવું નથી પડતું કે તું કચરાને બાળ એમ ધર્મના અંશને પણ કહેવું નથી પડતું કે તું પાપને પ્રજાળ જો પાપનો પુંજ એમને એમ રહેતો હોય તો સમજવું જોઈએ કે ધર્મનો સત્ય અંશ હજુ સાંપડ્યો નથી બનાવટી ધર્મ કરવો અને પરિણામ તપાસ્યા કરવું એ નરી મૂઢતા છે સત્યધર્મ મેળવવા યત્નશીલ રહેવું જ્યાંસુધી સત્યધર્મની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી જેવો ધર્મ આચરતા હોઈએ એ છોડવો નહિ જેવા તેવા ધર્મનું આચરણ પણ એક વખત સત્યધર્મની પ્રાપ્તિ કરાવશે એ છૂટી જશે તો ધર્મ જ દૂર દૂર ચાલ્યો જશે, પછી સત્ય કે અસત્ય એકેની આશા નહિ રહે, પણ સત્યધર્મ મળે છતાં ખોટાને પકડી રાખવો એ તો મહા મૂઢતા છે એ મહામૂઢતા તો દૂર કરવી જ જોઈએ કદાચ સત્યધર્મ સમજાયા છતાં એનું આચરણ દુષ્કર લાગે-એ ન પણ આચરી શકાય, પણ તેથી ખોટાને સાચો માનીને સત્ય પ્રત્યે પક્ષપાત ન જાગે એવું તો ન જ બનવું જોઈએ સત્ય પ્રત્યે પક્ષપાત તો જાગવો જ જોઈએ એ જાગેલા પક્ષપાતથી સામર્થ્ય આવી જશે. ખોટું છૂટી જશે અને સત્ય સ્વયં ફળશે

તા ૨૧-૫-૧૮૫૭

(૩૧૧)

પરસ્પર વિરોધી કારણોથી પરિણામનો અભાવ

આગને વધારનારાં કારણો જ્યાં સુધી પ્રબળ હોય ત્યાં સુધી તેને ઠારવાના કારણો કારગત થતાં નથી એ સ્વાભાવિક છે એવી સ્થિતિમાં એનો વિચાર કરવો જરૂરી છે કે—કરવામાં આવતા પ્રયત્નો બરાબર નથી એમ નથી પણ સામેના વિરોધી તત્ત્વો પણ બરાબર છે એ વિરોધી તત્ત્વો વિશેષ બળવાળા હોવાને કારણે પરિણામ બરાબર આવતું નથી એટલે આવા પ્રયત્નોને નિષ્ફળ—અસફળ—નકામા માનીને છોડી દેવાનો કંઈ અર્થ નથી

વિપરીત તત્ત્વોને દૂર કરીને જો એના એ પ્રયત્નો આચરવામાં આવે તો તેનું પરિણામ ધાર્યા કરતાં પણ સારું જણાય આ વાત માત્ર નથી પણ હકીકત છે એ અમારો સતત અનુભવ છે—બને છે એટલે તે તરફ પૂરતું લક્ષ્ય દોરીને પ્રયત્નોને—સારા પ્રયત્નોને સફળ કરવા સજાગ થવું

તા. ૨૨-૫-૧૯૫૭

(૩૧૨)

સામગ્રી કાર્યસાધિકા

કોઈપણ કાર્ય કરવું હોય ત્યારે તે કાર્યના કારણોનો પૂરો વિચાર કરવો જોઈએ સમગ્ર કારણો મેળવીને કાર્ય કરવાથી તે તુરત સિદ્ધ થાય છે કારણની ન્યૂનતા હોય તો કાર્ય ન્યૂન થાય છે અથવા નથી થતું કેટલાક કાર્યો એવા હોય છે કે તેમાં એકાદ કારણ ઓછું હોય તે પણ ન ચાલે જોઈએ તો બધાએ કારણો જોઈએ આ સ્થિતિ છે—વાસ્તવિક સ્થિતિ છે જ્યારે આ હકીકત ખ્યાલ ઉપરથી ઉતરી જાય છે ત્યારે કરેલા પ્રયત્નોને જીવ નિંદે છે પ્રયત્નોને છોડી દે છે અને બીજા એવા પ્રયત્નો કરતા હોય છે તો તેને પણ છોડાવી દે છે પણ તેથી શું ! જ્યારે ફરીથી એ કાર્યની ઇચ્છા જાગશે ત્યારે તેને ફરીથી [illegible] કરવું પડશે માટે જો કાર્યની ઇચ્છા હોય—ખરેખર ઇચ્છા

હોય તો મને તો કામ ગામડીમાં ક્યાં એટલાય છે ૫ ફેરફાર કરવાની જરૂર છે તે વિચારવું અને એ કરવા માટે યત્નશીલ બનવું એથી કાર્ય સિદ્ધ થશે અને વિશ્વાસ વધશે એવી કાર્ય સિદ્ધિ અન્યને પણ પ્રેરક બને છે બાકી ચર્ચા તો સમય નષ્ટ કરે જ અધૂરા મનો કરીને ઊગ નારાઓનો વિશ્વમાં તોટો નથી પૂરા પ્રયત્નો કરીને પરિણામ લેનારે પછી લાવનારા વિરલા જ તા ૨૨-૫-૧૯૫૭

(૩૧૮)

ઉતાવળ કરવા જેવું નથી

જગત ઝગવાની રીત ઉપરથી જાણી શકાય છે કે આ જગત કર્મ ગતિમાંથી આવ્યા છે અને કર્મ ગતિમાં જવાનો પણ જો મારે એ વિચારવાનું હોય તેના અંતરંગોનું સૂક્ષ્મ અને ગંભીર નિરીક્ષણ કરવું આવશ્યક છે ઉપર—ઉપરના નિરીક્ષણથી જો અભિપ્રાય બાંધવામાં આવે તો તે અન્યથા થવાની પૂરી સંભાવના છે સમાગમથી લેવાતા આય જ અને દૂરથી લેવાતા આય જમાં ઘણું અંતર છે

તા. ૨૨-૫-૧૯૫૭

(૩૧૯)

આરાધના કરવાનો હક અબાધિત રાખવો

આરાધના કરાવવાના અધિકારથી જો આરાધના કરવાનો અધિકાર ચાલ્યો જતો હોય તો તેથી પોતાને એકાંતરે નુકસાન છે જ્યારે આરાધના કરવાનો અધિકાર વધતો જતો હોય તો લાભ-વિશેષ લાભ થાય છે

આરાધના કરવાનો અધિકાર કાયમ રાખીને આરાધના કરાવનાર જ્યારે બીજા આરાધના કરાવનારા મળે છે ત્યારે રાજી થાય છે અને સમજે છે કે મને આરાધના કરવાની વિશેષ અનુકૂળતા થઈ જેના મનમાં આરાધના કરાવવી એવું જ રહ્યું—મતલબ છે તે બીજા સુયોગ્ય આરાધના કરાવનારા મળશે ત્યારે દુભાશે તેઓનો ઉચિત વિવેક

જાળવશે નહિં, પરિણામે-ઈર્ષ્યા, દ્વેષ ખેદ, ક્રોધ, વિવાદ કલહ વગેરેને નોતરશે અને વાતાવરણને વિષમ કરી મૂકશે માટે આરાધના કરાવનારે આરાધના કરવાનો પોતાનો સ્વય સિદ્ધ હક જરી પણ આંચ ન આવે એવો અબાધિત રાખવો તા ૨૨-૫-૧૯૫૭

(૩૧૫)

જૂનુ એટલુ સોનુ

જૂનું એટલુ સોનું' એ જે કહેવાય છે તેની પાછળ રહસ્ય છે સોનું લાબા સમય સુધી ટકે છે એમ જે વસ્તુ જૂની થઈ છે તે લાબા કાળ સુધી ટકી રહી છે જો તે કથિર જેવી હોત તો ક્ષણજીવી-અ પ સમયમા નાશ પામનારી હોત, તેમ નથી બન્યુ માટે તે પોતાની જાતની વસ્તુઓમા સોના સમાન છે તા ૪-૬-૧૯૫૭

(૩૧૬)

કસોટીથી કિમત અકાય છે

તમારી કોઈપણ કળાની વાસ્તવિક કિંમત શુ છે? એ જાણવુ હોય તો તેને કસોટીમા મૂકવી કસોટીમાથી કઈ રીતે પસાર થાય છે તેના પર તેની કિમતનો આધાર છે તા ૪-૬-૧૯૫૦

(૩૧૭)

મૃત્યુ ભયકર શાથી લાગે છે ?

માણુસને મૃત્યુ ભયકર લાગે છે તેમા મુખ્ય કારણ એ પણ છે કે તે (મૃત્યુ) અહિંનું જે કાઈ છે તેને ઝુટવી લે છે એ પ્રત્યક્ષ જણાય છે અને પાછીથી શુ મળવાનુ છે તેની કાંઇપણ ખબર પડતી નથી જો પછીથી અમુક મળવાનું છે એ ખબર પડી જાય તો મૃત્યુ લાગે છે એટલુ ભયકર ન લાગે કેટલાકને તો આશીર્વાદ સમાન કેમને કેટલાકને અતિ ભયકર લાગે તા ૪-૬-૧૯૫૭

(૩૧૮)

ઇચ્છા એ કાંટો છે

ઇચ્છા એ કાંટો છે, એ એવો કાંટો છે કે તે પૂર્ણ થતાં જ વિશેષ તીક્ષ્ણ બને છે અને વધારે ખૂંચે છે. યુક્તિપૂર્વક તેને જુદો કરી નાખવામાં આવે તો જ એ ખૂંચતો નથી. એ કાંટાને જુદો કેમ કરવો એ યુક્તિ ખાસ શીખવા જેવી છે. બાકી તેને તીક્ષ્ણ બનાવવાની ટેવ તો અનાદિ કાળથી ચાલુ છે જ. તા ૪-૬-૧૯૫૩

(૩૧૯)

યાદ-મીઠી અને કડવી

સુખના દિવસોમાં દુઃખની યાદ મીઠી લાગે છે અને દુઃખના દિવસોમાં સુખની યાદ કડવી લાગે છે. તા ૪ -[illegible]

(૩૨૦)

અનુરૂપ અને પ્રતિરૂપ

એકની એક વસ્તુ જુદા જુદા દૃષ્ટિકોણથી [illegible] ત્યારે જુદી જુદી ભાસે છે. વસ્તુ એની એ [illegible] જુદા જુદા કાર્ય પરત્વે તેનો ઉપયોગ જુદો જુદો થાય [illegible] અનુરૂપ હોય છે અને પ્રતિરૂપ પણ હોય છે. એ [illegible] અનુરૂપ અને પ્રતિરૂપ હોય છે. કોઈ વ્યક્તિ-વિશેષ [illegible] માત્રથી સર્વને માટે પ્રતિરૂપ બનતી નથી [illegible] અનુરૂપ હોવા માત્રથી સર્વને માટે [illegible] જણાતી વ્યક્તિ કયા કાર્યને માટે [illegible] અનુરૂપ [illegible] જાણવાથી તેને સહકારમાં વશ કરી [illegible] અનુરૂપ વ્યક્તિ પણ સહકારમાં [illegible]

(૩૨૧)

વ્યક્તિની સાચી ઓળખાણ

કોઈ એક વ્યક્તિને આપણે જોઈએ ત્યારે તે અમુક પ્રકારની જણાશે અને જ્યારે જુદી જુદી વ્યક્તિઓએ આપણે જોએલી તે જાણેલી વ્યક્તિનો પરિચય કર્યો છે તે વ્યક્તિઓ પાસેથી આપણે પ્રથમ વ્યક્તિનો પરિચય મેળવીએ ત્યારે દરેકનો પરિચય કોઈને કોઈ જુદા પ્રકારનો આવશે દરેક પરિચય આપનાર વ્યક્તિઓ પ્રમાણિક હોવા છતા મતભેદમા જે ભેદ આવે છે તે ભિન્નભિન્ન દષ્ટિબિંદુને કારણે છે બધાનુ દષ્ટિબિંદુ એક ને એક સરખુ થઈ જાય તો ભેદ પડે નહિ, પણ એમ થવુ દુ શકય નહિ પણ અશકય છે એટલે પોતાના મતવ્યને એક દષ્ટિબિંદુ જેટલુ મહત્ત્વ આપવુ એ હિતકર છે એક દષ્ટિબિંદુને સંપૂર્ણ માની લેવાથી પરિણામે મોટુ નુકસાન બને પરે થાય છે સત્ય તો સમસ્ત દષ્ટિબિંદુ પોમા છપાએલુ છે અને તેનો સમન્વય સર્વજ્ઞ જ કરી શકે છે

તા ૭-૬-૧૯૫૭

(૩૨૨)

પ્રશસા પચાવવી મુશ્કેલ છે

પોતાની નિંદા સાભળીને નિંદા કરનાર પ્રત્યે હૃદયમા પણ નાખુશ નહિ થનારા જગતમાં જડી આવશે પણ પોતાની પ્રશસા સાભળીને મનમાં ખુશ નહિ થનારા મળવા મુશ્કેલ છે

તા ૮-૬-૧૯૫૭

(૩૨૩)

એ કાઇ બહુ ખોટુ નથી

નિજપ્રશસા અને પરનિંદા એ બેમા જગતને બીજાનો વળગાડ વધારે છે એ વળગાડ છોડાવવા માટે કદાચ પહેલીનો સમાગમ રાખવો પડે તો તે કાઇ બહુ ખોટુ નથી

તા ૮-૬-૧૯૫૭

(૩૨૪)

નિન્દા કરતા પ્રશંસા કેમ સારી છે?

ગમે તેની નિંદા કરવામાં આવે, પણ તેમાં દુર્ગુણો સાથે પરિચય સાધવો પડે છે જ્યારે પ્રશંસા–ગમે તેની કરવામાં આવે પણ તેમાં પરિચય ગુણો સાથે રહે છે તા ૮–૬–૧૯૫૭

(૩૨૫)

કયા પ્રકારમાં છો?

૧ સ્વનિંદા ને પરપ્રશંસા ૨ પરનિંદા ને સ્વપ્રશંસા
૩ સ્વનિંદા ને સ્વપ્રશંસા ૪ પરનિંદા ને પરપ્રશંસા

એ પ્રમાણે નિંદા અને પ્રશંસાને આશ્રયીને ચાર ભાંગા પડે છે તેમાં પ્રથમ પ્રકારમાં વિરલા હોય છે બીજા પ્રકારમાં તો ગણ્યા ગણાય નહિ એટલા મળી આવે છે ત્રીજા અને ચોથા પ્રકારમાં પણ થોડા ઘણા મળી આવે છે પોતે કયા પ્રકારમાં છે? તે વિચારીને ઉત્તમ પ્રકારમાં જવા માટે પ્રયત્નશીલ બનવું જરૂરી છે તા ૮–૬–૧૯૫૭

(૩૨૬)

મિથ્યાત્વી બાહ્ય સુખે સુખી હોય તે ઇષ્ટ નથી

મિથ્યાદૃષ્ટિ જીવ જ્યારે સુખી હોય છે ત્યારે બમણો અનર્થ થાય છે એક તો તે સુખ ભોગવીને પોતાનું પુણ્ય ખતમ કરતો હોય છે અને નવું પાપ બાંધતો હોય છે બીજું તેને જોઈને બીજાને પણ પાપ પ્રત્યે અનુરાગ જાગે છે ને અરુચિ તો જ થતી જ નથી એટલે મિથ્યાદૃષ્ટિ આત્મા અભ્યન્તર રીતે સુખી બને એમ ઇચ્છાય પણ બીજે પ્રકારે ઇચ્છાય નહિ તા ૮–૬–૧૯૫૭

(૩૨૭)

વિશિષ્ટ

સંસારમાં ... નથી કે જ્યાં જ્યા

समय એક મરખો ટકી રહે છે આ રિયતિ પ્રત્યક્ષ છે એટલે જ વિશિષ્ટ જ્ઞાનીઓને—જ્યારે કોઈ જીવ સમારમાં સુખની અવરથા માટે કોઈ પણ પ્રયત્નો કરતો જોવામાં આવે છે ત્યારે—રમુ આવે છે

જેમ રેતીના દગલામા રમ્ય રમ્મત રમતા બાળકને જોઈને પડીલને આવે તેમ તા ૯-૬-૧૯૫૭

(૩૨૮)

સમકિતીનુ દુખ

સમકિતી જીવ દુખી હોય ત્યારે કેટલીક વખત તેને ધર્મ કરતો જોઈને કેટલાકને એમ થાય છે કે આ આવો ધર્મી જીવ દુખી કેમ? એથી કેટલાક બારે કર્મને ધર્મ તરફ અશ્રદ્ધા જન્મે ને તેઓ બીજાને પણ અધર્મ તરફ ખેંચે ધર્મ પ્રત્યેની રુચિ ઓછી કરાવે—આ સર્વ જનતા છતા સમકિતી જીવ પોતે પોતાના ઉદયમા આવેલા કર્મને એટલી શાંતિથી ભોગવતો હોય છે કે તેને તો કર્મની નિર્જરા જ થાય છે એટલુ જ નહિ પણ વિવેકી આત્માઓને એથી ધર્મની પ્રાપ્તિ થાય છે તા ૯-૬-૧૯૫૭

(૩૨૯)

મિથ્યાદૃષ્ટિનુ દુખ

મિથ્યાદૃષ્ટિ જીવ દુખી હોય ત્યારે તે શાંતિથી દુખ સહન કરતો નથી પણ દુખો દૂર કરવા માટે પાપાચાર ન કરવાના પ્રયત્નો કરતો હોય છે પણ તેના ગાઢ કર્મનો એમ અત આવતો નથી અને નવા કર્મો વધે જ જાય છે એથી તેને પોતાને તો ગેરલાભ જ થાય છે બાકી કોઈ અતિપાપીને બાદ કરતા અન્યને તેની સ્થિતિ જોઈને પાપ પ્રત્યે ખરેખર નફરત જાગે છે જગતમા પાપના પ્રકટ પરિણામોના ઉદાહરણ રૂપે આવા ગાઢ મિથ્યાત્વના ઉદયવાળા દુખી જીવો જ ઉપયોગી પડતા છે તા ૯-૬-૧૯૫૭

(૩૩૦)

શુ તારો સૂર્યની સ્પર્ધા કરી શકે?

તારો ચમકે છે પણ તે સૂર્ય જેવુ તેજ જરી પણ પાથરી શકતો નથી એટલે તારો એ તારો છે અને સૂર્ય એ સૂર્ય છે સૂર્યના પ્રકાશ આગળ તારાએ પોતાનું અસ્તિત્વ બનાવવા પ્રયત્ન કરવો એ બાલિશતા છે કેવળજ્ઞાની અને છદ્મસ્થ એ બન્નેમાં સૂર્ય અને તારા જેટલુ અંતર છે છદ્મસ્થ ગમે તેટલો આગળ વધે તેમાં કાંઈ બાધ નથી પણ તે કેવળજ્ઞાનીની સ્પર્ધા તો ન જ કરી શકે છદ્મસ્થનો પ્રકાશ એકદેશીય હોય છે જ્યારે સર્વજ્ઞનો પ્રકાશ સર્વદેશીય હોય છે સર્વજ્ઞના પ્રકાશ સમક્ષ જ્યારે કોઈ છદ્મસ્થ પોતાનો પ્રકાશ પાથરવા પ્રયત્ન કરે છે ત્યારે તે પ્રયત્ન કેવો વાહિયાત છે એ કહીને સમજુને સમજાયા વગર રહેતી નથી. તા ૨૭-૬-૧૯૫૭

(૩૩૧)

ચીડીયલ બનવુ સારૂ નથી

ચીડ એ સારી ચીજ નથી અને તેજ સારી ચીજ છે એટલે તેજસ્વી બનવુ પણ ચીડિયા બનવુ નહિ તેજસ્વી પાસે અનિષ્ટ આવતા ડરે છે અને ઇષ્ટ સહજે આવે છે જ્યારે ચીડિયા પાસેથી ઇષ્ટ અને અનિષ્ટ બન્ને દૂર થાય છે તા ૨૭-૬-૧૯૫૭

(૩૩૨)

કેવળ નિયંત્રણ કરતા નિયમો સારા નથી

નિયમથી નિયંત્રણ આવે છે અને વ્યવસ્થા પણ આવે છે વ્યવસ્થા આવે એવા નિયમો આવકાર્ય છે પણ વ્યવસ્થા ન આવતી હોય અને કેવળ નિયંત્રણ જ આવતુ હોય તો તેવા નિયમો આવકાર્ય નથી, એવા નિયમોથી એવા પ્રત્યાઘાતો જન્મે છે કે જેને પરિણામે રહી-સહી થોડી ઘણી પણ વિનય પામી જાય છે

નિયમો મોટે ભાગે વ્યવસ્થા પ્રેરક હોય છે તેથી મ પુરુષો તે માટે પ્રેરણા કરતા હોય છે તા ૨૭-૬-૧૯૫૭

(૩૩૩)

ભય અન્દર છે.

અ દરનો ભય જેણે દૂર કર્યો છે, તેને કોઈનો પણ ભય નથી જ્યારે કોઇએ પરિચય કેળવીને ભયજનક પદાર્થોનો ભય ..ર કર્યો હોય તેથી તે નિર્ભય છે એમ માની લેવુ નહિ એવા નિર્ભયને પણ જેથી એ પરિચિત નથી તેનો ભય લાગે જ છે નાગને રમાડ નારા ઊદરથી ડરતા હોય છે એટલે નિર્ભય થવુ હોય-ખરેખર નિર્ભય બનવુ હોય તો અન્તરમાથી ભયને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ તા ૨૭-૬-૧૯૫૭

(૩૩૪)

ઉતાવળથી પરિણામે હાનિ થાય છે

ઘણી વખત ઘણા માણસો ઉતાવળા થઈ જાય છે થોડી પણ ધીરજ ધારણ કરી શકતા નથી ઉતાવળનુ પરિણામ મોટે ભાગે અનિષ્ટ આવતુ હોય છે અકસ્માત્ કોઈક વખત ઉતાવળ ક વાથી લાભ થઇ ગયો હોય તો તે લાભને લાભ ગણાવવો એ વ્યાજબી નથી ઉતાવળ ન કરી હોત તો લાભ ન મળત ઉતાવળ કરી તેથી લાભ મળ્યો એમ માનવુ એ મૂર્ખતા છે મળેલો કોઈક લાભ પણ ઉતાવળ ક વાની ટેવ પડયા પછી ચાલ્યો જાય છે અને અનેક ગેરલાભો થાય છે તા ૧૧-૭-૧૯૫૭

(.૫૫)

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવને વિચારવા

જીવનમા અમુક અસરો દ્રવ્યજનિત હોય છે, અમુક અસરો ક્ષેત્રજનિત હોય છે અમુક અસરો કાળજનિત હોય છે, અમુક અસરો ભાવજનિત હોય છે તો અમુક અસરો સાયોગિક હોય છે આ સર્વ

અમરોનું પૃથક્કરણ યથાશક્ય કરવું આવશ્યક છે અનુરૂપ અમરો રાખવી હોય—વધારવી હોય તો તે અમરો જેથી જન્મી હોય તેની રક્ષા અને વૃદ્ધિ કરવી આવશ્યક છે અનનુરૂપ—અનુકૂળ ન હોય એવી અમરો દૂર કરવી ઓછી કરવી હોય તો તે અમરો જેથી જન્મતી હોય તેને દૂર કરવા અથવા ઓછા કરવાની આવશ્યકતા ? જો એમ ન કરવામા આવે કે એમ ન થાય તો અમરોમા ફેરફાર પણ ન થાય એ સ્વાભાવિક છે પછી અમરોમા ફેર કેમ નથી પડતો એવા વિફળ વિચારો કરવાથી શુ ? કારણાધીન કાર્ય છે તા ૧૨-૭-૧૯૫૭

(૩૩૬)

માન દૂર કરવાનો ઉપાય

તુ માન કે ન માન પણ માન એ તારા માટે મારી ચીજ નથી, તને કોઈ માન આપે છે એ ગમે પણ એજ તારા માટે એક વખત દુઃખદાથી બનશે જો તને માન ન ગમતુ હોય તારે માનને દૂર કરવુ હોય તો તેનો સરળ માર્ગ એ છે કે તુ બીજાને માન આપતા શીખ એથી તારામાથી માન ઓછુ થતુ જશે બાકી માન અભિમાન અને અપમાન એ એક જ વસ્તુના પાસા છે એમ ચોક્કસ માનજે

તા ૧૨-૭-૧૯૫૭

(૩૩૭)

ઔષધ મીમાસા

અનત વ્યાધિઓ છે છતા તે વ્યાધિઓની કક્ષાઓ કરવાથી તે ગણી શકાય છે અને તેના ઉપચારો થઈ શકે છે સર્વ વ્યાધિઓ અને તેના યથાર્થ ઉપચારનુ જ્ઞાન તો સર્વજ્ઞ પરમાત્માને જ હોય છે બીજા તો તેના કથન પ્રમાણે પોતાના વ્યાધિ દૂર કરવા અને અન્યને યથાશક્ય દૂર કરાવવા યત્ન કરે છે આ સ્થિતિમાં ભ્રમ ના[illegible] એમા થાય અને કહે કે મને આ ઔષધથી લાભ થયો તો કોઈ કહે કે મને આ અમુક ઔષધથી લાભ થયો, તો તે બને સાચા

તેઓ જ્યારે એમ કહે કે આ વ્યાધિ માટે આ ઔષધ જ બરાબર છે પણ પેલુ જે બીજા ભાઈ કહે છે તે બરાબર નથી—તો તે મિથ્યા છે બ તે ઔષધો બરાબર છે એજ શા માટે વ્યક્તિ ભેદે ગણનાતીત ઔષધો એક જ પ્રકારના હોવા છતા તેનો વ્યક્તિત્વમાં ઉતરીએ તો તે સર્વ કરતા ભિન્ન છે એટલે એ વ્યાધિ દૂર કરવાનુ ઔષધ પણ એકજ પ્રકારનુ હોવા છતા એ બીજા જે એ પ્રકારનું ઔષધ લેતા લેતા હોય છે તે કરતા જુદુ પડે છે એટલે આ ઔષધ છે કે વ્યાધિ વધારનાર દુ પથ્ય છે એટલો નિર્ણય કરવો આવશ્યક છે અને ઔષધ હોય તો પોતાને તેથી લાભ થયો છે એટલુ કહેવુ પૂરતુ છે આ વ્યાધિ માટે આ–આ ઔષધો સર્વજ્ઞ પ્રતિપાદિત છે એમ કહેવુ એ પણ તથ્ય છે બાકી ઔષધ પણ કોઈક વખત કોઈને માફક ન આવ્યું હોય ન આવતુ હોય તો તેથી તેને તે માટે આગ્રહ કરવો વ્યાજબી નથી

તા ૮–૮–૧૯૫૭

(૩૩૮)

કરવા યોગ્ય અવશ્ય કરવુ

છતી શક્તિએ કરવા યોગ્ય ન કરવુ એ મહાદોષ છે જો કે એક સાથે બે કાર્ય એક જણ કરી શકતો નથી એક વખતે એક કાર્ય ચાલતુ હોય છે એક કાર્ય ચાલતુ હોય ત્યારે બીજુ કાર્ય ન કરી શકાય એ પણ સમજી શકાય એવુ છે અમુક સ્થિતિમા એક કાર્ય કર્યા પછી થાક ઉતારવા માટે વિશ્રાંતિ લેવી પણ જરૂરી બને છે યોગ્ય વિશ્રામ લીધા પછી કરણીય કરવામા વેગ અને સ્થિરતા વધે છે આ સર્વ છતા ઘણી વખત ઘણા માણસો અનેક પ્રકારના પ્રમાદને વશ બનીને કરણીય કરતા નથી કરણીય ન કરવુ એ મહાદોષ છે

વ્યવહારમા જોઈએ તો સ્પષ્ટ જણાશે કે કરણીય ન કરવામા આવે તો કેટના વ્યવહારો અટકી પડે–ગુચવાઈ જાય માટે કરણીય કામા પ્રમાદ ન કરવો એથી મહાન લાભ પ્રાપ્ત થાય છે

તા ૮–૮–૧૯૫૭

ફળ જોવાની દૃષ્ટિ

કોઈ પણ કાર્ય કરતા હો ત્યારે ને કાર [illegible] ગેરલાભ આપનાર છે તેનો પ્રથમ વિચાર કરેલો [illegible] કરે છે તુરત જ કરે છે એ નિર્વિવાદ છે એમ [illegible] અમુક દિન મનમાં કલ્પી રાખ્યુ છે તે થશુ કે [illegible] વિચાર કર્યા કરે છ, તેથી હિતકર કાર્યથી જે હિ[illegible] જોઈ શકતો નથી અને આ કાર્યમાં કાંઈ ફળ [illegible] પ્રત્યે અશ્રદ્ધા જ આવે છે

એટલુ વ્યાજબી ગણાવી શકાય કે તેને [illegible] કરવાની છે તે માટે આ ઉપયુક્ત ન બનતુ હોય, [illegible] બીજુ કોઈ ઉપયુક્ત હોય તેનો સ્વીકારે — [illegible] છોડી દેવામાં આવતું હોય તો તે જરી પણ [illegible] નબળા સાધનો ફળ તો આપે જ છે [illegible] ખીલવવાની જરૂર છે એ દૃષ્ટિ મહેનત કરતું [illegible]

[illegible]

(૩૪૦)

સોનાને પિત્તળ અને પિત્તળને [illegible] ભૂલ કરતા નહિ

મારી પાસે એક પીળી ચીજ છે તે [illegible] મેળવી છે અને તેને હું સોનુ માનું છુ [illegible] સોનુ નથી–પિત્તળ છે જાણકારો [illegible] નથી તેઓ કેવળ હું પિત્તળને સોનું [illegible] દૂર કરવા માટે કહે છે આ સ્થિતિમાં [illegible] પિત્તળને સોનું માનીને પિત્તળને પિત્ત[illegible] લુચ્ચા–ઠગારા કહું છુ ને પિત્તળને [illegible] છુ પણ મને મારી ભૂલ ત્યારે [illegible]

પિત્તળી અણુીને વખને મારી ખરી જરૂરીઆતને સમયે બજારમા વેચવા રીકળુ છુ બજારમાં તેની કાંઈ પણ કિંમત ઉપજતી નથી, લેનારા કહે છે કે આ તો પિત્તળ છે ત્યારે મને જો હુ સ્વસ્થ હોઉં તો પૈના સજ્જનોનું વચન યાદ આવે છે જો હુ સ્વસ્થ ન હોઉં તો તે પણ યાદ આવતુ નથી પછી તો હુ પણ મારી જરૂરીઆત પૂરી કરવા માટે બીજો એક ઊધો માર્ગ લઉં છુ તે એ કે બીજા કોઈ ભોળા માણસને એ પિત્તળ સોનું કહીને પધરાવી દઉં છુ બંદ લોકો મારી જાળમા ફસાય છે અને મારુ ગાડુ ગબડયે જાય છે

બીજી બાજુ મારી પાસે સોનું છે તે મે પૂરા પ્રમાણિક આત્માઓ પાસેથી પૂરી કિંમત ચૂકવીને લીધુ છે છતા કેટલાક તેને કહે છે કે આ તો પિત્તળ છે તુ છેતરાયો છે મને ખાત્રી છે કે આ પિત્તળ નથી આપનારા સજ્જનો મને કદીપણ છેતરે નહિં, તેઓ પિત્તળને સોનુ કહીને ક્યારે પણ ન જ આપે છતા મને કેટલાક કહે છે કે—તુ ઠગાયો છે, છેતરાયો છે મને તેઓ વારવાર એ પ્રમાણે કહે છે અને બતાવે છે કે સોનુ તો આ કહેવાય! તેઓ પોતાના પિત્તળને ગીલીટ કરીને ચળકાવે છે ચળકાવે છે અને મને ભ્રમમા નાખે છે ભોળપણને કારણે હું ફસાઈ પડું છુ સાચા સોનાને વેડફી નાખુ છુ અને તેમના બતાવેલા પિત્તળને લઇ લઉં છુ મારે એ પિત્તળ લેતા થોડી રાહ જોવી જોઈએ જેઓને હું મારા હિતસ્વી માનતો હોઉં તેમને પૂછવુ જોઈએ તેમની સલાહ લેવી જોઈએ, પણ હું એ કાંઇ કરતો નથી અને પાછળથી જ્યારે ખરો અવસર આવે છે ત્યારે પસ્તાવો કરુ છુ પણ એથી શુ? હવે તો જાગ્યા ત્યારથી સવાર આત્મિક દૃષ્ટિએ બધુ સમજવાનુ છે

તા ૮-૮-૧૯૫૭

(૩૪૧)

કરણીયને અકરણીય માનવુ નહિ

તમારી શક્તિની અલ્પતા હોય કે અન્ય કોઈ વિચિત્ર સયોગો હોય તેથી તમે કોઈ કરવા યોગ્ય કાર્ય કરી શકતા ન હો, ત્યારે તમને

કોઈ જ્ઞાની કરવા યોગ્ય કાર્ય કરવા માટે કહે–વારંવાર કહે એ વખતે તમે એમ કદી પણ ન વિચારતા કે–હવે આ કાર્યમાં કરવા જેવું શું છે? એમ પણ ન કહેતા કે આ કાર્ય કરણીય નથી માટે નથી કરતો કરણીય ને અકરણીય માનવામાં કે કહેવામાં મોટો ગેરલાભ થાય છે એમ નક્કી માનજો તા ૮–૮–૧૯૫૭

(૩૪૨)

દરેક ગુણની સામે દોષ છે

દરેક ગુણ તેની સામેના એક એક દોષને દૂર કરે છે જેમ જેમ ગુણ વધતા જાય છે તેમ તેમ દોષ ઘટતા જાય છે અને જેમ જેમ ગુણ ઘટતા જાય છે તેમ તેમ દોષ વધતા જાય છે તા ૮–૮–૧૯૫૭

(૩૪૩)

સ્પ્રીંગ જેવા દોષોને દબાવો નહિ પણ મૂળમાથી કાઢી નાખો

દોષ દબાએલા હોય અને ન નડતા હોય તેથી તે દૂર થઈ ગયા છે એ માનવુ નહિ એમ માનવુ મહામૂર્ખતા છે સ્પ્રીંગની જેમ દબાએલા દોષ જ્યારે ઉછળે છે ત્યારે તેનો વેગ કોઈ જુદો જ હોય છે તે દોષ એવડી હાનિ કરે છે કે તે કલ્પી શકાતુ નથી માટે દોષો દબાવવા કરતાં નિર્મૂળ કરવા પૂરો પ્રયત્ન કરવો હિતકર છે

તા ૮–૮–૧૯૫૭

(૩૪૪)

ક્યાં અને ક્યાંથી

નવરા માણસોને સમય ક્યાં કાઢવો અને કામવાળા માણસોને સમય ક્યાંથી કાઢવો એની મુઝવણ થતી હોય છે તા ૧૩–૮–૧૯૫૭

(૩૪૫)

પ્રસંગે વસ્તુનો મોહ મારે છે

કિંમતી વસ્તુને નડવા કારણસર વેડફી નાંખવી એ જેમ મૂર્ખતા

છે તેજ પ્રમાણે મહત્ત્વના કારણ પ્રસંગે વસ્તુનો મોહ રાખવો એ પણ મૂર્ખતા છે ता १३-८-१९५७

(૩૪૬)

કાર્ય બરાબર કેમ થાય એ શીખવા જેવુ છે

આ કાર્ય મે કર્યુ છે માટે બરાબર જ એમ માનવાનો આગ્રહ ઘણા ખરા સેવતા હોય છે એવા આગ્રહથી કાર્ય બરાબર કેમ થાય એ કદી પણ શીખી શકાતુ નથી માટે કાર્ય બરાબર કરતા શીખવુ હોય તો એવો આગ્રહ તુરત જ છોડી દેવો ता १३-८-१९५७

(૩૪૭)

સમજણ દરેકમાથી મેળવી શકાય છે

લેતા આવડે તો પાણીનો પરપોટો પણ કાંઈક સમજણ આપી જાય છે અને લેતા ન આવડે તો મોટા મોટા વિદ્યાલયો પણ કોઈ સમજણ આપી શકતા નથી ता १३-८-१९५७

(૩૪૮)

કાર્ય કુશળ બનવાનો ઉપાય

કોઈપણ કામ કર્યા પછી તેની પરીક્ષા તેના જાણકાર પાસે કરાવવી અને જાણકાર એ સમ્બન્ધમા જે સૂચના આપે તે લક્ષ્યપૂર્વક ગ્રહણ કરવી અને ભૂલ સુધારવા પ્રયત્ન કરવો પણ ઉપેક્ષા કરવી નહિ આ કાર્યકુશળ બનવાનો સચોટ અને સુન્દર ઉપાય છે

ता १३-८-१९५७

(૩૪૯)

કોણ કોને હસે છે?

ડાહ્યા માણસો મૂર્ખ માણસોની મૂર્ખતા ઉપર હસે ત્યારે મૂર્ખ માણસો ડાહ્યા માણસોના ડહાપણ ઉપર હસે છે ता १३-८-१९५७

(૩૫૦)

કાજળ

દીવો કાજળ કાઢે છે અને અંધારૂ ઓકે છે (એક ઉપેક્ષા)
તા ૧૩-૮-૧૯૫૭

(૩૫૧)

વ્યક્તિત્વ

ક્ષુદ્ર જંતુઓ પણ ક્યારેક પોતાનું વ્યક્તિત્વ દર્શાવવા જીવ ઉપર આવી જાય છે
તા ૧૩-૮-૧૯૫૭

(૩૫૨)

કોઈને હસતા વિચાર કરજો

તમે કોઈને હસતા હો ત્યારે તમને કોઈ હસી રહ્યું છે એમ જરૂર માનજો
તા ૧૩-૮-૧૯૫૭

(૩૫૩)

હાસ્યાસ્પદ

તમારે જો હાસ્યાસ્પદ ન બનવુ હોય તો તમે બીજાને હાસ્યાસ્પદ બનાવવાનું છોડી દો
તા ૧૩-૮-૧૯૫૭

(૩૫૪)

અપાયને વિચારવા

જેટલો વિચાર સ્વાર્થ સાધવા અંગે કરવામા આવે તેના સોમા ભાગનો વિચાર પણ જો સ્વાર્થ સાધવામા આવતા અપાય અંગે કરવામાં આવે તો ખૂબ લાભ થાય
તા ૧૩-૮-૧૯૫૭

(૩૫૫)

પછીથી પસ્તાવુ ન પડે

કોઈપણ પ્રયત્ન કરતા પહેલા યથાશક્ય એટલો વિચાર કરવો આવશ્યક છે કે પ્રયત્ન કર્યા પછી એમ ન કહેવુ પડે કે એવો વિચારે ન આવે કે આ પ્રયત્ન કર્યો ન હોત તો સારૂ થાત

કેટલાક પ્રયત્નો કરવા પડે છે જ્યારે કેટલાક પ્રયત્નો જીવ વ્યર્થ-પરાણે કરે છે, અને પાછળથી પસ્તાય છે

તા ૧૩-૮-૧૯૫૭

(૩૫૬)

વિચારવુ-પણ શુ?

ભૂલા પડેલા માર્ગમા માર્ગ દેખાડનાર માર્ગ બરાબર દેખાડે છે કે નહિ એ જરૂર વિચારવુ પણ એ દેખાડનાર કોણ છે? કેવો છે? એ બધુ નકામુ વિચારવુ નહિ

તા ૧૩-૮-૧૯૫૭

(૩૫૭)

પ્રાણવાન્ અને પ્રાણહીન

પ્રલોભનથી કે બળજબરીથી બીજા પાસે કાર્ય કરાવી શકાય છે પણ તેમા પ્રાણ પૂરાવી શકાતા નથી પ્રાણ તો કાર્ય પ્રત્યેનો પ્રેમ જાગે ત્યારે જ પૂરાય છે પોતાથી થતુ કાર્ય જ્યારે પ્રીતિપૂર્વક થાય છે ત્યારે તે પ્રાણવાન્ બને છે અને નથી હોતુ ત્યારે કાર્ય પ્રાણહીન થાય છે

તા ૧૪-૮-૧૯૫૭

(૩૫૮)

યોગ્યતા જાળવવી

યોગ્ય પદાર્થ યોગ્ય રીતે યોગ્ય પાસે આવે છે ત્યારે તેની યોગ્યતા જળવાઈ રહે છે અને તે લાભ પણ સારો આવે છે ઉપરના ત્રણમા એક પણ ન દવાઈ જાય છે ત્યારે પરિણામમા ફેર પડી જાય છે

તા ૧૫-૮-૧૯૫૬

(૩૫૯)

સારી બાજુ અને ખરાબ બાજુ

પોતાની સારી બાજુ તપાસવાની જે ટેવ છે તે સારી બાજુ જો ખરેખર સારી હોય તો ટેવ સારી છે બાકી એમ ન હોય તો જોયા

કરીએ તો તેથી કાંઈ લાભ નથી બીજુ બાજુ પોતાની ખરી-ખોટી બાજુ પણ તપાસવી જોઈએ જો એ ત ક લક્ષ્ય નહિ ગ્રાવવામા આવે અને એમજ માન્યા કરાશે કે અમારામા કોઈપણ એવુ [illegible] છેજ નહિ તો તેથી બીજાને નૂકશાન થશે તે કરતા તમને પોતાને [illegible] ભયકર નૂકશાન થશે તા. ૧૫-૮-૧૯૬૭

(૩૬૦)

સ્થિરતા અને અસ્થિરતા

કેટલાક વધુ પડતા સ્થિર હોય છે તો કેટલાક વધુ પડતા અસ્થિર હોય છે એ બન્ને પરિણામે હિત સાધી શકતા નથી [illegible] સ્થિરતા હિતકર બને છ અને અયોગ્ય વિષયમા સ્થિરતા [illegible] બને છે એટલે અયોગ્યને છોડતા વિલબ ન કરવો અને [illegible] છોડવી નહિ એજ પ્રમાણે યોગ્ય વિષયમા અસ્થિરતા [illegible] એટલે અયોગ્યને છોડતા વિલબ ન કરવો અને યોગ્ય [illegible] નહિ એજ પ્રમાણે યોગ્ય વિષયમા અસ્થિરતા એટલી [illegible] બનતી નથી આમ છતા સ્થિરતા એ ગુણ છે અને [illegible]

કોઈ માણસ પોતાના સ્થિર સ્વભાવને [illegible] જ્યા પકડ ન રાખવી જોઈએ ત્યા પણ પકડ [illegible] ખરાબ સ્વભાવનો છે એમ માની લેવાની [illegible] એવી પકડમા કદાગ્રહ-દુરાગ્રહ ન [illegible] સ્થિરતાવાળાએ રાખવી જરૂરી છે

બીજી બાજુ કોઈ માણસ પોતાના અસ્થિર [illegible] છોડવા જેવી વસ્તુને એકદમ છોડી દે [illegible] એમ ન સમજવુ એણે તેના અસ્થિર [illegible] વસ્તુને છોડે છે તે કરતા ન છોડવા જેવી [illegible] સામે કોઈ માણસ સમજીને છોડવા જેવી [illegible] હોય તો તે અસ્થિર એમ માનવાની [illegible] નહિ

લાભદાયક વસ્તુ મળ્યા પછી તેમાં સ્થિર રહેનાર–દૃઢ રહેનારને કોઈ કહે કે આ તો આગ્રહી છે–દુરાગ્રહી છે એટલા માત્રથી તેણે ભ્રમમા પડવા જેવુ નથી એવા ભ્રમથી હાથમા આવેલી મહાન લાભદાયક વસ્તુ પણ સરી પડે છે એ જ પ્રમાણે નુકશાન કરનાર વસ્તુને તુરત જ છોડી દેનારને કોઈ કહે આ અસ્થિર છે એટલે તેણે તે વસ્તુ પકડી રાખવી નહિ

સાચા–ખોટાનો વિવેક કરતા શીખવુ પોતાને જો યથાર્થ સમજ ન પડતી હોય તો જાણકારને પૂછવુ પણ જે કરવુ તે યોગ્ય સમજ પૂર્વક કરવુ આ વાતમા અપવાદ એટલો જ છે કે વડીલના વિવેક ખાતર કદાચ વિપરીત–સામાન્ય વિપરીત કરવુ પડતુ તો તે પણ સમજીને કરવુ કે જેથી સમજ અને વિનયને અથડામણ ન થાય

તા ૨૨–૮–૧૯૫૭

(૩૬૧)

બન્ને પલ્લા સરખા રાખવા મહેલા નથી.

જ્યારે જ્યારે જીવન જોઉ છુ ત્યારે ત્યારે તેનુ કોઈપણ એક પલુ ઊંચુ અને બીજુ પલ્લુ નીચુ જ હોય છે તેને સરખા કરવા માટે પ્રયત્ન પણ બરાબર થતાં નથી અને ક્યારેક સામાન્ય પ્રયત્ન થાય છે તો તે કારગત થતા નથી બન્ને પલ્લાઓ સમતુલામા આવી જાય એવી ઇચ્છા રહે છે, એ સાધ્ય છે બસ એ થઈ જાય એટલે બસ બીજી કોઇ ઇચ્છા નથી આ ઇચ્છા સફળ થતી નથી માટે જ બીજી વિરૂપ ઇચ્છાઓ જન્મે છે એ બીજી ઇચ્છાઓ પ્રથમ ઇચ્છાને ઘણી વખત આઘીપાછી કરી મૂકે છે જો પ્રથમ ઇચ્છા પ્રબળવાળી થાય તો બીજી ઇચ્છાઓ ઘટતી જાય અને જતે કાળે નામ શેષ પણ થઈ જાય, જરૂર એકવખત બન્ને પલ્લાને સરખી હારમા–એક શ્રેણીમાં લાવવા છે ને તે બન્નેનો છેદ ઉડાડવો છે એ માટે ગમે તેવા ભગીરથ પ્રયત્નો કરવા પડે તો તે કરવા તૈયાર થવુ છે

જીવનની દોરી ઉપર ઝુલતા એ બે ૫ લાનું નામ છે-રાગ અને દ્વેષ એ ઊંચા નીચા થયા જ કરે છે એની સમતુલાએ છે-સમભાવ બસ એ આવે એટલે બસ તા. ૨૭-૮-૧૯૫૭

(૩૬૨)

ભૂતકાળની ભવ્ય સ્મૃતિ

ભૂતકાળની સોનેરી સ્મૃતિ જો વર્તમાન કાળના કર્તવ્યોમાં સહજ પણ પુરવણી ન કરતી હોય તો તે સ્મૃતિ પણ ભારભૂત જ છે વિડંબણા છે એવી સ્મૃતિ અનેક અનર્થોને જન્મ આપે છે એ અનર્થો ન જન્મે એવી થોડી પણ ઇચ્છા હોય તો વર્તમાનના યોગ્ય કર્તવ્યના વળાંક તરફ એ સ્મૃતિને વાળી લેવી નહિતર બચી શકાશે નહિ તા ૨૭-૮-૧૯૫૭

(૩૬૩)

અદ્ભુત આત્મા

આત્મા અદ્ભુત છે પણ તેની અદ્ભુતતાની ઝાંખી થવી એ મહેલી નથી એ અદ્ભુતના કોઈ પ્રસંગે જ જણાઈ આવે છે કોઈ પણ આત્માના અદ્ભુત પ્રસંગો જોતાં-સાંભળતાં-વાંચતાં-વિચારતાં એનું કોઈ અદ્ભુત કાર્ય કરવાનું મન થાય છે એ બીજનો વિકાસ વધતા વીર્યોલ્લાસ જાગૃત થાય છે અને એક વખત જે આત્મા અસમર્થ ગણાતો હતો તે અદ્ભુત બની જાય છે તા ૨૭-૮-૧૯૫૭

(૩૬૪)

ઉન્નતિ અને અવનતિ

તમને કેવી વાતો ગમે છે? તમને કેવું વાચન ગમે છે? તમને કેવા દશ્યો જોવા ગમે છે? આ સર્વ વિચારજો તેના ઉપર તમારા જીવનની ઉન્નતિ અને અવનતિનો આધાર છે જો તમને ગમે તે ખરાબ વાતો વગેરે ? ...ય તો જાણવું કે તમારું જીવન અધોગામી

છે અને જો તમને એમ તેના મારા પ્રસંગોમા આનદ આવતો હોય તો માનવુ કે તમારૂ જીવન ઊર્ધ્વમુખ છે

એકદર સારૂ કે નરસુ જોવા આદિનો આ વિચાર છે બાકી અતર ખરાબ જ જોનારા અને અતર સારૂ જ જોનારો સમારી જીવો મળવા મુશ્કેલ છે વર્તમાનકાળમા તમે કોઈની વાતો સાંભળતા હો કોઈને વાતો કરતા હો, છાપાં વગેરે વાચતા હો કે વિશ્વમા બનતા બનાવો પ્રત્યે દૃષ્ટિપાત કરતા હો તો તેમાથી તમે તારવણી કરી શકો છો કે જગતમાં મોટા ભાગના લોકો અધોમુખ છે તેમાંથી તમે તમને પોતાને બચાવી લેવા ઇચ્છતા હો તો કાળજી કેળવો અને ધીરે ધીરે જીવન ઊર્ધ્વગામી બને એવી રેખા પાડો સારી વાતો સાભળવી ખરાબ વાતો સાભળવાનો પ્રસગ આવે તો બનતા સુધી ટાળવો, ન જ ટાળી શકાય તેમ હોય તો તેમા બહુ રસ ન ગખવો બીજાને સારા પ્રસગોની વાતો રસમય રીતે સભળાવવી એવા સારા પ્રસગો વાંચવા સારા પ્રસગોમાં જવાનુ ચૂકવુ નહિ એમ કરતા નબળા પ્રસગો આપોઆપ ઘટી જશે અને તમારૂ જીવન ઊર્ધ્વમુખ બની જશે

તા ૩૧-૮-૧૯૫૭

(૩૬૫)

સીડી અને ખીણ

સદ્‌વિચારણા એ ચડવાની સીડી છે અને અસદ્‌વિચારણા એ પતન કરાવનાર ખીણ છે તા ૩૧-૮-૧૯૫૭

(૩૬૬)

કરવા યોગ્યમા ગેરસમજુતિથી હાનિ છે

તમને ન સમજાય અથવા તમને કોઇ ન સમજાવી શકે એટલા માત્રથી અકરણીય એ કરણીય અને કરણીય એ અકરણીય બની જતું નથી અકરણીય ન કરવામા અને કરણીય કરવામા હિત સમાયુ છે કેવળ બુદ્ધિને આગળ આગળ કરીને તેમાં ફેરફાર કરવાથી હિતને બદલે હાનિ થશે અને તે તમારે ભોગવવી પડશે તા ૩૧-૮-૧૯૫૭

(367)

શ્રદ્ધા અને બુદ્ધિ

શ્રદ્ધાના ક્ષેત્રમા બુદ્ધિને વધુ પડતી લબાવવાથી અયોગ્ય વ્યક્તિ ।। હાથમાં સુયોગ્ય કાર્ય સોપવાનું થાય છે ને તેથી કાર્ય વિણસે છે એ જ પ્રમાણે બુદ્ધિના ક્ષેત્રમાં વધુ પડતી શ્રધ્ધા રાખવાથી પણ બને છે એટલે સૌના ક્ષેત્રમા તેને કાય કરવા દેવુ પણ વિપર્યય કરવો નહિ તા 31-8-1957

(368)

શુ તમારે મરવુ ?

વધારે પડતી દલીલો કરીને તમારી અને બીજાની મતિને મૂઝવો તહિ એથી તમારા હાથમા કાંઈ નહિ આવે ! હાથમાં આવશે કેવળ નુકસાન અમે તો કહીએ છીએ કે 'ઝેરના પારખા ન હોય છતા તમે એની પણ પરીક્ષા કરવા માટે કાં હઠ પકડો છો તમારે મરવુ છે ? તા 31-8-1957

(369)

પગલુ ભરતા વિચાર કરજો

નજીવા કારણસર મોટુ નુકશાન થાય એવુ પગલુ ભરતા પહેલા પૂરો વિચાર કરજો પગલુ ભરવુ સહેલુ છે પણ તેના પરિણામો સહન કરવા સહેલા નથી એવા કેટલાક પરિણામો સહન કરતા દમ નીકળી જાય એવુ છે માટે કોઈપણ પગલાંના પરિણામનો વિચાર પ્રથમ કરી લેવો જરૂરી છે કે જેથી પરિણામ આવે તો પણ ગભરામણ ન થાય તા 1-9-1957

(370)

ફળ કલ્પના

કોઈપણ ખરાબ કાર્યનું ફળ વધુ પડતુ કલ્પવુ અને સારા કાર્યનું ફળ એક ૨ ઓછુ કલ્પવુ એ કાર્ય કરનાર માટે હિતાવહ છે

તા 1-9-19

(૩૭૧)

બંધ અને સબંધ

બંધ બાંધવો સરલ છે પણ સબંધ બાંધવો મુશ્કેલ છે બંધ ટકાવવો સહેલો છે પણ સબંધ ટકાવવો મુશ્કેલ છે બંધ તોડવો સહજ છે પણ સબંધ તોડવો દુષ્કર છે બંધના પરિણામો કરતાં સબંધના પરિણામો જોરદાર છે

સબંધમાં બંધ તો છેજ ને તેથી અધિક પણ છે બંધની પૂર્વે પડેલો સ' ને સાચા અર્થમાં સમજીને ટકાવતા આવડે તો સ-બં-ધ છે તે ન આવડે તો કેવળ બંધન છે તા ૧-૯-૧૯૫૭

(૩૭૨)

સાંભળવું

તમે જો તમારી વાત બીજાને સારી રીતે સંભળાવવા ઇચ્છતા હો તો બીજાની વાત સારી રીતે સાંભળતાં શીખો તા ૧-૯-૧૯૫૭

(૩૭૩)

રુચિ

મને આ વસ્તુ ફાવે છે ભાવે છે ને માફક આવે છે એમ માનવું, કહેવું એ વ્યાજબી છે પણ અમને કોઈ અમુક વસ્તુ ફાવતીને ભાવતી હોય, ને તેને માફક આવતી હોય તો તે ખોટો છે એમ માનવું કે કહેવું એ બરાબર નથી તા ૧-૯-૧૯૫૭

(૩૭૪)

કાર્યક્ષમતા

જીવનમાં ઘણાં કાર્યો કરવાના છે દરેકને દરેક કાર્યો આવડતા હોતા નથી જેને જે કાર્ય આવડતું હોય તે કાર્ય તેની પાસે કરાવવું કે તે કાર્ય તેને કરવા દેવું, એથી કાર્ય સારૂ થાય છે અને કાર્ય કરનારને ઉત્સાહ રહે છે બાકી જે વ્યક્તિને જે કાર્યની ફાવટ નથી

તેની પાસે તે કાર્ય કરાવવામા આવે કે તે વ્યક્તિ તે કાર્ય કરે તેથી કાર્યક્ષમતા આવતી નથી કાર્ય બગડે છે અને ધીરે ધીરે વ્યક્તિ નિરુત્સાહ બની જાય છે

તા ૯-૯-૧૯૫૭

(૩૭૫)

ખેચાણને તોડો

બાહ્ય ભાવનો ભોગવટો જુદી ચીજ છે અને ખેચાણ જુદી ચીજ છે બાહ્ય ભાવોનો ભોગવટો વગર ખેચાણે કરવામા આવતો હોય—કરવો પડતો હોય તો તેમા અભ્યન્તર પ્રગતિને બાધ પહોંચતો નથી

બાહ્ય ભાવના ભોગવટા વગર પણ જો ખેચાણ રહેતું હોય તો તેથી અભ્યન્તર પ્રગતિ અવરોધાય છે એટલે બાહ્ય ભાવના ભોગવટાને દૂર કરવા માટે જેટલુ લક્ષ્ય આપવામા આવે છે તેથી વિશેષ લક્ષ્ય તેના ખેચાણને તોડવા માટે આપવાની જરૂર છે

તા ૯-૯-૧૯૫૭

(૩૭૬)

આકર્ષણ વગરનો ભોગ અને ભોગ વગરનુ આકર્ષણ

બાહ્ય ભાવના આકર્ષણ વગરનો આત્મા જ્યારે [illegible] ભોગવટો કરે છે ત્યારે તેનો સમય તેના ભોગવટા પૂરતો [illegible] પણ તે બાહ્યભાવના આકર્ષણ વાળાના [illegible] સરખામણીમા નહિંવત્ છે બાહ્ય ભોગોના આકર્ષણ [illegible] કરે કે ન કરે પણ તેના વિચાર તરગો કરો [illegible] જાળની જેમ લાબા લાબા અને ગુચવણભર્યા [illegible] ભોગની પ્રાપ્તિની પૂર્વે-ભોગ સમયે અને ત્યા [illegible] કરાવીને જીવને ભોગનુ આકર્ષણ મારી નાંખે [illegible]

વગરનો ક્રમવશ મોગને પરવશ પડ્યો હોય તો પણ તેમાંથી ક્યારે છુટાય એમજ વિચારતો હોય છે ને તેથી તેવા આત્માનો બોજ સદન્તર નિબળ બની ગયો હોય છે તા ૯–૯–૧૯૫૭

(૨૭૭)

વિશ્વની વિચિત્રતા

જગત એટનુ તો વિચિત્ર છે કે આજે એને ઓળખ્યુ હોય ને કાલે ફરી તેને જોઇએ તો તદ્દન ફરી ગયુ હોય છે એ ક્ષણે ક્ષણે ફરે છે એ સ્થિર રહેતું જ નથી કેવળ કેટલીક સ્થૂળ સ્થિરતા ઉપર આધાર રાખીને ચલાવવુ પડે છે એમા ફસાએલો આત્મા પણ સ્થિર રહેતો નથી અને તેથી પોતાના આત્માને પણ સમજવો મુશ્કેલ પડે છે આજે જીવને જે ગમતુ હોય છે તે જ બીજે દિવસે ગમતું નથી અને બીજુ જ ગમે છે એથી પોતાના જીવને શુ ગમે છે એ પણ સમજાતુ નથી આવા જીવને શુ આપીને રીઝવવો એ એક કૂટ પ્રશ્ન થઈ પડેલો છે

૨૧। આ સ્વભાવ આત્માનો સ્વાભાવિક નથી જગતના સબંધને લઈને છે આત્માનો મૂળ સ્વભાવ તો ચોકકસ અને સ્થિર છે એટલે એ મૂળ સ્વભાવમાં આત્માને લઈ જવો હોય તો જગતથી તેને છૂટો પાડવો જોઇએ જેટલે જેટલે અંશે એ જગતથી પર થાય છે તેટલે તેટલે અંશે તેનામાં ચોકસાઈ અને સ્થિરતા આવતી જાય છે અને એ રીતે તેને મેળવવો સમજવો સહેલો થઈ પડે છે

પણ જગતની સાથે અનાદિ કાળથી એકમેક થઈ રહેલા આત્માને તેના સબધ પર કરવાનું કાર્ય સહેલુ નથી બળપૂર્વક છૂટો પાડવા જતા તૂટી જાય છે તેને તો યુક્તિથી અને રીતથી છૂટો પાડવો જોઇએ

ફક્ત આત્માને જગતથી છૂટો પાડવો છે એટલો જ નિર્ણય મનમાં

(૩૮૧)

કોઈની પણ ભૂલ ઉપર હસવું નહિ

હું બીજાની ભૂલ જોઈને હસું છું, પણ બીજો મારી ભૂલ જોઈ મલકે છે અમારા બન્નેની ભૂલો જોઈને કોઈ ત્રીજો રમૂજ માણે છે આમ ચક્ર ચાલ્યા જ કરે છે એમાથી છૂટવા માટે મારે કોઈની પણ ભૂલ જોઈને હસવું નહિ એ માર્ગ છે જ્યારે હું હસવું છોડી દઈશ ત્યારે મારી ભૂલ જોઈને હસનારા ઉપર મને ચીડ નહિ ચડે પણ એમ લાગશે કે તેઓ એક ભૂલ કરી રહ્યા છે મને મારી ભૂલ સુધારવાની તક મળશે ભૂલોનો પણ એ રીતે અન્ત આવશે પછી તો હસતા અને નહિ હસતા બધાનો દ્રષ્ટા બનવાનું સૌભાગ્ય હું મેળવીશ અને પરમ હાસ્યનો અનુભવ કરીશ તા ૨૭-૪-૧૯૫૭

(૩૮૨)

શાંત રસ

અન્ય સર્વ રસો એવા છે કે જેનો વધુ-પરિચય પરિણામે કંટાળો ઉપજાવે છે, જ્યારે એક શાંત રસજ એવો છે કે તેનો પરિચય જેમ જેમ વધે છે તેમ તેમ તેમા વિશેષ આહ્લાદ આવતો જાય છે

જે રસને માટે બીજા બધા રસોનું આયોજન થયું છે તે રસ તરફ જગત્ જ્યારે ઉપેક્ષા સેવે છે ત્યારે તે ખરેખર મૂઢ છે ભયંકર અજ્ઞાન છે એમ લાગે છે—એ રસ છે શાંતરસ તા ૨૭-૯-૧૯૫૭

(૩૮૩)

સુધારીને વાત કરો

આત્મિક માર્ગ તરફ જનારા આત્માઓની ભૂલો આધિભૌતિક [illegible]નારા જીવોને કેમ સમજાય? નજ સમજાય છતા તેઓ [illegible]ના પથિકોને ભૂલો બતાવે છે, કેટલીક વખત તો તે

કરૂ છુ ' પણ તમારો એ પ્રેમ કેટલા ટકા છે તે વિચારો હજુ તમારા હૃદયમા પ્રેમ પૂરો જાગ્યો નથી જો જાગ્યો હોય તો તમે એ વિષયમાં ઓછુ વત્તુ કરો એનો વાધો નહિ પણ તમને વિવેક તો જરૂર આવે

વિવેકપૂર્વક વિચાર કરો તો સમજાશે કે તમને જ્યા પ્રેમ છે ત્યા તમે કરી શકો તેમાનું કેટલુ કરો છો ? આ વિચાર કરશો એટલે તમે ક્યાં ભૂલો છો તે પકડાઈ જશે જરૂર–તમે થોડો ઘણો હિસ્સો અહિં આપો છો–જેટલો હિસ્સો આપો છો તેટલો પ્રેમ પણ મનાવી શકાય પણ તે નિર્દંભ અને નિર્વ્યાજ હોય તો એમ ન હોય તો તેને શુ કહેવુ એ પણ એક પ્રશ્ન છે તમારે પ્રેમ કેળવવાની જરૂર છે જ્યા સર્વસ્વ સમર્પણ કરવાની વાત છે ત્યાં ફેંકી દેવાની ચીજ આપીને તમે મ્હાના છો એ કેવુ વિચિત્ર છે તમે સમજો–ખરેખર સમજો કે તમે ક્યા છો કેવી ભૂલ કરી રહ્યા છો પ્રેમની ભૂલ મોટી ભૂલ છે એ સુધારો પછી જોઈ લ્યો કેવી મજા આવે છે

તા ૨૭–૯–૧૯૫૭

(૩૮૦)

મુશીબતોનો સામનો કરો

કેટલાક માણસો મૂઝવણોથી વિચિત્ર રીતે મૂઝાઈ જાય છે અને છેવટે જ્યારે મૂઝવણો દૂર કરવામાં અસફળ નીવડે છે, ત્યારે પ્રાણ ત્યાગ કરવાનુ વિચારતા હોય છે જો કે પ્રાણ ત્યાગ કરવા માટે પણ તેઓની પૂરી તૈયારી હોતી નથી પણ છેવટના ઉપાય રૂપે તેઓ એને વિચારતા હોય છે પણ તેઓ પરભવનો વિચાર કરે તો જરૂર તેઓ પ્રાણત્યાગનો વિચાર માંડી વાળે જે મૂશીબતોનો સામનો અહિ નથી થઈ શક્યો તે મૂશીબતો પ્રાણત્યાગ કરવાથી દૂર થવાની નથી જ્યાં જવાનુ છે ત્યા તે પહેલેથી જ પહોંચી ગઈ હોય છે એટલે અહિ મળતી સામગ્રીથી મૂશીબતોનો સવપ્રકારે સામનો કરવા કટિબદ્ધ થવુ પૂરેપૂરૂ જોર કરવામા આવે તો ગમે તેવી વિપત્તિ ક્ષણ માત્રમા વિલય પામી જાય છે

તા ૨૭–૯–૧૯૫૭

(૩૮૧)

કોઈની પણ ભૂલ ઉપર હસવું નહિ

હું બીજાની ભૂલ જોઈને હસું છું પણ બીજા મારી ભૂલ જોઈ હસે છે અમારા બન્નેની ભૂલો જોઈને કોઈ ત્રીજો રમૂજ માણે છે આમ ચક્ર ચાલ્યા જ કરે છે એમાંથી છૂટવા માટે મારે કોઈની પણ ભૂલ જોઈને હસવું નહિ એ માર્ગ છે જ્યારે હું હસવું છોડી દઈશ ત્યારે મારી ભૂલ જોઈને હસનારા ઉપર મને ચીડ નહિ ચડે પણ એમ લાગશે કે તેઓ એક ભૂલ કરી રહ્યા છે મને મારી ભૂલ સુધારવાની તક મળશે ભૂલોનો પણ એ રીતે અંત આવશે પછી તો હસતા અને નહિ હસતા બધાનો દ્રષ્ટા બનવાનું સૌભાગ્ય હું મેળવીશ અને પરમ હાસ્યનો અનુભવ કરીશ તા ૨૭-૯-૧૯૫૭

(૩૮૨)

શાંત રસ

અન્ય સર્વ રસો એવા છે કે જેનો વધુ-પરિચય પરિણામે કંટાળો ઉપજાવે છે, જ્યારે એક શાંત રસજ એવો છે કે તેનો પરિચય જેમ જેમ વધે છે તેમ તેમ તેમાં વિશેષ આહ્લાદ આવતો જાય છે

જે રસને માટે બીજા બધા રસોનું આયોજન થયું છે તે રસ તરફ જગત જ્યારે ઉપેક્ષા સેવે છે ત્યારે તે ખરેખર મૂઢ છે ભયંકર અજ્ઞાન છે એમ લાગે છે—એ રસ છે શાંતરસ તા ૨૭-૯-૧૯૫૭

(૩૮૩)

વૃત્તિ સુધારીને વાત કરો

આધ્યાત્મિક માર્ગ તરફ જનારા આત્માઓની ભૂલો આધિભૌતિક માર્ગ તરફ જનારા જીવોને કેમ સમજાય? ન જ સમજાય છતાં તેઓ આધ્યાત્મિક માર્ગના પથિકોને ભૂલો બતાવે છે, કેટલીક વખત તો તે

ભૂલો ખરી પણ હોય છે—પણ બતાવનારાઓ એ ભૂલો સુધરે તે માટે બતાવતા નથી—પણ આધ્યાત્મિક માર્ગ પર પોતે નથી જતા તેમા પુષ્ટિ મળે માટે બતાવતા હોય છે અને એ રીતે પોતાના માર્ગને સારો સમજાવવા બાલિશ પ્રયત્ન કરતા હોય છે કોઈપણ વાતમાં હિતબુદ્ધિથી માથુ મારજો તો તે જમશે પણ અહિતબુદ્ધિથી કાઈપણ કરશો એ ચાલશે નહિ તા ૨૭-૯-૧૯૫૭

(૩૮૪)

સરક્ષણ

તમે તમારી મીલ્કતનું સરક્ષણ કરવા ઈચ્છતા હોતો પ્રમાદને સત્વર દૂર કરો અને બળ કેળવો આ બેનાથી એકની પણ ખામી હશે તો તમે તમારી મીલ્કતનું સરક્ષણ કરી શકશો નહિ બળ હોવા છતા પ્રમાદને પરવશ પડેલો પોતાની સપત્તિને પારકા હાથમા સોપી દે છે અને બળ વગરનો ગમે તેવો પ્રયત્ન કરે છે તો પણ મીલ્કતને બચાવી શકતા નથી એટલે પ્રાપ્ત સપત્તિના સરક્ષણ માટે જાગૃતિ અને સામર્થ્ય એ બેની પરમ આવશ્યકતા છે તા ૨૭-૭-૧૯૫૭

(૩૮૫)

તમારૂ પોતાનુ જે છે તે મેળવવા પ્રયત્ન કરો

તમે બીજાનું લેવા પ્રયત્ન કરો છો તેના સોમા ભાગનો જ નહિ પણ લાખ કે કરોડમા ભાગનો પ્રયત્ન તમે તમારૂ જ છે તે મેળવવા અને તમને જે તમારૂ મળ્યુ છે તેને સાચવવા માટે કરો તો પરિણામ ઘણું જ સારૂ આવશે

એક વખત—ફક્ત એક વખત ખરા દીલથી ઉપર પ્રમાણે કરી જુઓ, અમે તમને ફરી એ પ્રમાણે કરવા નહિ કહીએ પછી તો તમે પોતેજ એ રસ્તે ચાલ્યા જશો

તમારૂ એટલુ છે કે જેનો કોઈ હિમાબ નથી તમારૂ શુ છે? ને તમારૂ તમારી પાસે કેટલુ છે? એનું તમને ભાન નથી એટલે તમે બીજાનું ઝુટવી લેવા તૈયાર થાઓ છો પરિણામ એ આવે કે બીજાનું તમારી પાસે થોડું માનવા ખાતર આવે છે ને નથી પણ આવતુ પણ તમારૂ ઘણુ લૂટાઈ જાય છે તમે મેળવો છો તે કરતા કઈ ગણુ ગુમાવો છો એથી અધિક શોચનીય બીજુ શુ હોઈ શકે

તા ૨૭-૯-૧૯૫૧

(૩૮૬)

ફળની સાચી વિચારણા કરવી

કોઈ પણ ઉત્તમ ગુણ તરફ એ ચાણ કરવુ હોય તો એ ગુણનું સેવન કરીને પરિણામ તરફ નજર કરવી પરિણામ તરફ નજર કરવાથી ગુણથી થયેલા લાભનુ ભાન થશે ને તેથી ગુણનુ સેચાણ વધશે વિશ્વમા આ પ્રમાણે ઓછા જુએ છે એટલુ જ નહિ પણ—ઊલટ વિપરીતપણે વિચારે છે કોઈક એક ટેવને નકી કરીને પકડી જુ। જુદા સારા ગુણોનુ સેવન કરીને તપાસ્યા કરે છ કે—પેનુ પરિણામ આ શુ કે નહિ? પરિણામ-પોતે મા શુ છે તે પરિણામ—ન દેખાય એટલે આ ગુણમા કે આચરણમા કાઈ છે નહિ એમ માનીને તેને છોડી દે છ પણ એ આચરણથી કે ગુણથી જે સુદર ફળ આવ્યુ હોય તે ત રફ નજર જતી નથી જો એ જોવામા આવે તો તેને લાગે કે આ ફળ પાસે માનનારનુ પેના ફળની કાંઈ કિમાન નથી

એ જ પ્રમાણે દુર્ગુણ અગે પણુ છે કેટલીક વખત તો પોતાના કપેના ફળ કોઈ દુર્ગુણના મદદગથી સિદ્ધ થઈ ગયા હોય છે ત્યારે તો દુર્ગુણ પ્રત્યે એવો તો પ્રેમ બધાઈ જાય છે કે તેનાથી તેને છોડાવવુ દુશક્ય બની જાય છે એ પરિસ્થિતિમા દુર્ગુણથી થતાં નુકશાનનું—ભયકર નુકશાનનું ભાન થતું નથી જો એ થઈ જાય તો ક્ષણ પણ દુર્ગુણનું આકર્ષણ રહે નહિ માટે ફળની સાચી વિચારણા કરતા શીખવુ જરૂરી છે

તા ૨૭-૯-૧૯૫૧

(૩૮૭)

મન

વસ્તુ ગમવી કે ન ગમવી તેનો મુખ્ય આધાર મન ઉપર છે
તા ૨૮-૯-૧૯૫૭

(૩૮૮)

એક

એક એવી સખ્યા છે ! કે જેના ગુણાકાર કરતા મગવાળો વધી જાય છે (ઉત્તર પણ સાથે જ છે) તા ૨૮-૯-૧૯૫૭

(૩૮૯)

ઉદાર-સર્વત્ર સારૂ નથી

ઉદાર થવુ સારૂ છે પણ કોઈ કોઈ વખત તે સારૂ પણ સારૂ રહેતુ નથી એટલે ઉદાર ક્યા થવુ એ વિચાર કરવો જરૂરી છે જ્યા ઉદાર ન થવા જેવુ હોય ત્યા ઉદાર ન થવુ એ સારૂ છે
તા ૨૮-૯-૧૯૫૭

(૩૯૦)

રજોગુણ

પ્રવૃત્તિ કરવા માટે કાર્યો કરવા માટે મનમા રજોગુણ કેળવવો પડે છે જ્યારે એ ગુણ નથી હોતો ત્યારે કાર્યો અવરુદ્ધ રહે છે એ ગુણના અભાવથી કાર્યો ન થતા હોય તેથી એમ ન માનવુ કે શક્તિનો અભાવ છે કે તે તે કાર્યો ગમતા નથી સામે રજોગુણની અધિકતાવાળા કાર્યો વધુ કરતા હોય તેથી પણ એમ ન સમજવુ કે તેમનામા શક્તિ વધારે છે કે તે તે કાર્યો તેમને રુચે છે

શક્તિ અને રુચિ જુદી ચીજ છે અને રજોગુણ જુદી ચીજ છે ભલે તે કાર્ય સાધક બનતો હોય તા ૩૦ ૯-૧૯૫૭

(૩૮૧)

પ્રવૃત્તિના પ્રકારો

(૧) સ્થિર પ્રવૃત્તિ અને અચલ પ્રવૃત્તિ એમ પ્રવૃત્તિના બે પ્રકાર છે
(૨) વ્યક્તિગત પ્રવૃત્તિ અને સમૂહગત પ્રવૃત્તિ એમ પ્રવૃત્તિના બે પ્રકાર છે
(૩) અન્તર્મુખ પ્રવૃત્તિ અને બહિર્મુખ પ્રવૃત્તિ એમ પ્રવૃત્તિના બે પ્રકાર છે
(૪) શુભ પ્રવૃત્તિ અને અશુભ પ્રવૃત્તિ એમ પ્રવૃત્તિના બે પ્રકાર છે
(૫) શુદ્ધ પ્રવૃત્તિ અને અશુદ્ધ પ્રવૃત્તિ એમ પ્રવૃત્તિના બે પ્રકાર છે
(૬) આવશ્યક પ્રવૃત્તિ અને અનાવશ્યક પ્રવૃત્તિ એમ પ્રવૃત્તિના બે પ્રકાર છે
(૭) સકારણ પ્રવૃત્તિ અને નિષ્કારણ પ્રવૃત્તિ એમ પ્રવૃત્તિના બે પ્રકાર છે આમ પ્રવૃત્તિના પ્રકારોનુ યથાયોગ્ય મનન કરવાથી પોતાની પ્રવૃત્તિ કયા પ્રકારની છે તેનો ખ્યાલ આવશે અને તેથી તેમા કરવા યોગ્ય શુ છે ? તેની વિચારણાને વેગ મળશે એમ થતા પોતાની પ્રવૃત્તિથી નીપજતી નિરાશા કે વધુ પડતી આશા દૂર થઈને સમતુલા પ્રાપ્ત થશે

તા ૩૦-૯-૧૯૫૭

(૩૮૨)

સર્જન અને વિસર્જન

જગતમા ઘણુ સર્જન થાય છે અને ઘણુ વિસર્જન થાય છે પણ અસારનુ સર્જન અને સારાનુ વિસર્જન થાય છે એ સારૂ નથી આ સ્થિતિમા સારી વસ્તુ પ્રાપ્ત કરવી અને પ્રાપ્ત સારી વસ્તુને ટકાવી રાખવી એ સહેતુ નથી માટે એ કાર્ય જે કોઈ જેટલે અંશે કરતુ હોય તેની પ્રશસા-અનુમોદના કરવી એ સારી વસ્તુને ચાહનારનુ કર્તવ્ય છે ને તેથી તેને તે કાર્યનો પ્રસગ અણધાર્યો મળી આવે છે

તા ૧-૧૦-૧૯૫૭

(૩૮૭)

મન

વસ્તુ ગમવી કે ન ગમવી તેનો મુખ્ય આધાર મન ઉપર છે
તા ૨૮–૯–૧૯૫૭

(૩૮૮)

એક

એક એવી સખ્યા છે ! કે જેના ગુણાકાર કરતા સરવાળો વધી જાય છે (ઉત્તર પણ સાથે જ છે) તા ૨૮–૯–૧૯૫૭

(૩૮૯)

ઉદાર–સવત્ર સારૂ નથી

ઉદાર થવુ સારુ છે પણ કોઈ કોઈ વખત તે સારૂ પણ સારૂ રહેતુ નથી એટલે ઉદાર કયા થવુ એ વિચાર કરવો જરૂરી છે જ્યા ઉદાર ન થવા જેવુ હોય ત્યા ઉદાર ન થવુ એ સારૂ છે
તા ૨૮–૯–૧૯૫૭

(૩૯૦)

રજોગુણ

પ્રવૃત્તિ કરવા માટે કાર્યો કરવા માટે મનમા રજોગુણ કેળવવો પડે છે જ્યારે એ ગુણ નથી હોતો ત્યારે કાર્યો અવરુદ્ધ રહે છે એ ગુણના અભાવથી કાર્યો ન થતા હોય તેથી એમ ન માનવુ કે શક્તિનો અભાવ છે કે તે તે કાર્યો ગમતા નથી સામે રજોગુણની અધિકતાવાળા કાર્યો વધુ કરતા હોય તેથી પણ એમ ન સમજવુ કે તેમનામા શક્તિ વધારે છે કે તે તે કાર્યો તેમને રુચે છે

શક્તિ અને રુચિ જુદી ચીજ છે અને રજોગુણ જુદી ચીજ છે સાથે તે કાર્ય સાધક બનતો હોય તા ૩૦ ૯–૧૯૫૭

(૩૯૧)

પ્રવૃત્તિના પ્રકારો

(૧) સ્થિર પ્રવૃત્તિ અને અસ્થિર પ્રવૃત્તિ એમ પ્રવૃત્તિના બે પ્રકાર છે
(૨) વ્યક્તિગત પ્રવૃત્તિ અને સમૂહગત પ્રવૃત્તિ એમ પ્રવૃત્તિના બે પ્રકાર છે
(૩) અન્તર્મુખ પ્રવૃત્તિ અને બહિર્મુખ પ્રવૃત્તિ એમ પ્રવૃત્તિના બે પ્રકાર છે
(૪) શુભ પ્રવૃત્તિ અને અશુભ પ્રવૃત્તિ એમ પ્રવૃત્તિના બે પ્રકાર છે
(૫) શુદ્ધ પ્રવૃત્તિ અને અશુદ્ધ પ્રવૃત્તિ એમ પ્રવૃત્તિના બે પ્રકાર છે
(૬) આવશ્યક પ્રવૃત્તિ અને અનાવશ્યક પ્રવૃત્તિ એમ પ્રવૃત્તિના બે પ્રકાર છે
(૭) સકારણ પ્રવૃત્તિ અને નિષ્કારણ પ્રવૃત્તિ એમ પ્રવૃત્તિના બે પ્રકાર છે આમ પ્રવૃત્તિના પ્રકારોનું યથાયોગ્ય મનન કરવાથી પોતાની પ્રવૃત્તિ કયા પ્રકારથી છે તેનો ખ્યાલ આવશે અને તેથી તેમાં કરવા યોગ્ય શું છે? તેની વિચારણાને વેગ મળશે એમ થતાં પોતાની પ્રવૃત્તિથી નીપજતી નિરાશા કે વધુ પડતી આશા દૂર થઈને સમતુલા પ્રાપ્ત થશે તા ૩૦-૯-૧૯૫૭

(૩૯૨)

સર્જન અને વિસર્જન

જગતમાં ઘણું સર્જન થાય છે અને ઘણું વિસર્જન થાય છે પણ સારા સર્જન અને સારાનું વિસર્જન થાય છે એ સારું નથી આ સ્થિતિમાં સારી વસ્તુ પ્રાપ્ત કરવી અને પ્રાપ્ત સારી વસ્તુને ટકાવી રાખવી એ સહેલું નથી માટે એ કાર્ય જે કોઈ જેટલે અંશે કરતું હોય તેની પ્રશંસા-અનુમોદના કરવી એ સારી વસ્તુને ચાહનારનું કર્તવ્ય છે ને તેથી તેને તે કાર્યનો પ્રસંગ અણધાર્યો મળી આવે છે

તા. ૧-૧૦-૧૯૫૭

(૩૯૩)

સારૂ ને મારૂમાં વિવેક

કેટલીક વખત એમ કહેવાય છે કે સારૂ એ મારૂ એ વૃત્તિ રાખવી પણ મારૂ એ મારૂ એ વૃત્તિ ન રાખવી સામાન્ય રીતે આ વાત બરાબર છે પ્રાથમિક ભૂમિકાવાળાને એવી વૃત્તિ કેળવવાથી લાભ થાય છે પણ સારૂ ગ્રહણ કરવાની અમુક શક્તિ પ્રાપ્ત થઈ ગયા પછી અમુકનુ છે માટે સારૂ છે—એ પ્રમાણે માનવુ પડે છે બીજાને પણ એ રીતે મનાવવુ પડે છે કારણ કે જો એ પ્રમાણે નથી કરવામા આવતુ તો સારૂ સમજવાની દરેકમા શક્તિ હોતી નથી ને તેથી તેઓ સારાથી વંચિત રહે છે માટે 'પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ' એમ કહેવાય છે આપણે પણ નિ સંકોચ કહી શકીએ છીએ કે—'આ જિનેશ્વર ભગવંતનું કહેલુ છે માટે સારૂ છે એમાં અણુમાત્ર વિચાર કરવા જેવુ નથી' શાસ્ત્રો પણ કહે છે—કે તમેવ સચ્ચં નિસ્સંકં જં જિણેહિં પવેઇયં —એટલે મારૂ એ મારૂ એના આગ્રહમા ફસાઈને અમારૂ છે માટે સારૂ નથી એવી ભૂલ ક્યારે પણ કરવા જેવી નથી વિવેકથી વિચારનારને સારૂ દૃઢ બનશે ને નવા લાભ મળશે તા ૧-૧૦-૧૯૫૭

(૩૯૪)

સહિષ્ણુતા

સહિષ્ણુતા એ એક સુંદર ગુણ છે ખોટુ પણ સહન કરનારને કાંઈ ગુમાવવુ પડતુ નથી પરિણામે લાભ થાય છે પણ સહન નહિ કરનારનુ સાચુ પણ ખોટુ બની જાય છે

તા ૧-૧૦-૧૯૫૭

(૩૯૫)

બીજી તરફ જોવા જેવુ છે

મને બીજા કેટલા ઉપયોગી થાય છે એ વિચાર ઘણો કર્યો પણ

હવે હું બીજાને કેટલો ઉપયોગી થાઉં છું એ વિચાર થોડો સમય કરવો જરૂરી છે

મને બીજા નથી સમજી શકતા એ પ્રમાણે હું પણ બીજાને નથી સમજી શકતો એટલે પોતાને બીજા સમજે એવી ઇચ્છા હોય તો પોતે બીજાને સમજવા માટે પ્રથમ પ્રયાસ કરવો જોઈએ એમાં જેટલે અંશે સફળતા મળશે તેટલે અંશે તેનું પરિણામ આનંદદાયક આવશે જરૂર આવશે.

તા ૧-૧૦-૧૯૫૭

(૩૯૬)

મળેલી સામગ્રીને સાથે કરો

જેટલો સમય સાધન સામગ્રી મેળવવામાં, આપવામાં અને અમુક પ્રયત્નની ખામી છે માટે આ કાર્ય નથી થતું એમ વિચારવામાં આવે છે એના કરતાં થોડો સમય પણ મળેલી સામગ્રીનો યથાયોગ્ય ઉપયોગ કરવામાં આવે તો તેનું ફળ અનેરું સુંદર અને વિશિષ્ટ મળે કે જેની પોતે કલ્પના પણ ન કરી હોય

તા ૧-૧૦-૧૯૫૭

(૩૯૭)

મશીન અને મીશન

મશીન બગડે તો સુધારી શકાય છે પણ મીશન બગડે ત્યારે તે સુધારવું કપરું છે મશીન બગડ્યા પછી તે ચાલતું અટકી પડે છે અથવા તેને બંધ રાખી શકાય છે પણ મીશન બગડયા પછી એવી તો ખરાબ રીતે ચાલે છે કે જેના અનર્થો અતિશય ભયંકર પરિણામ લાવે છે તેને બંધ પણ રાખી શકાતું નથી માટે મીશન ન બગડે તેની પૂરી તકેદારી રાખવી જરૂરી છે મશીન-યંત્ર અને મીશન-તંત્ર.

તા ૧૦-૧૦-૧૯૫૭

(૩૮૮)

ચાહના છે પણ અધુરી

મને લાગે છે કે તમારી ચાહના આ ચીજ પર છે પણ તે અધૂરી છે કારણ કે જે ચીજ પર જેની ચાહના પૂરી હોય તેને માટે તે ગમે તે કરી છૂટવા—ગમે તેનો ભોગ દેવા તૈયાર હોય પણ તમારામાં એ દેખાતું નથી તમને આ ચીજ ગમે છે એ ખરૂ પણ ગમતુ એ જુદી વાત છે અને ભોગ આપવા જેટલુ ગમતુ એ જુદી વાત છે

તા ૧૦—૧૦—૧૯૫૭

(૩૮૯)

જાગ્યા ત્યારથી સવાર

તમે નિદ્રા આવતી હોય ત્યાં સુધી સૂવો તે ક્ષતવ્ય છે પણ તમને નિદ્રા આવતી નથી છતા તમે એમને એમ પડી રહો છો છા વામાં આળસ કરો છો બગાસા ખાઓ છો, ગમે તેવા—તમે કંઈ પણ ન શકો એવા વિચાર ઉપર ચડી જાઓ છો—એ બધુ નભાવી લેવા જેવુ નથી ભલે તમને આજે તેના માઠાં પરિણામોની ખબર નથી પણ જતે દાડે તમને સમજાશે કે એ દિવસે ચેત્યા હોત તો સારૂ થાત પણ હવે—હવે બધુ મોડુ થયુ છે હવે એ દિવસોને યાદ કરીને અફસોસ ન કરો, હજુ ખીજી કેટલીક વાતો તમારા હાથમાં છે, તે તરફ ધ્યાન આપો તો તમને સારો ફાયદો થશે હજુ તમે ઘણુ કરી શકો એમ છો બાજી તમારા હાથમાથી ચાલી ગઈ નથી પણ તમે ભૂતકાળને યાદ કરો છો. તેમ આજ પણ આવતી કાલે ભૂતકાળ બની જશે અને વળી તમે આવતી કાલે કહેશો કે તે વખતે એમને કે ગઈ કાલે આમ કર્યું હોત તો સારૂ થાત આમ વારવાર મૂર્ખતા કરવી એ કોઇ રીતે સારૂ નથી માટે જાગ્યા ત્યારથી સવાર સમજીને કર્તવ્યમા જોડાઇ જાવ

તા ૧૦—૧૦—૧૯૫૭

(૪૦૦)

કંઈ બાજુ જવુ એનો વિચાર કરજો.

અભિમાનની ટોચે ચઢેલાને નીચેની ભૂમિકાઓ બરાબર જોઈ શકાતી નથી, પણ જ્યારે તે ત્યાંથી ગબડે છે ત્યારે ટેવ એવી તો ફળી વળી ગઈ હોય છે કે તે સ્વય ઊભા થઈ શકતો નથી એટલું જ નહિ પણ નીચે રહેલા તેને ટીએ કરવા જેટલી નરમી પણ લેવા તૈયાર હોતા નથી કારણ કે જ્યારે તે ટોચ ઉપર હતો ત્યારે તે નીચ રહેલા ઉપર થૂકતો હતો નીચ રહેલા તેને કાંઈપણ કરી શકતા કે કશી ગમના નહીં તેઓ તે નીચે પડે ત્યારે વાત એવુ અભ્યકાસે ઇચ્છતા હતા પડવાની ઇચ્છા બળવતી બની અને એ નીચે ગબડ્યો—પછી તો તેની દયનીય દશા જોઈને નીચે રહેલા તાળીઓ પાડવા લાગ્યા પણ નીચે રહેનારામાં કેટલાક એવા હતા કે જએ એના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા હતા એ સહાનુભૂતિ એટલા માટે દર્શાવતા હતા કે આ રીતે પણ તેને ભૂતકાળના વતનનો બળાપો લાગે એથી કેટલાકને તે ગમે છે ને કેટલાકને નથી જ ગમતો પડયા પછી પણ થૂક ઉરાડવાનુ—તેવા છોડી શકતા નથી પણ તે વખતે તેમનુ થૂક પણ સુકાઈ ગયુ હોય છે લોકો તેમની વિચિત્ર સ્થિતિ અને ચેષ્ટા જોઈને ખૂબ ખૂબ હાસ્ય કરતા હોય છે આવુ વિશ્વમા સ્થળે સ્થળે જોવાય છે તેમા પોતે કઈ કક્ષામા છે તે વિચારીને શુ કરવુ તેનો નિર્ણય કરવાનો છે

મા । અને ઉમાગ બને ખુ । છે કરે એ સાચુ એ મ ની વાત છે તા ૧૦–૧૦–૧૯૫૧

(૪૦૧)

યોગ્ય કાર્ય સિદ્ધ કરવા પ્રયત્ન કરો

કોઈ પણ કાર્ય કરવા માટે કે કરાવવા માટે વારંવાર પ્રયત્નો કરવા પડે છે એથી કેટલીક વખત કાર્ય સિદ્ધ થાય છે

વખત કાર્ય સિદ્ધ નથી થતુ પણ તમે તમારા પ્રયત્નો સફળ બને એ તરફ થોડુ થોડુ પણ લક્ષ્ય આપો અને પ્રયત્નો નિષ્ફળ કેમ જાય છે એ વિચારો મારો એક પણ પ્રયત્ન નિષ્ફળ ન જવો જોઇએ એવો દૃ સંકલ્પ કરો ભલે પ્રયત્ન સફળ ન બને પણ એ સફળ બનવો જ જોઈએ એની માન્યતામા મંદતા ન આવવી જોઈએ

જેમ કોઈ કાર્ય માટે આપણે કોઇને એક વખત કહ્યુ પછી તુરત જ આપણને એમ લાગે છે કે—આ માણસ આ કાર્ય કરવામા આળસ તો નહિ જ કરે ને—એટલે આપણે તેને ફરી એનુ એ કાર્ય કરવા માટે કહીએ છીએ અને ભાર મૂકીએ છીએ કે જો જો ભૂલી જતા નહિ આળસમા જાય નહિ સત્તાધારી પણ વારવાર કહે છે પણ તેની કહેવાની રીત જુદી હોય છે મધ્યમ કક્ષાના વ્યવહારૂ માણસો જુદી રીતે કહે છે જ્યારે ઊતરતી કક્ષાના માણસો આજીજી-આજીજી વતાપૂર્વક વારવાર કહે છે

એકના એક હિતકર કાર્ય માટે એક વાર પ્રયત્ન કર્યા પછી ફરી પ્રયત્ન કરવો પડે ત્યારે-ફરી પ્રયત્ન ન કરવો એવો વિચાર ન કરવો પણ પ્રથમ પ્રયત્ન અધુરો હતો માટે કાર્ય ન બન્યુ પ્રયત્નમા ખામી હતી માટે સફળતા ન મળી એમ માનવુ એમ માનવામા કાંઇ સંકોચ નથી

કેટલાક પ્રયત્નો એવા હોય છે કે તેમાં તમે તમારી યોગ્યતા કેળવ્યા સિવાય પ્રયત્નો કર્યા કરશો તો ફળ તો નહિ આવે પણ તમને જે ફળ મળવાની શકયતા છે, તે પણ તમે ગુમાવી બેસશો

જેમ કોઇ ભીખારી ખાવાનુ માગે-એ એક વખત કહે-ફરી કાકલૂદીભર્યા અવાજે કહે કે મને કોઇ ખાવાનુ આપો ' પણ તેનુ એક કથન તરત કોઇ કાને ધરતુ નથી તેને તે માટે ઘર ઘર ફરવુ પડે છે તેની એ વાત વારંવાર કહેવી પડે છે ને તેને મળે પણ છે

પણ જો તે સો કે હજાર રૂપિયાની માગણી કરે-મકાન આપી દો એમ કહે તો તેનું કાંઇ વળશે નહિ તેની યોગ્યતા વગર તેને માગ્યુ તો નહિ મળે એટલુ જ નહિ પણ તેને મળવાનુ હતું તે પણ નહિ મળે

કાર્ય સિદ્ધિ પ્રથમ પ્રયત્ને જ થાય એમા કેટની વિશિષ્ટતા છે તે તો અનુભવે સમજાય એવુ છે તા ૧૦-૧૦-૧૯૫૭

(૪૦૨)

એ નહિ ભૂલાય

ખીલેનુ પુષ્પ કરમાશે, પણ એણે પ્રસરાવેલી સુગધ એ ભૂલાશે નહિ તા ૧૨-૧૦-૧૯૫૭

(૪૦૩)

વાતાવરણ

દિવસો વહી જશે ને રાત્રિઓ ચાલી જશે પણ વાતાવરણ ચાડી ખાતુ ખડુ હશે કે ગયેલા દિવસો ને વીતેલી રાત્રિઓ કેવી હતી

તા ૧૨-૧૦-૧૯૫૭

(૪૦૪)

મૂર્ખતાની પરપરા

સહજ ઊડી નજર કરીને નીરખશો તો તમને દેખાશે કે એક મૂર્ખ બીજા મૂર્ખને કહી રહ્યો છે કે આવી મૂર્ખાઇ શા માટે કરે છે' કહેનાર મૂર્ખને પણ બીજાએ એ પ્રમાણે કહ્યુ છે તેણે જેને કહ્યું તે વળી ત્રીજાને એ પ્રમાણે કહેશે-આવુ ચા યા જ કરે છે કોઇ પોતાની જાતે તો સમજતુ નથી તા ૧૨-૧૦-૧૯૫૭

(૪૦૫)

બગડતું કાર્ય કેમ સુધરે?

એક કાર્ય બગડી રહ્યું છે તે શાને કારણે બગડે છે એની વિચારણા કરવા માટે બુદ્ધિના બાદશાહો ગણાતા ડાહ્યા પુરુષો એકઠા થયા છે

કાર્યમા બગાડો વધી ગયો છે તે અટકાવવાનો ને કાર્યને સુધારી લેવાનો ઠીક સમય છે એકઠા થયેલામાથી કોઇ પણ એકમા એવી શક્તિ છે કે તે ધારે તો તે કાર્યને સુધારી લે પણ તેને તો રસ ચડયો છે-શોધવાનો કે આ કાર્ય કોણ બગાડી ગયુ છે એટલે પછી-શુ થયુ છે? શુ થાય છે? ને શુ થશે એ અજાણ્યુ રહેતુ નથી

તા ૧૨-૧૦-૧૯૫૭

(૪૦૬)

પ્રથમ કર્તવ્ય

આગ લાગે ત્યારે ઓલવવા માટે પ્રયત્ન કરવો એ પ્રથમ કર્તવ્ય છે આગ શાંત થયા બાદ આગ કોણે લગાડી એ શોધી કાઢવા માટે પ્રયત્ન કરવો એ દ્વિતીય કર્તવ્ય છે બીજુ કાર્ય પહેલું કરવામા આવે અને પરિણામમા મફતતા મળે તો પણ તેનો કાંઇ અર્થ નથી

તા ૧૨-૧૦-૧૯૫૭

(૪૦૭)

પોતે માણસ બનવુ જરૂરી છે

માણસને માણસ જોઇએ છે પણ એ ત્યારે જ મળે કે પ્રથમ પોતે માણસ બને બીજાને પોતે માણસરૂપે મળશે તો બીજા તેને માણસ રૂપે મળશે જો તે બીજાને પશુ રૂપે મળશે તો બીજા પણ તેને પશુ રૂપે મળશે બીજામા દરેકને પોતે જેવા હોય તેવુ દર્શન

થાય છે એટલે બીજામા સારા દર્શનની ઇચ્છા હોય તો પ્રથમ પોતે સારા થવુ જરૂરી છે એમ નહિ પણ અનિવાર્ય છે

તા ૨૦-૧૦-૧૯૫૭

(૪૦૮)

તમને પણ બીજા જુએ છે

દૂર દૂર જોવાનુ દુરબીન રાખીને એક એના નિરીક્ષકને દૂર દૂરનીં ઘણી ચીજો દૃષ્ટિ ગોચર થતી હતી પણ તેની દૃષ્ટિ દેખાતી વસ્તુઓમા ખરાબ તત્ત્વ શુ છે? એ તરફ જ લક્ષ્ય રાખતી હતી, અને એથી જ્યારે જોઈએ ત્યારે તેનુ મુખ કટાણુ જ દેખાતુ હતુ એના મુખ પર તે તે ચીજો પ્રત્યેની ચીડ અને અણગમો તરવરતો રહેતો હતો પણ તેને એ ખબર ન હતી કે પોતાથી દૂર દૂર બીજા પણ દૂરબીન રાખીને પોતાને જોઈ રહ્યા છે એ જોનારાઓને પણ આવુ ગમતુ નથી જોનારાઓને લાગે છે કે આના મુખ પર કેમ કદી હાસ્ય ફરકતુ જ નથી-પ્રસન્નતા ડોકાતી જ નથી જો તેને વસ્તુને સારા-રૂપમા જોવી હોય તો પ્રથમ તેણે પોતાના વદન ઉપર પ્રસન્નતા લાવવી જોઈએ, બીજી વસ્તુઓ ખરાબ છે એવી એકાંતિ વિચારણા પોતાને પ્રથમ ખરાબ કરે છે કોઈપણ વસ્તુ એવી નથી કે જે સારી અને ખરાબ ન હોય અથવા વસ્તુમાં સારાપણું કે ખરાબપણુ તેની ઉપયોગિના ઉપર આધાર રાખે છે જે ચીજ અમુક પ્રકારે આપણને ઉપયોગી થાય છે તેને આપણે સારી કહીશુ આપણને ઉપયોગી નહિં થતી હોય તેને નકામી કહીશુ અને આપણા ઉપયોગિનત્વમાં વિઘ્ન કરતી ચીજને ખરાબ ગણીશુ પણ એ પણ છે કે આપણામાં ઉપયોગમા ન આવતી હોય કે વિઘ્ન કરતી હોય એવી ચીજ ...

બીજાના ઉપયોગમા પુરવણી કરનારી છે એટલે જેના ઉપયોગમા એ આવે છે તે તેને સારી માને છે એટલે-વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજવુ હોય તો તેથી પર બનીને તેનુ યથાવત્ જ્ઞાન મેળવવુ જરૂરી છે

તા ૨૦-૧૦-૧૯૫૭

(૪૦૯)

સારો ઉપયોગ

કોઈ પણ વસ્તુનો વિનાશ અવશ્ય થવાનો છે, તો તે વસ્તુ સારા ઉપયોગમા આવે અને તેનો નાશ થાય તેમાં તેને સારા ઉપયોગમા લેનારનું અને સારા ઉપયોગમાં આવનારનુ હિત છે આ હકીકત સામાન્ય સમજથી પણ સમજી શકાય એવી છે ફક્ત સારો ઉપયોગ કોને કહેવાય એ સમજણમા વ્યામોહ ન થવો જોઈએ

તા ૨૦-૧૦-૧૯૫૭

(૪૧૦)

સ્વપ્ન

જે જેવી પ્રવૃત્તિ કરે છે – સતત પ્રવૃત્તિ કરે છે તેનુ માનસ પણ તે પ્રવૃત્તિને અનુરૂપ બની જાય છે આ દૃષ્ટાન્ત સ્વપ્નથી સહેલાઈથી સમજી શકાય છે જેને જેવી પ્રવૃત્તિ હશે તેવા સ્વપ્નો તેને મોટે ભાગે આવશે

તા ૨૦-૧૦-૧૯૫૭

(૪૧૧)

અસત્ય

જાણી જોઈને અસત્ય બોલનાર તુરત પકડાઈ જાય છે

તા ૨૦-૧૦-૧૯૫૭

(૪૧૨)

પાપ ભયાનક છે

પાપનો ભય કેળવવો એટલે ડરપોક થવું એમ નહિ પણ પાપ ભયાનક છે એમ માનીને તેનો પૂરા બળથી સામનો કરવો અને પરવશ પડવું નહિ.

તા. ૨૦-૧૦-૧૯૫૭

(૪૧૩)

મૂર્ખતા અને ડહાપણ

નાના સ્વાર્થની સિદ્ધિ માટે મોટો સ્વાર્થ ગુમાવવો એ મૂર્ખતા છે મોટા સ્વાર્થની સિદ્ધિ માટે નાના સ્વાર્થને જતા કરવા એ ડહાપણ છે

તા ૨૦-૧૦-૧૯૫૭

(૪૧૪)

સામર્થ્ય મેળવવું

કોઈ પણ કાર્ય કરવાની ઉતાવળ કરવા કરતાં કાર્યને યોગ્ય સામર્થ્ય મેળવવા અવિરત પ્રયત્ન કરવાથી કાર્ય સુંદર થાય છે

તા ૨૩-૧૦-૧૯૫૭

(૪૧૫)

ભાવના

ભાવનાનું બળ કાર્ય કરે છે કોઈ પણ પ્રકારની ભાવના અફળ જતી નથી ભાવનાથી આવતા સૂક્ષ્મ પરિણામો જોવાની શક્તિ દરેકમાં હોતી નથી એટલે મોટા ભાગના માણસો ભાવનાને મહત્વ સમજી શકતા નથી ભાવનાના ફળને જોવા માટે સૂક્ષ્મ અવલોકનશક્તિની આવશ્યકતા છે જેટલી પ્રબળ ભાવના તેટલું કાર્ય પણ પ્રબળ

તા ૨૪-૧

(૪૧૬)

નાનામા નાનું કાર્ય પણ મોટું છે

મોટી શક્તિવાળાના મોટા મોટા કાર્યો જોઈને અલ્પશક્તિવાળાએ પોતાના કાર્યને નાનું ને તુચ્છ સમજીને મૂકી દેવાની ભૂલ કરવી નહિ મોટા સામર્થ્યવાળાને મોટુ કાર્ય જેટલુ કિંમતી છે તેટલું જ કિંમતી અલ્પ શક્તિવાળાને માટે નાનું કાર્ય છે તા ૨૩-૧૦-૧૯૫૭

(૪૧૭)

શુભ કાર્યનુ સાતત્ય જાળવવુ

પ્રસરતા સૂર્યના કિરણો અંધકારને દૂર કરે છે છતાં તેની આડા વાદળા આવી જાય છે અને તેનાં કાર્યમાં વિઘ્ન ઉત્પન્ન કરે છ અને વાદળો વિખરાઈ જાય છે અને કિરણો પોતાનુ કાર્ય કર્યા કરે છે પણ જો વાદળો તરફ જોઈને સૂર્ય પોતાના કિરણોને ખેંચી લે તો કાર્ય ફરીથી થવુ મુશ્કેલ થઈ જાય માટે વિઘ્ન આવે એટલે કાર્ય બંધ કરી દેવુ એ વ્યાજબી નથી વિઘ્નને દૂર કરવા માટે પ્રયત્નો કરવા અને કાર્ય ચાલુ રાખવુ કાર્ય ચાલુ રાખવાથી બીજો લાભ એ પણ થાય છે કે તેમાં ભૂલ થતી નથી અને અભ્યાસ જારી રહે છે ૨૩-૧૦-૧૯૫૭

(૪૧૮)

મૂલ્યાંકન

વસ્તુનું મૂલ્યાંકન વ્યાજબી થાય એ વ્યાજબી છે બાકી મોટે ભાગે જીવો વસ્તુના મૂલ્યાંકનમા ખૂબ ગોટાળો કરે છે

પોતાને જરૂર હોય ત્યારે ગમે તે મૂલ્ય દેવા તૈયાર થાય છે જરૂર ન હોય ત્યારે વ્યાજબી મૂલ્યને પણ વધારે ગણે છે પોતાની પાસે હોય તે વસ્તુનું મૂલ્ય અને એ જ વસ્તુ બીજાની પાસે હોય ત્યારે

તેનુ મૂલ્ય ફરી જાય છે આવુ એક ક્ષેત્રમા નહિ પણ દરેક ક્ષેત્રમા બને છે વ્યક્તિઓ માટે પણ બને છે મૂલ્યાકન કરવાની આવડતને અભાવે યોગ્ય વ્યક્તિઓને નહિ સમજી શકનારા મહાન લાભોથી વચિત રહે છે, અને અયોગ્ય વ્યક્તિઓની જાળમાં ફસાઈ પડે છે પરિણામે વધારે ભોગ આપીને પણ જોઈતો લાભ મેળવી શકતા નથી નુકશાન થયા પછી પણ–એ પોતાની સમજણના અભાવે થયેલ છે એવુ પણ તેઓ સમજતા નથી અને તેથી ઉપજેલા પ્રત્યાઘાતો તેમને ક્યાના ક્યા ય ખેચી જાય છે તા ૨૩-૧૦-૧૯૫૭

(૪૧૯)

દોરવણી

દોરવણી લેનારે દોરવણી આપનારા ન થવુ જોઈએ અને દોરવણી આપનારે દોરવણી લેનારા ન થવુ જોઈએ જ્યારે આવુ બને છે ત્યારે તેમા દોષ પ્રવેશે છે એ દોષ કાર્યને વિરસ અને દુષિત બનાવે છે વિનય અને વિવેકપૂર્વક યોગ્ય સૂચન કરાય એ નિર્દોષ છે

તા ૨૩-૧૦-૧૯૫૭

(૪૨૦)

ભૂલ

ભૂલ થાય એ સ્વાભાવિક છે પણ ભૂલ કરાય એ સ્વાભાવિક નથી

× × × ×

ભૂલ થઈ ગઈ હોય તે સુધારી શકાય છે પણ ભૂલ કરી હોય તે સુધારી શકતી નથી તા ૨૩-૧૦-૧૯૫૭

(૪૨૧)

ભૂખ

ભૂખને યોગ્ય રીતે સતોષવાથી લાભ થાય છે જ્યારે અ

રીતે સતોષવાથી લાભ તો દૂર રહ્યો પણ નૂકશાન થાય છે ભૂખ સાચી છે કે ખોટી એ પણ જાણવુ જરૂરી છે ખોટી ભૂખ એ રોગ છે એનો ઉપાય કરીને દૂર કરવી જોઈએ ખોટી ભૂખ કરતા સાચી ભૂખ સારી તો છે પણ ભૂખ સદા માટે શાંત થઈ જાય એવી સ્થિતિ પૂર્ણ છે એ પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત થાય પછી કાઈપણ કરવાનુ રહેતુ નથી તા ૨૩-૧૦-૧૯૫૭

(૪૨૨)

સિદ્ધપરમાત્માઓ

સિધ્ધના આત્માઓ કાંઈપણ કરતા નથી એવો વિચાર ઘણુનિ વારવાર આવે છે પણ એ પૂર્ણ આત્માઓને શુ કરવાનુ છે ? શા માટે કરવાનુ છે ? એ વિચારવામાં આવે તો પ્રથમના વિચારને અવકાશ જ ન રહે ને–ભગવંતોએ તો કરવાનુ સર્વ કાંઈ કર્યુ છે હવે તેમને કાંઇપણ કરવાનુ નથી (આપણે જે માનીએ છીએ તે) કરવાનું કાંઈપણ પ્રયોજન પણ નથી કરવાનું તો તેમનું અવલબન લઈને સસારમાં રહેલા જીવોને છે સસારી જીવોને ઘણુ કરવાનું છે કરવાનું પ્રયોજન પણ પ્રબળ છે છતા તેઓ કાંઇપણ કરતા નથી કરવાની રીતે કરતા નથી અને જાણે અમે જ બધુ કરીએ છીએ એમ માને છે એ મોટી ભૂલ છે એ દૂર થાય તો પણ ઘણુ

તા ૨૩-૧૦-૧૯૫૭

(૪૨૩)

પ્રાપ્ત શક્તિનો સદુપયોગ

દૈવીશક્તિ ઉપર વિશ્વાસ રાખીને બેસી રહેવાથી મળેલી દૈવીશક્તિનો પણ નાશ થાય છે અને પ્રાપ્ત દૈવીશક્તિનો યથાયોગ્ય ઉપયોગ કરવાથી તેમાં વધારો થાય છે એટલે મળેલી શક્તિનો યથોચિત ઉપયોગ કરવામા કાંઈપણ વિલબ કરવો નહિ–તેમ પ્રાપ્ત શક્તિને વેડફી નાખવી નહિ

ખરેખર આપણે હજુ સુધી તો નમીન્સાર છીએ કે જ્યાં ઘણાં સારા તત્ત્વોનો સંયોગ મળ્યો છે. તા. ૨૨-૧૦-૧૯૫૭

(૪૨૪)

મલિનતા

પગ ઉપર જેટલો મેલ ચોંટેલો છે તેટલો મેલ જો હૃદય ઉપર હોય તો તે કેટલા ભદ્દા લાગે એવો વિચાર એ ક્ષણ કરીએ. અને આન્તરિક મલિનતા અંગે કરવામાં આવે તો કેટલું [illegible]
તા. ૨૩- -૧૯૫૭

(૪૨૫)

ખાડો, સપાટી અને ચડાણ

અશ્રદ્ધા એ ખાડો છે મિથ્યા શ્રદ્ધા એ સપાટી છે અને સત્-શ્રદ્ધા એ ચડાણ છે. મિથ્યા શ્રદ્ધાની સપાટી [illegible] સત્-શ્રદ્ધાના ચડાણ ઉપર ચડે છે એ ઉન્નતિ છે પણ જે મિથ્યા શ્રદ્ધાનો એમ ને એમ ત્યાગ કરનાર [illegible] ખાડામાં જઈ પડે છે એ અવનતિ છે. એટલે જો કોઈ મિથ્યા શ્રદ્ધાનો ત્યાગ કરતો હોય તો તે કઈ રીતે ત્યાગ કરે છે એ ધ્યાનમાં લેવું જોઈએ. સત્-શ્રદ્ધા તરફ લઈ જનારો ત્યાગ ઇષ્ટ છે અને અશ્રદ્ધા તરફ લઈ જનારો ત્યાગ અનિષ્ટ છે. તા. ૬-૧૧-૧૯૫૭

(૪૨૬)

સાપેક્ષભાવ

કોઈની પણ વાત જે દૃષ્ટિએ જેવા ભાવ તે પ્રકારે તે સારી કે ખરાબ લાગે છે. બનતા પ્રસંગો [illegible]

બાધવાથી હિત સધાતુ નથી પ્રસગમાત્રમાથી સારા તરફની બાજુ લક્ષ્યમા લેવાની કુળા જો કેળવાય તો રતિ વધે છે અને ખરાબ તરફની બાજુ જોવાની ટેવ જો પડે તો અગતિ વધે છે બ ને બાજુ સમાનભાવે લક્ષ્ય લેવામાં આવે તો સામ્યભાવ વૃદ્ધિ પામે છે એ ભાવ સપૂર્ણ મળી જાય તો પછી કાઇ કરવાપણુ રહે નહિ

તા ૩-૧૧-૧૯૫૭

(૪૨૭)

કાર્ય કરવાની કળા

કોઈ પણ શુભ કાર્ય સારી રીતે બને તેમાં તેના યોજકોની આવડત જરૂર કારણરૂપ બની હોય છે એ શુભ કાર્યથી જેને જેને લાભ હોય તેઓએ તે કાર્યના કર્તાઓ પ્રત્યે વફાદારી દાખવવી એ તેમનુ કર્તવ્ય છે પણ કાર્યકર્તાઓએ આ કાર્ય અમારે લઈને બન્યુ છે એવુ અભિમાન રાખવુ એ હિતાવહ નથી કાર્ય તો થાય છે ને તેમાં પોતે શુભનિમિત્તરૂપ બને છે એ પ્રકારે વિચાર કરવાથી ડોકીયા કરતો ગર્વ ઓગળી જાય છે અને કર્તવ્ય શકિતમાં વૃદ્ધિ થાય છે ગર્વથી કર્તવ્ય શકિત ગળી જાય છે કાર્યનો લાભ લેનારાં જો કાર્યકર્તાઓ પ્રત્યે કૃતજ્ઞતા ન દાખવે તો તેઓ કાર્યના શુભ પરિણામોથી વચિત રહે છે કૃતજ્ઞતાના અભાવે તેમનામા બીજા ગુણો પણ પ્રવેશ પામતા નથી

તા ૩-૧૧-૧૯૫૭

(૪૨૮)

બલાત્

સારી વસ્તુને ખેચીને નજીક લાવવાનો પ્રયત્ન કરવો અને ખરાબ સયોગોને પરાણે દૂર કરવાનો પ્રયત્ન કરવો એ કેટલીક વખત વિપરીત [illegible]ામ લાવે છે

તા ૪-૧૧-૧૯૫૭

(૪૨૯)

એક ડગલુ બસ છે

ઉ માર્ગમા લાખો યોજનો લાખો વર્ષો સુધી ચાલવા કરતાં માર્ગમાં એક ડગલું ચાલવુ એ મહત્ત્વનું છે તા ૪-૧૧-૧૯૫૭

(૪૩૦)

ગુણાનુરાગ

ગુણાનુરાગી ખરેખર પોતાનુ હિત કરે છે પણ એ જેને ગુણાનુરાગી બન્યો છે તેના પ્રત્યે તેને એવા પક્ષપાત જન્મે છે કે તે તેના દોષને જોઈ શકતો નથી અને ગુણને વિશેષ પ્રમાણમા જુએ છે એથી જેના પ્રત્યે તેનું ઉપર પ્રમાણેનું વલણ છે તેથી બહુ સાવધ રહેવું જરૂરી છે નહિતર ગુણાનુરાગી આગળ વધે છે અને જેનો ગુણાનુરાગ છે તે પાછળ પડે છે તા. ૧ -૧૧-૧૯૫૭

(૪૩૧)

દૃષ્ટિરાગી

ઓ ભગવન ! દષ્ટિ રાગીઓ થી મનન અમારૂ રક્ષણ કરજો

* * *

દષ્ટિરાગી ડુબે છે અને ડુબાડે છે તા. ૧૩-૧૧-૧૯૫૭

(૪૩૨)

ગંધાતો આત્મા

ગંધાતા શરીર કરતાં ગંધાતો આત્મા અસહ્ય છે સતત એથી દૂર રહેવા પ્રયત્ન કરવો તા. ૧૩-૧૧-૧૯૫૭

(૪૩૩)

સુખ ને દુખ

એક સુદર આવાસ છે તેમા શાશ્વત આત્મા વસે છે તેનુ જીવન સાદુ છે તે સુખને અનુભવે છે બીજાને સુખ આપવા ઇચ્છે છે પોતાની વિશિષ્ટ સપત્તિની તેણે એવી વ્યવસ્થા કરી છે કે તેના આવાસની નજીક આવનાર પણ દુખ ભૂલી જાય છે ને સુખને પ્રાપ્ત કરે છે જીવોને સુખી જોઈને તેનુ સુખ વધતુ જાય છે

બીજી બાજુ એક અભાગી જીવ છે તે દુખનો અનુભવ કરી રહ્યો છે એના દુખનો કોઈ આરો નથી એ પોતે દુખી છે એટલુ જ નહિ પણ તેની પાસે આવનારાને પણ એ પોતાના દુખોનુ પ્રદર્શન કરીને દુખી દુખી કરી મૂકે છે એથી કોઈ તેના દુખનો ઘટાડો થતો નથી ઊલટુ એ વધ્યે જ જાય છે પણ તેની તેને સમજ નથી

વ્યવહારમા બેની વચલી સ્થિતિવાળા જીવો વિશેષે હોય છે

તા ૧૫-૧૧-૧૯૫૭

(૪૩૪)

સારી ક્રિયા સારી રીતે કરો

સારી ક્રિયા પણ સારી રીતે કરો ગમે તેમ કરશો તો તેમાથી સારાપણુ ચાલ્યુ જશે તેથી તમને ગેરલાભ થશે અને તમાર ઉદાહરણ લઈને બીજાઓ પણ સારી ક્રિયાથી દૂર રહેશે તેનો દોષ તમારે માથે આવશે માટે સારી ક્રિયાને જવાબદારી સમજીને સારી રીતે કરવ ઉદ્યત બનો

તા ૧૫-૧૧-૧૯૫૭

(૪૩૫)

જડતા

અમુક વસ્તુ કરવી જ જોઈએ થવી જ જોઈએ કરાવવી જ જોઈએ, એમા જ અમારૂ વૈશિષ્ટ્ય છે એવી માન્યતા એ જડતા છે

એ જડતા આગળ વધારવાને બ ધે પાછા પાડે છે કે … પ્રયત્નો
ધગાવતા હશો તો આજે નહિ તો કાલે જરૂર … વગનર
… ની એકા
… માટે
… હિં એ
…-૧૯૫૭

(૪૩૬)

અધિકારની ચાહના ન કરવી

અંધારૂ હોય તો જ અજવાળાની કિંમત … બ ભર છે પણ અજવાળાની કિંમત … એ બરાબર નથી

(૪૩૭) … એ રીતે

અતિરેક

એ રીતે
૧-૧૯૫૭

કોઈ પણ વાતનો વધારે પડતો … એને વાતને જીવતી રાખવા માટે તેનું … ખાસ જરૂર છે

(૪૩૮) … થી કે તે

એકવાર પણ વિચારજો

-૧૯૫૭

તુચ્છ માણસ પોતાની તુચ્છ … નુકસાન કરી રહ્યો છે તેનું તેને … જરૂર છે એટલા માટે મદદને … … માગણી કરવા જાણતો નથી

… સમાયુ છે

તેને સમજાવવામાં આવે છે … ૧૭-૧૧-૧૯૫૭
એવા પ્રયત્નો તરફ તે નજર …
તેને સૂઝે છે પણ પોતાને …
પોતાને માટે ક્ષણે ક્ષણે વિ…
ન કરી શકાય તો વિમર્શ … પૂર્ણ કરવા માટે
જરૂરી છે શાંતચિત્તે વિમર્શ … … એવી કોઈપણ

પડયા પછી તમે જાતે જ તેમા રસ ધારણ કરતાં થઈ જશો ફરી તમને કહેવાની જરૂર નહિ રહે પણ પ્રથમ જ્યારે વિચાર કરો ત્યારે જેમ તેમ વિચાર ન કરતાં, જરી સ્વસ્થતાપૂર્વક વિચાર કરજો અને તેનો સ્વાદ માણજો ૧૫-૧૧-૧૯૫૭

(૪૩૯)

અમને બચાવો

ઓ અનંત બળ ભગવન્! આ પ્રગતિ અમારી પાછળ પડી છે તેથી અમને બચાવ ૧૫-૧૧-૧૯૫૭

(૪૪૦)

તમે જ્યા છો એ બરાબર છે.

તમે અત્યાર જ્યા ઊભા છો એ બરાબર છે તમે ક્યાં ઊભા છો તેની બહુ ચિંતા ન કરો તમારે ક્યા જવુ છે એ વિચારો, જ્યા જવાનું છે એ બરાબર છે કે નહિ એનો વિચાર કરો, જ્યા જવાનો વિચાર કર્યો છે, એ સ્થળ તમે જોયુ છે—જાણ્યુ છે? જો જોયુ ને જાણ્યુ ન હોય તો તે જોનારા અને જાણનારા પ્રામાણિક માણસોને પૂછો પૂછીને પછી–તમને લાગે કે–ત્યા જવા જેવુ છે તો તેના રસ્તાની તપાસ કરો, રસ્તો મળે એટલે તેના પર વ્યવસ્થિત ચાલવા પ્રયાસ કરો તમને એમ લાગે કે ના–ત્યા જવા જેવુ નથી તો બીજે ક્યાંક જવાનો વિચાર કરો પણ જાણી જોઈને ખોટે રસ્તે ચડીને દુઃખી થતાં નહિ આંધળા બનીને દોડતા નહિ એ કરતાં તો તમે અત્યારે જ્યાં છો એ બરાબર છે તા. ૧૫-૧૧-૧૯૫૭

(૪૪૧)

વળતરનો વિચાર કરો

સુખને માટે કરેલા તમારા પ્રયત્નોનું વળતર વિચારો, તમને લાગશે કે વળતર ઘણુ જ ઓછુ મળ્યું છે અરે! કાંઈપણ મળ્યુ નથી છતા

તમે એના એ પ્રયત્નો કર્યા કરો છો.
કરવાની જરૂર છે જરૂર તમને બીજા
આપશે, પણ જો તમે તમને મળતુ
હો તો તમને અમારૂ કથન
પ્રથમ તમને અત્યારે મળતુ
સમજણપૂર્વક વિચારો

(૪૮)

એ ત્રિપુટીને કેળવજો

કોઈની પણ વિષમતાઓ
મન-વચન-કાયાને કેળવજો પણ
કેળવતા નહિ

(૪૯)

નથી સમજતો

બીજાઓની વિષમતાઓમ
પોતાની વિષમતાઓ વધારી

એમા વિશેષતા છે કેન

સમર્થ પામે મારી જુદ
કરતા હુ નિરી બતુ એ ૭વન
ગીત
૫૭

કોણ સારૂ ?

એક આત્મા પોતનું
સતત તનતોડ પ્રયત્નો જાને

ઇચ્છાઓ કરતો જ નથી એ બેમા કોણ સારૂ ? જગત આનો ઉત્તર—પ્રથમ સારો—ને બીજામાં કાંઈ નથી—એ પ્રમાણે આપશે, પણ તત્ત્વજ્ઞાની તો કહેશે કે પ્રથમનો આત્મા જરૂર સારો છે પણ બીજો આત્મા જો જડ નથી તો પ્રથમ કરતા કઇ ગુણુ આગળ વધી ગયો છે

તા ૧૭-૧૧-૧૯૫૭

(૪૪૬)

ચક્રાકાર ગતિ એ પ્રગતિ નથી

શાસનમા ક્રિયાકાડનો વેગ વધ્યો છે તપસ્યા, સ્વાધ્યાય, લેખન યાત્રા ઉત્સવો ભક્તિ અને એવી જ બીજી ઘણી શુભ પ્રવૃત્તિઓ અગાઉ કરતા ખૂબ ખૂબ થાય છે આ સર્વ જીવને અશુભ પ્રવૃત્તિઓથી અટકાવે છે–બચાવે છે એ પૂરતા તો તે અનુમોદનીય તો છે જ છતા તેનાથી આવવુ જોઇએ એવુ પરિણામ કેમ નથી આવતુ ? એ પ્રશ્ન સ૬ જીવતો જાગતો રહે છે યોગ્ય આત્માઓ આ અગે મથન પણ અવાર–નવાર કરતા હોય છે તેના અનેક કારણોમા આ પણ એક કારણ છે કોઇપણ પ્રવૃત્તિ જો તે અનુભૂતિ વગરની હોય તો તેના આવર્તન પ્રધાનભાગ ભજવતુ હોય છે અને એવા આવર્તનો કાર્યક્ષમ બનતા નથી આવર્તનમા ક્વચિત્ જ ઉપયોગ મિશ્ર થાય છે જ્યારે ઉપયોગ જોડાય છે ત્યારે આનદ પણ અદ્‌ભુત અને અપૂર્વ ઉપજે છે અલ્પ પણ અનુભૂતિયુક્ત પ્રવૃત્તિ જીવને સામર્થ્ય યોગ તરફ લઇ જાય છે અનુભૂતિ આત્માને સાધ્ય પ્રતિ ગતિ કરાવે છે આવર્તન જીવને ચક્રાકારે ગતિ કરાવે છે આગળ વધ્યા પછી પણ જો આવર્તનમાં જીવ પડી જાય તો બહુ સમય પછી પણ–તે હતો ત્યાનો ત્યા જ હોય છે શુ ન આવર્તનો એમને એમ છોડી દેવાથી તો એકાંત ગેરલાભ જ છે એટલે તેમા અનુભૂતિ વધારવી કે જેથી તેનો સુન્દર લાભ મળે એ પ્રમાણે કરવુ જરૂરી છે

તા ૨૭-૧૧-૧૯૫૭

(४४७)

સત્કાર્ય

૧ સારુ કાર્ય કરવાની સતત ઇચ્છા રાખવી.

૨ સત્કાર્ય કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવુ

૩ અમુક સત્કાર્ય કરવા માટે પ્રયત્ન આદર્યો હોય અને તેમાંથી અન્ય સુંદર કાર્ય બની જાય તો આનન્દિત થવુ

૪ સત્કાર્યમાં જેટને અશે સિદ્ધિ મળે તેટલી પ્રસન્નતા સેવવી

૫ પોતે ધારેલુ સત્કાર્ય બીજા કરે તો તેમા યથા શક્ય સહકાર આપવો અને તેની થતી સિદ્ધિથી પ્રમુદિત થવુ

૬ સત્કાર્ય અગે કરવામા આવતા કોઈપણ પ્રયત્ન સાર્થક અને ઉચિત છે એમ સતત માનવુ

૭ સત્કાર્યના પૂરક બનવુ

૮ સત્કાર્યની અનુમોદના કરવી તા ૨-૧૨-૧૯૫૭

(४४८)

જીવવા જેવુ જીવન જીવવુ

જીવન તો સહુ કોઈ જીવતા હોય છે પણ ઘણાં તો યેન કેન પ્રકારેણ સમય પૂર્ણ કરતા હોય છે સમય વ્યતીત કરવો એ જુદુ છે અને જીવન જીવવુ એ જુદુ છે જીવવુ જીવન જોઈને બીજાને જીવન જીવવા જેવુ છે એવુ ભાન થાય માટે એવુ જીવન જીવવા યત્નશીલ બનવુ જરૂરી છે તા ૨-૧૨-૧૯૫૭

(४४९)

વિશ્વાસ પ્રથમ તો પોતાના ઉપર જોઈએ

તમને તમારા ઉપર વિશ્વાસ છે તો તમારા ઉપર

વિશ્વાસ રહેશે—જરૂર રહેશે અને તમને પણ બીજા ઉપર વિશ્વાસ બેસશે. પણ જ્યારે પોતાને બીજા ઉપર વિશ્વાસ નથી બેસતો ત્યારે માનવું કે વિશ્વાસ તો પોતાને પોતાના ઉપરથી જ ઊડી ગયો છે

તા ૨-૧૨-૧૯૫૭

(૪૫૦)

એ બેમા અતર છે.

સતોષ અને નિષ્ક્રિયામાં ખૂબ જ અતર છે તા ૨-૧૨-૧૯૫૭

(૪૫૧)

એ બે એક નથી.

ઉપવાસ એ લાઘણ નથી અને લાંઘણ એ ઉપવાસ નથી

તા ૨-૧૨-૧૯૫૭

(૪૫૩)

એ મૂર્ખતા છે

મૌન અને મૂકતાને એક માનવા કે સમજવા એ મૂર્ખતા છે મહામૂઢતા છે તા ૨-૧૨-૫૭

(૪૫૪)

અભિમાન અને સ્વમાન

અભિમાની આત્મા એવા શિખર ઉપર ચડયો હોય છે કે જે શિખર કેવળ દેખાવનું હોય છે તેનો નીચેનો ભાગ અસ્થિર અને તકલાદ્દી હોય છે એ ભાગ વારવાર ડગમગતો હોય છે ત્યાં ચડેલો બીજાઓને તુચ્છકારતો હોય છે એ કોઈની સાથે હળીમળી શકતો નથી જો સ્વય સમજીને શિખર ઉપરથી એ ઊતરી જાય તો તે બચી જાય એનુ વર્તુલ વધી જાય પણ એ બનવુ સહેલુ નથી એ

તો ત્યાં ચીટકી રહેવા પ્રયત્ન કરતો હોય છે ને છેવટે ત્યાંથી પતન પામે છે

સ્વમાનનું શિખર એવું સુંદર છે કે જ્યાં કોઈ પણ પ્રકારની કટુતા ન હોવા છતાં ઉચ્ચતા છે એ શિખર પર ચડેલાની સતત ઉન્નતિ થયા કરે છે તેના પર ચડેલા યોગ્ય આત્માનું કદી પણ પતન થતું નથી ફક્ત એના પર ચડવું સહેલું નથી તા ૨-૧૨-૧૯૫૭

(૪૫૪)

મારી આશાઓ

મારી આશાઓ સફળ થાય એનો આનંદ અનુભવવો પણ કદાચ એ સફળ ન થાય તો નિરાશ કે હતાશ ન બનતાં એ શાથી સફળ નથી થઈ તેની વિચારણા કરવી પણ તે એ માટે યોગ્ય નથી અથવા અમુકે વિઘ્ન નાખ્યું માટે સફળતા ન મળી ઈત્યાદિ વિચારો કરીને કટુચિંતતા વધારવી નહિ સારી આશાઓ અંગે કરાએલા નિષ્ફળ પ્રયત્નો પણ ઘણા કિંમતી અને સાર્થક છે તા ૧૫-૧૨-૧૯૫૭

(૪૫૫)

ઉત્તમ અને તુચ્છ ફળ

ઉત્તમ ફળ મેળવવા માટે થોડો વિલંબ સહન કરવો પડે પણ ઉત્સુકતા અને અધીરાઈથી તુચ્છ ફળ લઈને સંતોષ કે ગર્વ લેવો એ ડહાપણ નથી યોગ્યતા અનુસાર યોગ્ય ફળ સંતોષજનક થાય એ કાંઈ ઓછું નથી તા ૧૫-૧૨-૧૯૫૭

(૪૫૬)

નહિ તો પછીથી પસ્તાશો

તમે તમારી શક્તિનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવો એનો વિચાર કરો છો? જ્યારે તમે એ વિચાર કરતા હશો ત્યારે તમને

એમાંથી શા શા લાભ થાય છે તેનું તારવણ શરૂ થશે, એ તારવણ તમારી સમજણ પ્રમાણે તમે નક્કી કરશો, પાછળથી વિશેષ લાભવાળા કાર્યમાં તમે તમારી શક્તિનો ઉપયોગ કરવાનું વિચારશો પણ એ ઉપયોગ કરતાં પહેલાં તમારે અનેક ગેરસમજુતિઓ-પ્રમાદ-ઈર્ષ્યા-ચીડ-મદતા મદ-વગેરે દૂર કરવા પડશે અને સમજણ શાન્ત ખીલવવી જોઈશે નહિ તો પાછળથી પશ્ચાતાપ થશે તા ૧૫-૧૨-૧૯૫૭

(૪૫૭)

જ્ઞાનને પચાવવું

જ્ઞાન એ અમુક સ્થિતિમાં ખોરાક જેવો પદાર્થ છે, જેમ અમુક પ્રકારનો ખોરાક અમુકને માફક આવે છે અને અમુક પ્રકારનો ખોરાક અમુકને માફક નથી આવતો, તેમ અમુક પ્રકારનું જ્ઞાન અમુકને માફક આવે છે અને અમુક પ્રકારનું જ્ઞાન અમુકને માફક આવતું નથી છતાં સંયોગવશાત્ તે સમયે માફક ન આવતું પણ માફક આવી જાય છે મન ગમતો ખોરાક પણ વધારે પડતો પાચન શક્તિનો વિચાર કર્યા વગર વાપરવાથી જેમ અજીર્ણ થાય છે અને તેમાંથી અનેક રોગો જન્મે છે તેમ જ્ઞાન પણ ન પચે તો અજીર્ણ થાય છે અને તેમાંથી અનેક દોષો જન્મે છે એવી સ્થિતિમાં ઉચિત ઔષધ લેવું આવશ્યક છે એથી સમીકરણ થાય છે અને પરિણામ સારૂ આવે છે

તા ૧૫-૧૨-૧૯૫૭

(૪૫૮)

સદ્વિચારોની અગત્ય

જગતને સૂર્યના પ્રકાશની જેટલી જરૂર છે, ચન્દ્રની ચાંદની જેટલી આવશ્યક છે, મેઘના વરસાદની જેટલી અનિવાર્યતા છે, તેટલી જ નહિ પણ તેથી વધારે સુજ્ઞ પુરૂષોના સદ્વિચારોની અગત્ય છે

 તા ૨૭-૧૨-૧૯૫૭

(૪૫૯)

ત્યારે જીભ નહીં ઊપડે

જ્યારે ઘેર અંધારું ઘેરાતું હોય, જંગલમાં ભૂલ્યા પડ્યા હોઈએ, વાઘ-વરૂ વગેરેની ભીતિ સામે ઘૂરકતી હોય ત્યારે જે યાદ આવે-જે રક્ષણ કરે-જેનું શરણ મીઠું લાગે-એ સર્વસ્વ છે, પણ પાછીથી એને ભૂલી જનાર જીવ ખરેખર ભૂલી જાય છે કે ફરી આવો પ્રસંગ આવશે ત્યારે તે શું કરશે શરણાગતવત્સલ શરણ આપવામાં વિલંબ નહિ કરે પણ શરણ માંગતાં ત્યારે જીભ નહીં ઊપડે   તા ૨૭-૧૨-૧૯૫૭

(૪૬૦)

વિલંબ અને ત્વરા

કાર્યસિદ્ધિમાં વિલંબ જે પ્રમાણે બાધક છે તે પ્રમાણે ત્વરા પણ બાધક છે, યથોચિત અવિલંબ અને અત્વરા જરૂરી તા ૪-૧-૧૯૫૮

(૪૬૧)

ભૂલમાં વધારો કરવો નહિ

પોતાની ભૂલને અંગે આવતા પરિણામોને અન્ય ઉપર આરોપણ કરવાથી બચી શકાતું નથી તેની નોંધ તો થતી હોય તે પ્રમાણે થઈ ગઈ હોય છે અન્ય ઉપર આરોપણ કરવાની ભૂલનો તેમાં વધારો પણ તેમાં ઉમેરાય છે, ભૂલથી અવશ્ય સત્વર બચવું જરૂરી છે

તા ૪-૧-૧૯૫૮

(૪૬૨)

પારકી આશા

કોઈની સહાય લેવી એ જુદી વાત છે અને કોઈને આધારે બેસી રહેવું એ જુદી વાત છે અન્યની આશા પરિણામે નિરાશ કરે છે એટલું જ નહિ પણ હતાશ પણ કરે છે   તા

(૪૬૩)

એ વિશેષ ભયકર છે

પારકે ઘરેણે વિભૂષિત દેખાવુ તેના કરતાં પણ છતી શક્તિએ કાઈપણ કર્યા વગર પારકા સત્કાર્યોથી સારા દેખાવુ એ વિશેષ ભયકર છે

તા ૪-૧-૧૯૫૮

(૪૬૪)

પ્રસગે પોતાનુ ખપમા આવે છે

થોડા પણ નિજના ગુણો પ્રસગે ખાસ કામમા આવે છે પણ પરના ઘણા ગુણો કાઇ કામમાં આવતા નથી તા ૪-૧-૧૯૫૮ ,

(૪૬૫)

એમા ધનની જરૂર અગત્માન નથી.

ધનથી દરેક કાર્ય સાધી શકાય છે એ પ્રકારની માન્યતા ઘણાંના મનમા ઘર કરી ગઈ હોય છે પણ એમાં સત્યાંશ કરતાં અસત્યાંશ વધારે છે ઘણા કાર્યો એવા છે કે જેમાં ધનની અગત્માન આવશ્યકતા નથી ભાવનાથી સિદ્ધ થતા બધા કાર્યો એ કોટિમા આવે છે વિશેષ તો ભાવનાથી સિદ્ધ થતાં કાર્યોને જો ધનથી સિદ્ધ કરવાનો-કરાવવાનો પ્રયત્ન કરવામા આવે છે તો તે કાય થતું નથી અને પરિણામ વિપરીત આવે છે પ્રેમ મૈત્રી, સદ્ભાવ પૂજ્યબુદ્ધિ કારુણ્ય ઔજ ય, દાક્ષિણ્ય ઉત્સાહ આવેશ વગેરે ભાવનાના વિવિધ પ્રકારો છે ભાવનાના એક એક પ્રકારમા એટલી શક્ત છે કે જે કાર્ય કરોડોની ભીત્ત્ત આપતા નથી થતુ તે કાર્ય એ શક્તિથી થાય છે વિશેષમાં થતાં કાર્યોનો મોટો લાભ ભાવનાને ફાળે જાય છે વર્તમાનમાં એ ભાવનાને બદલે ધનને વધારે કિંમતી અને વિશેષ શક્તિવાળુ ગણવામાં આવે છે એ આ કાળની કમનસીબી છે તા ૬-૧-૧૯૫૮

(૪૬૬)

પ્રમાદ

સારા કાર્યો-પોતાના લાભના કાર્યોનો વધારો રાખવો એ મોટો ગેરલાભ છે કાર્યો સારી રીતે કરવા માટે વિલંબ કરવો એ જુદી વાત છે અને પ્રમાદથી વિલંબ કરવો એ જુદી વાત છે પ્રમાદથી વિલંબ કરનારને કાર્યહાનિ થાય છે માટે પ્રમાદને દૂર કરીને હિતકાર્ય શીઘ્ર સાધવા તત્પર બનવુ તા ૭-૧-૧૯૫૮

(૪૬૭)

એને અમર કરી દેવુ એ કર્તવ્ય છે

જે પુષ્પ ખીલે છે તે જરૂર કરમાય છે, કરમાઈ જવુ એ તેનો સ્વભાવ છે-ધર્મ છે જે કરમાતું નથી તે ફૂલ નથી બનાવટી છે એ બનાવટી ફૂલમાં સાચા ફૂલની સુવાસ અને શોભા મળતી નથી સૌન્દર્ય અને સૌરભ ભર્યા ફૂલને એ ન કરમાય ત્યાં સુધીમાં અમર કરી દેવુ એ કર્તવ્ય છે તા ૮-૧-૧૯૫૮

(૪૬૮)

પુષ્પનુ મૂલ્ય

ફૂલમા જેટલુ સૌદર્ય અને સૌરભ હોય છે તેના પ્રમાણમા તેનું મૂલ્યાંકન થાય છે પ્રસગ વિશેષમાં ઉપરના ગુણોની અ૫તા હોય તો પણ મૂલ્યાંકન વિશેષ થઈ જાય છે પણ એ પ્રસગ વિશેષને આભારી છે એથી એનુ વાસ્તવિક મૂલ્ય થયુ ન ગણાય પોતાનું મૂલ્યાંકન આજની કરાવવા માટે એવુ વૈશિષ્ટ્ય પ્રાપ્ત કરવુ આવશ્યક છે તા ૯-૧-૧૯૫૮

(૪૬૯)

સુયોગ

વિદ્યા અને વિનયનો સુયોગ વિશ્વમા એવુ કોઈ વૈશિષ્ટ્ય નથી કે એને ન જમાવી શકે તા ૮-૧-૧૯૫૮

(૪૭૦)

વિનય વાસ્તન જોઈએ

વિનય જીવનમાં વણાઈ જાય એ ખરો વિનય બાકી કાર્ય સાધવા પૂરતો વિનય જગતમા ડગલે ને પગલે જોવા મળે છે એ કૃત્રિમ વિનયની પાછળ ભય કરતા છૂપાએની હોય છે એવા વિનયથી એકન્દર ગેરલાભ થાય છે ક્ષણિક સિદ્ધ થાય છે ક્ષણિક સિદ્ધિ થાય પણ પરિણામે અવિશ્વાસ જન્મે અને એથી નુકશાન થાય તા ૮-૧-૧૯૫૮

(૪૭૧)

ઈચ્છા ઉપર કાબૂ કેળવવો

ઈચ્છા થાય ત્યારે ક્ષણભર પણ તેને કાબૂમા રાખવી, પછી એ સારી હોય તો અનુસરવુ અને સારી ન હોય તો તેને દબાવી દેવી, પણ ઈચ્છા આપણને પોતાના દાસ બનાવીને આપણી પાસેથી કાર્ય લે એવુ તો નજ થવા દેવુ તા ૯-૧-૧૯૫૮

(૪૭૨)

સ્વહિતની તમન્ના

આત્મ ધન પ્રાપ્ત કરવા માટે તીવ્ર તમન્ના જાગૃત થવી જોઈએ એ તમન્ના પછીની વૃત્તિ ને પ્રવૃત્તિ કોઈ જુદીજ હોય છે જે પ્રમાણે વર્તમાનમાં ધણાંખરાં ને ભૌતિક સામગ્રીની કેવી ઈચ્છા હોય છે ? એ સામગ્રી મેળવવા માટે તે તે જન કેવા પ્રયત્નો કરે છે ? પોતાનું શકય સર્વ કેવું કરી છૂટે છે ? કારણ કે તેને તેની તમન્ના છે પણ એવી તમન્ના—સ્વહિત માટે જાગૃત નથી થઈ કારણ કે સ્વહિત શું છે ? એ હજુ સમજાયુ નથી એ સમજાય તો પછી પૂછવુજ શું !

તા ૧૪-૧-૧૯૫૮

(૪૭૩)

સવેદન પૂર્વકની પ્રાર્થના કરવી

પ્રભુની પાસે પ્રાર્થના સ્તુતિ સ્તવના વિજ્ઞપ્તિ આરજૂ અનેક

રીતે અનેક આત્માઓ કરે છે જુદા જુદા કવિઓના રચેલા પદો ગાય છે, પણ તેમાં સંવેદન ઘણુંજ અ પ જોવા મળે છે ખરી ખૂબી સંવેદનમાં છે ઘણી વખત તો ગાનાર કાંઈક બોલતો હોય છે અને અભિનય કાંઈક કરતો હોય છે એ અભિનય જો અ રની તીવ્ર વેદના જન્ય હોય તો તો સારૂ પણ ગાનાર એમ માનતો હોય છે કે આ ગીતને અનુરૂપ હું આ અભિનય કરી રહ્યુ ત્યારે એ એટલું વિચિત્ર લાગે છે કે સહૃદયને શરમાવુ પડે નાનો બાળક પણ પોતાનું કથન ભાવપૂર્વક કહે છે ત્યારે પ્રભુ પાસે કથનીય કહેતા પણ ન આવડે તો કાર્યસિદ્ધિ કેમ થાય એ ન આવડતુ હોય તો શિખવુ જોઈએ શિખવાની ઇચ્છા થવી જોઈએ સંવેદન જાગૃત કરવા માટે યત્નશીલ બનવુ જરૂરી છે તા ૧૪-૧-૧૯૫૮

(૪૭૪)

એમાથી છૂટવાની આવશ્યકતા છે

જ્યારે ખાવુ જોઈએ ત્યારે ખવાતું નથી ને ન ખાવુ જોઈએ ત્યારે ન ખાવાનું ખૂબ ખવાઇ જાય છે એજ પ્રમાણે જવુ હોય ત્યારે જવાતુ નથી અને ન જવુ હોય ત્યારે ન જવાને સ્થળે ચાલ્યા જવાય છે, બોલવામાં સૂવામાં, વગેરે દરેક કાર્યમા કાંઈ ને કાંઈ ફેરફાર થઈ જાય છે આમ થવામા મુખ્ય કારણ અજ્ઞાન મોહ પ્રમાદ, અને વિઘ્નનું બાહુલ્ય છે આ બધા આત્મકૃત ભૂલના પરિણામ છે એમાંથી છૂટવા માટે આત્માને જાગૃત કરવો એ પરમ આવશ્યક છે

તા ૩૧-૧-૧૯૫૮

(૪૭૫)

નહિ તો પતન થતા વાર નહિ થાય

કોઈ પણ વજનવાળા પદાર્થનું ઊર્ધ્વગમન સહજ નથી એ માટે પ્રબળ પ્રયત્નની જરૂર છે અધ પતન સહજ છે એ માટે બહુ પ્રયત્નની જરૂર

નથી જીવનને ઊ ર્ધ્વગામી બનાવવા માટે ચીવટ અને યોગ્ય સાધનોનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ, અન્યથા ઉન્ચ જીવનનું પણ અધ પતન થતા વાર લાગતી નથી તા ૧-૭-૧૯૫૮

(૪૭૬)

જાગ્યા ત્યાથી સવાર

કેટલીક વખત પતન સપૂર્ણ ન થાય ત્યાં સુધી ઊર્ધ્વગમન નથી થતુ એમ લાગે છે, પણ એ પ્રમાણે સવ ત્ર થતું હોય એમ નહિ ઊલટુ ઘણી વખત પૂર્ણ અધ પતન થયા બાદ ત્યા કેટલો સમય જાય છે એનું કાઈ પણ ઠેકાણુ રહેતુ નથી ઘણાં આત્માઓનું સપૂર્ણ અધ પતન થયા બાદ અનતકાળ વ્યતીત થાય પછી ધીરે ધીરે ઊર્ધ્વગમન શરૂ થાય છે એટલે અધ પતનમાં જવાથી પાછુ ફરાય ત્યાથી પાછુ ફરવુ હિતાવહ છે તા ૧-૨-૧૯૫૮

(૪૭૭)

સમય આવ્યે સર્વ થાય છે.

સામે જ પદાર્થ પડ્યો હોય છે અને એની શોધ કરવામાં પાર નથી આવતો, આખરે કટાળીને શોધ કરવી પણ પડતી મૂકવાનું મન થાય છે, પણ પદાર્થની જરૂર એવી છે કે થોડો થાક ખાઈને વળી શોધ કરવાનું શરૂ કરાય છે પદાર્થ મળતો નથી અને મળે છે ત્યારે એક જ ક્ષણમાં મળે છે આમ કેમ બનતુ હશે ? આમ કેમ બને છે ? એનો વિચાર ઘણા ઓછા માણસો કરે છે મોટે ભાગે આવુ બને છે ત્યારે માણસને આશ્ચર્ય જ અનુભવાય છે પોતાની સમ્મૂઢતા ઉપર હસવુ પણ આવે છે પણ આમ બને છે એ અસહજ નથી વસ્તુની પ્રાપ્તિમા આવશ્યક કા ણ સામગ્રી જ્યા સુધી નથી મળી ત્યા સુધી એ પ્રમાણે બનવાનુ જ આપણી મૂકેલી કિમતી વસ્તુ પણ આપણા અષ્ટની ખામીને કારણે ભવિતવ્યતાના પરિપાકને વાર હોય ત્યા સુધી તે નહિ મળવાની અને જ્યારે ઉપરોક્ત સામગ્રીપૂર્ણ થશે એટલે એજ

–ર આ વચને આવી મળે છે કાળ દર્શન સમજણપૂર્વકમાં પણ છ અનુક્રમ અનુભવ અમુક પ્રકારનો સમજણ આવતી નથી પણ નિત્યવ્યવહારમાં આવે ... નથી કરતી. અને અનુકરણ અનીને થાય એટલે એ સમજણ સહજપણે આવે છે   તા° ૨–૨ ૧૯૫૮

(૪૦૮)

વસ્તુ માત્ર નવી છે

નવુ નવુ વસ્તુ નવુ નવુ જોવુ નવુ નવુ ખાવુ—પીવુ વગેરે મનુષ્યને ગમે છે અને કહેવાય છે કે—મનનો નવીનપ્રિય । પણ એ પ્રમાણે નવીન-નવીન પદાર્થો પ્રત્યે પ્રીત રાખવી એ કોઈક પ્રકૃતિસિદ્ધ હોવા છતા તેમા અસ્થિરતાના દશા જરૂર જુદા છે એટલે પદાર્થની નવીનતાનો અર્થ જુદા જુદા—નવા નવા પદાર્થો પ્રત્યે મનને ખેંચવા કરવુ એવો ન કરતા એકજ પદાર્થમા પ્રતિદિન નવા નવા ભાવ મેળવતા શીખવુ એ રીત ઘણી જ ઉત્તમ છે એ રીત આત્મસાત્ થાય તો તુચ્છ પદાર્થો તરફનુ ખાસ આકર્ષણ ન રહે અને ગંભીર ભાવો ભર્યા પદાર્થો પ્રત્યે આત્મા ખેંચાય. સાથે સાથે તુચ્છ પદાર્થોમા પણ ગંભીર ભાવો વિચારવાનુ મન થાય એથી કેટલાક સાર—પદાર્થોના ઉત્તમ લાભ મળે છે

નવી નવી વાતો સાંભળવી નવા નવા પુસ્તકો વાંચવા એ પ્રમાણે બધા જનો પ્રવૃત્તિ કરે છે પણ એકની એક વાતને વાગોળવી-વિચારવી મંથન કરવુ ને તેમાથી રહસ્ય મેળવવુ એ તો વિરલા જ કરે છે તત્ત્વ મેળવવાનુ એ પરમ કારણ છે   તા° ૨–૨–૧૯૫૮

(૪૦૯)

સારી વાતમા રસ લેવો

કોઈ સારી અને ઉપયોગી વાત પણ જ્યા સુધી એમાં રસ ન પડે ત્યા સુધી ... નથી ઉપેક્ષાપૂર્વક એવી વાતો

અથવા વાચવાથી કંટાળો આવે છે અને એ કંટાળો વાતની મહત્તાને મારી નાખે એવુ આચરણ કરાવે છે પછીથી જ્યારે એ વાતની ઉપયોગિતા તરફ લક્ષ્ય જાય છે ત્યારે પ્રથમ કેળવેલો ઉપેક્ષા ભાવ આડો આવે છે અને વ્યથિત કરે છે માટે નાની-ટૂંકી કે મોટી પણ હિતની વાતમા રસ કેળવવો તા ૨-૨-૧૯૫૮

(૪૮૦)

કિંમત કરવા માટે અનેક દૃષ્ટિની જરૂર છે.

સમયે મળેલી ચીજ ગમે તેવી હોય તો પણ તેનું મૂલ્ય વધુ પડતું અકાય છે અને મૂલ્ય ભરી વસ્તુ પણ અસમયે મળી હોય તો તેનું મૂલ્ય ઘટી જાય છે પણ આ વસ્તુનુ મૂલ્ય કરવાની એક દૃષ્ટિ છે આ એક જ દૃષ્ટિ કેળવીને વસ્તુનું મૂલ્ય કરનારને ઘણુ ગુમાવવુ પડે છે માટે વસ્તુનુ વાસ્તવિક મૂલ્ય વિચારવા માટે અનેક દૃષ્ટિઓ કેળવવાની જરૂર છે તા ૩-૨-૧૯૫૮

(૪૮૧)

અમલમા મૂકીને અપાતો ઉપદેશ કારગત બને છે

યોગ્ય સલાહ પોતે અમલમા મૂકી શકે એવી સ્થિતમા હોવા છતા જો અમલમા મૂકયા વગર આપવામાં આવે છે, તો તે કારગત બનતી નથી માટે સલાહને કારગત બનાવવા માટે પ્રથમ તે પ્રમાણે અનુસરવુ જરૂરી છે એવા કોઈ મહત્ત્વના બાહ્ય કારણસર ન અનુસરી શકાતું હોય એ જુદી વાત છે તા ૩-૨-૧૯૫૮

(૪૮૨)

તરી શકનાર સહેલાઈથી તારી શકે છે

પોતે તરનાર જેટલી સહેલાઈથી બીજાને તારી શકે છે-તરાવી શકે છે એટલી સહેલાઈથી પોતાને તરતા ન આવડતુ હોય તે તારી કે તરાવી શકતો નથી તા ૩-૨-૧૯૫૮

(૪૮૩)

એ નિન્દા નથી

દુષ્ટોની નિં। કરવી એ જુદી વાત છે અને દુષ્ટોને ઓળખીને પોતે સાવધ રહેવુ અને બીજાને સાવધ રાખવા એ જુદી વાત છે દુષ્ટોથી બચવા માટે પ્રયત્નો કરવા એ નિંદા નથી તા ૩-૨-૧૯૫૮

(૪૮૪)

મુખ્ય પ્રવેશ દ્વાર

આત્મારૂપી મહાલયમા સારી કે ખોટી વસ્તુઓના પ્રવેશ માટે ચિત્ત એ મુખ્ય દ્વા ને કયારે બંધ રાખવુ અને કયારે ઊઘાડુ રાખવુ એ શિખવુ બહુ અગત્યનું છે જો એ આવડી જાય તો બેડો પાર થતા વાર ન લાગે તા ૩-૨-૧૯૫૮

(૪૮૫)

એ વગર એ ન બને

શિખરને સર કરવા માટે શરૂઆતમાં પર્વતની પ્રાથમિક ભૂમિકાઓ પરિચય સાવધતા પૂર્વક કરવો અનિવાર્ય છે તા ૩-૨-૧૯૫૮

(૪૮૬)

હાસ્યના હાસીપાત્ર ન બનતા

તમારે હસવુ હોય તો જરૂર હસજો પણ તમે હસતા હો ત્યારે હાસ્ય તમારૂ હાસ્ય કરે એ રીતે કદી પણ હસતા નહિ તા ૩-૨-૧૯૫૮

(૪૮૭)

રુદન પર હસો નહિ

તમે હસો એમા અમને કાંઈ વાંધો નથી, પણ તમે બીજાના રુદન ઉપર હસો એ અમને જરા પણ રુચતુ નથી તા ૩-૨-૧૯૫૮

(૪૮૮)

જી. ઓ. ડી.

જી ઓ ડી (GOD)ની ઉપાસના કરતા આવડે તો બરાબર છે નહિ તો એજ અક્ષરો અવળા થઈને ફરડે છે તા ૩-૨-૧૯૫૮

(૪૮૯)

પરિણામે મધુર એ મધુર

મધુર લાગે એટલે સારૂ એમ કદી પણ ન માનવુ અને મધુર ન લાગે એટલે ખરાબ એમ પણ ન માનવુ મધુર તો વિષપણ લગે છે એટલે તેને સારૂ કેમ કહેવાય? ઔષધ મધુર મધુર નથી લાગતુ એટલે તેને ખરાબ કહેવાય? હિતકર હોય તો મધુર બનાવવા શિખવુ એ ઉત્તમ છે તા ૩-૨-૧૯૫૮

(૪૯૦)

નાની વાતને મોટુ રૂપ આપવુ એ મૂર્ખાઈ છે

અણસમજુ માણસો નાની વાતને એવુ મોટુ રૂપ આપી દે છે કે જેથી પોતાની અને સામાની ઘણી મોટી વાતો બગડી જાય છે તે તરફ તેમનું લક્ષ્ય જતુ નથી કોઈ લક્ષ્ય દોરે તો પણ તેમને સમજાતુ નથી છેવટે ગેર સમજના ભોગ બનવુ પડે છે-ત્યારે કાંઈક ખ્યાલ આવે છે

(૪૯૧)

ફક્ત ભૂલોને યાદ કરવાથી ભૂલ સુધરતી નથી

ભૂતકાળની ભૂલો સુધારી લેવી એ માર્ગ છે ભૂતકાળની ભૂલોને સંભાર્યા કરવી અને સુધારવા માટે કાંઈપણ કરવુ નહિ, એના જેવી બીજી કોઈ ભૂલ નથી એથી ભૂલ સુધરતી નથી પણ ભૂલમા વધારો થયા કરે છે તા ૫-૨-૧૯૫૮

(૪૯૨)

બે પ્રકારની ભૂલ

કેટલીક ભૂલો એવી પરંપરા ઊભી કરે છે કે જ્યાંસુધી ભૂલ સુધારી લેવામાં નથી આવતી ત્યાં સુધી નુકશાન થયું જ જાય છે જ્યારે કેટલીક ભૂલો જ્યારે થાય છે ત્યારે જે નુકશાન કરવાનું હોય તે કરે છે પણ પછીથી તેની પરંપરા ચાલતી નથી એ પરંપરા ઉભી કરે એવી ભૂલોને સુધારી લેવામાં સહેજ પણ વિલંબ કરવો નહિ

તા ૫-૨-૧૯૫૮

(૪૯૩)

રુચિ-અરુચિ કેળવવી

આપણને ગમતા કાર્યો કરવાની અનુકૂળતા રહે એમાં આનંદ ઘણો આવે છે પણ એવી અનુકૂળતા મળતી જ એ સંદેહ નથી પણ ન ગમતા હોય છતાં લાભદાયક હોય તો તે કાર્ય કરવાની રુચિ કેળવવી જોઈએ રુચિ કેળવાયા બાદ લાભ આપનારા કાર્યો ગમતા થાય છે ગમી જાય પછી તો પૂછવું જ શું! જ્યારે આપણને ગમતા હોય છતાં લાભદાયક ન હોય તો તેના તરફની રુચિ દૂર કરવા પ્રયત્ન કરવો

તા ૫-૨-૧૯૫૮

(૪૯૪)

કેટલું મહત્ત્વ આપવું એ વિચારવા જેવું છે

કોઈપણ પ્રસંગ આપણને અનુકૂળ હોય કે પ્રતિકૂળ પણ એને કેટલું મહત્ત્વ આપવું એ આપણા હાથની વાત છે ઘણા ઘણી વખત નજીવી વાતને મોટું રૂપ આપી દે છે એ જેમ વ્યાજબી નથી એ પ્રમાણે મહત્ત્વની વાતને નાનું રૂપ આપવું એ પણ વ્યાજબી નથી કોઈપણ પ્રકારનું નુકશાન ન થાય એ પ્રમાણે વિચારવું એ હિતકર છે

તા ૫-૨-૧૯૫૮

(૪૯૫)

પ્રગતિ અને અવગતિને ઓળખવી

ક્ષણે ક્ષણે તમને થવુ જોઇએ કે આગળ વધાય છે ? કે પાછળ પડાય છે ? પ્રગતિ ચાલે છે કે અવગતિ ? તમે જેને પ્રગતિ માનતા હો તે ખરેખરી પ્રગતિ હોય એવુ નહિ એ અવગતિ પણ હોય તમે અવગતિને પ્રગતિ સમજી બેઠા હો એવુ અત્યારસુધી બહુધા બનતુ આ યુ છે એટલે ખરેખર પ્રગતિ શુ છે ? તેની સાચી સમજ મેળવીને તે માટેનો અ૫ પણ સત્ય પ્રયત્ન કરવો, તેથી અ૫ સમયમાં પરિણામ આશ્ચર્યજનક આવે તા ૬-૨-૧૯૫૮

(૪૯૬)

વર્તમાનમા કરતા રહેવુ

તમે ઘણું સારુ કાર્ય કર્યું હશે ને તેના સારા પરિણામો તમને વર્તમાનમાં મળ્યા છે, પણ તેથી તમે વર્તમાનમાં સારુ કાર્ય કરવાનુ છોડી દો એ કોઇ રીતે વ્યાજબી નથી જ્યાસુધી તમે પૂર્ણ નથી બન્યા ત્યા સુધી તમારે હજુ ઘણુ કરવાનુ છે તમે ન કરી શકો એવી સ્થિતિ હોય તો જુદી વાત, બાકી 'અમે ઘણું કર્યું છે' એમ માનીને જો તમે વર્તમાનમા નિષ્ક્રિય રહેતા હો તો તમને કાય કરતા નથી આવડયુ એમ જરૂર માનવુ જોઇએ બીજુ ભૂતકાળમાં ઘણાં સારા કાર્યો કર્યાં હોય અને વર્તમાનમાં સયોગ વશ ન બની શકતુ હોય ત્યારે ભૂતકાળને યાદ કરીને એવો ભૂતકાળ ક્યારે આવે એમ ઇચ્છવુ એ વ્યાજબી છે પણ વર્તમાનને નિંદવો એ કોઇ રીતે યોગ્ય નથી એમ કરવાથી વર્તમાન પરિસ્થિતિ દૂર થવાની નથી વિષમ પરિસ્થિતિમાં કોઈ અવળુ કાર્ય ન કરી બેસાય તેની કાળજી રાખવી જરૂરી છે એ કાળજી જરૂર ભવ્ય ભૂતકાળને પાછો ખેચી લાવશે અને તમે પુન પ્રકાશમાં આવી જશો

તા ૮-૨-૧૯૫૮

(४९७)

અધઃ પતન થાય એવો ભાર ન ભરવો

ભર્યા હોય તે ઉપર આવે અને ખાલી હોય તે નીચે જાય, એવું 'અલ્વ઼ ઘરી'માં પ્રત્યક્ષ જણાય છે પણ તે યોગ્ય પાત્રથી અગર તો અન્યથા વ્યર્થ પદાર્થથી ભરાએલા ભારથી અધઃ પતન જ પામે છે જ્યારે નકામા ભાર દૂર કરવામાં આવે ત્યારે જ ઊર્ધ્વ ગમન નભાવે છે કર્મએ વ્યર્થ છે અને જ્ઞાનાદિ ગુણો ઉપયુક્ત છે

તા. ૮-૨-૧૯૫૮

(४९८)

નકામું ભરતા નહિ

જ્યાં સુધી પાત્રમાં નકામા પદાર્થો ભરી રાખ્યા હોય છે ત્યાં સુધી તેમાં બીજા સારા પદાર્થો ભરી શકાતા નથી બીજા સારા પદાર્થો ભરવા માટે નકામા પદાર્થો કાઢી નાંખવા જરૂરી છે આ હકીકત– અન્નમાં તનમાં મનમાં, ચેતનમાં બધે વિચારવા જેવી છે અને ઉપયોગમાં મૂકવા જેવી છે

કક્ષા પ્રમાણે કામના અને નકામા એવો તફાવત જરૂર રહે છે પણ જે કક્ષા હોય ત્યાં યોગ્ય વિચારવાથી લાભ થાય છે

તા ૮-૨-૧૯૫૮

(४९९)

પ્રશમ

યોગ્ય પ્રસંગે કોઇને શિક્ષા કરવામાં છતે સામર્થ્યે શાંત ભાવને આગળ ધરીને શિક્ષાપાત્રને શિક્ષા કરવામાં ન આવે તો અનુચિત ગણાય છે એટલું જ નહિ પણ ગેરસમજની પુષ્ટિ થાય–છે વળી શિક્ષાપાત્રને યોગ્ય રીતે શિક્ષા કરવામાં અનુ[illegible] તો નથી—[illegible] [illegible]ૂલી રાખવી જોઈએ કે આમ કરવ[illegible]

માત્રા જોર તો કરતી નથી ને!—પણ જ્યારે તમારામા સામર્થ્ય જ નથી અને પ્રશમભાવને આડે ધરીને શાંત બેસી રહ્યા છો એ તો તદ્દન અનુચિત છે એવે પ્રસગે તમારે તમારા અસામર્થ્યને આગળ કરવુ ઉચિત છે કે જેથી પ્રશમભાવની અવહેલના ન થાય પ્રશમભાવની અવહેલના થાય એવુ વર્તન કરવુ એ મોટો અપરાધ છે

તા ૮-૨-૧૯૫૮

(૫૦૦)

માનવજીવન એક કલ્પવૃક્ષ છે.

કાળ રૂપી બગીચામા જીવન સ્વરૂપ અનેક વૃક્ષો ઊગે છે-વધે છે ને વિનય પામી જાય છે આમા એ વૃક્ષોનુ ધ્યાન રાખનાર માળી છે માળીને તેના ફળ મળે છે તે જેવા ફળ ચાહે તેવા મેળવી શકે છે પણ તે દુખદાયી ફળોને ચાહે છે કારણ કે આ ફળો દુખદાયી છે એવી તેને પૂરેપૂરી ખબર નથી ઉપર ઉપરથી સુદર દેખાતા ફળો ઉપર તે મોહી જાય છે ને દુખમાં ફસાઈ પડે છે પછી તેને તે દુખો ભોગવ્યે જ છૂટકો આ ભૂલ એ ન સુધારે ત્યા સુધી આમજ ચાલ્યા કરવાનું બધા વૃક્ષોમાં માનવજીવન એ કલ્પવૃક્ષ છે

તા ૧૨-૨-૧૯૫૮

(૫૦૧)

વચન અને વિચારનુ વર્ગીકરણ

કોઈ વસ્તુ સૂક્ષ્મપણે વિચારવા જેવી અને ઉપયોગમા લેવા જેવી હોય છે કોઈ વસ્તુ સ્થૂળ રીતે ઉપયોગમા આવે એવી હોય છે કોઈ બને રીતે ઉપયોગી હોય છે અને કોઇ બને રીતે નિરુપયોગી હોય છે

સૂક્ષ્મ ઉપયોગમા આવતી સોયને ખીલી તરીકે ઉપયોગમાં લેનાર પોતાનું કાર્ય સાધી શકતો નથી, મૂર્ખ ગણાય છે અને સોયનો નાશ કરે છે ખીલીનો સોય રૂપે ઉપયોગ કરનાર પણ ઉપહાસને પાત્ર બને છે કાગળ જેવી ચીજ બને પ્રકારના ઉપયોગમાં આવે છે એ તો

જેની જેવી આવડત અને યોગ્યતા કચરો સામાન્ય રીતે કોઈ પણ પ્રકારે ઉપયોગી નથી તે તો ફેંકી દેવો જ જોઈએ

વચન અને વિચારોમા શાસ્ત્ર સબધી જે છે તે સૂક્ષ્મ છે વ્યવહારના ચાલુ બન્ને સ્થુલ છે ઉન્નતિદાયક વ્યવહારના વચનો અને વિચારો બન્ને રીતે ઉપયોગી છે જ્યારે ગદા ને મલિન બન્ને રીતે નકામાં છે તા ૧૨-૨-૧૯૫૮

(૫૦૨)

આળસ કે શરમ ન રાખવી

પોતાને સમજ ન પડે એવી વાત સમજનાર પાસે સમજવામાં સંકોચ-શરમ કે આળસ જરી પણ કરવા નહિ. ૧૨-૨-૧૯૫૮

(૫૦૩)

યોગ્ય બનવુ જરૂરી છે

ગુણથી નીપજતા ગેરલાભમા જે મજા સમાએલી છે તેનો અશ પણ અવગુણથી મળતા લાભમા નથી પણ એ હકીકત સૌને સમજાતી નથી કે અનુભવાતી નથી એ સમજવા માટે અને અનુભવવા માટે યોગ્ય બનવુ જરૂરી છે ૧૨-૨-૧૯૫૮

(૫૦૪)

સહેલુ તો છે પણ-પછીથી

પોતાના મિથ્યાત્વને પુષ્ટ કરવા માટે શક્તિમાનજનો જે જહેમત ઉઠાવે છે તેનો અ૫ અશ પણ જો તેઓ સત્ય સમજવા માટે વાપરે તો પરિણામ ખરેખર અદ્ભુત આવે પણ એ રીતે પરિવર્તન થવુ અતિ મુશ્કેલ છે પ્રથમ મુશ્કેલી દૂર થાય તો પછી બધુ સરળ છે સહેલુ છે-સહજ છે માટે પ્રથમ મિથ્યાત્વને દૂર કરવા માટે સર્વ કોઈ કરી છૂટવુ જોઈએ ૧૨-૨-

(૫૦૫)

એ ન બનતુ હોય તો

વિશ્વમા જો વિરુદ્ધ વિચારના જીવો પોતાના વિચારનો પ્રચાર કરવા માટે પ્રયત્નો ન કરે તો સારા વિચારોનો પ્રચાર થવો સુલક્ષ થઈ જાય આ હકીકત વ્યક્તિ પોતે પોતાને માટે વિચારે અથવા સમષ્ટિ માટે વિચારે તો તો સહજ સમજાય તેમ છે પોતે સારા વિચારો સાંભળે છે વિચારે છે, પણ તેની વિરુદ્ધના વિચારો પણ તેને સાંભળવા પડે છે કેટલો બધો સમય તેમાં તેનો બગડે છે સારા વિચારો ટકાવી રાખવા માટે કેટલુ સામર્થ્ય તેને ફોરવવુ પડે છે આ બધુ સમષ્ટિમા પણ ચાલે જ છે તા ૧૨-૨-૧૯૫૮

(૫૦૬)

સમર્પણભાવ

કોઇપણ કાર્ય કરવુ એ જુદુ છે અને સમર્પિત ભાવે કરવુ એ જુદુ છે સમર્પિતભાવ વગર કરાતા કાર્યો મજુરી છે-વેઠ છે એ કાર્યો કરીને તેના બ નાની પ્રતીક્ષા રહે છે પ્રાપ્તિમાં અલ્પાધિકની વિચારણા ચાલે છે જ્યારે સમર્પિતભાવમાં એ કાંઈ હોતુ નથી સમર્પિત ભાવે કરેલા કાર્યનુ કાંઈ ફળ ન મળ્યુ ' એ જ વાક્ય કેટલુ વિચિત્ર અને વિરુધ્ધ લાગે છે સમર્પણ અને ફળનો સબધ શો ? ફળને માટે જ્યુ છે તો સમર્પણ ર્યુ ક્યા ? કાર્ય કરીને તેને સમર્પણ કરતાં શિખવુ દાન ધર્મની મહત્તા પણ આ શિક્ષણમા ખૂબ અગત્યનો ભાગ ભજવે છે-માટે છે સમર્પણ એટલે પ્રતિફળની ઇચ્છાનો નાશ, બ નાના ભાવનો વિધ્વસ એટલે જ શ્રી એ વધે એટલી મજા-રતિ પણ વધે તા ૧૩-૨-૧૯૫૮

(૫૦૭)

સાધર્મિક વાત્સલ્ય

જ્યારે સરકાર લાઠીમાં ઉતરે છે ત્યારે તે ખૂબ જ મજબૂત બની

નથ કે એ સંસ્કારને કોઈપણ તત્ત્વ સહેજે ભૂસી શકતુ નથી સેદીની ઈમ્પનિ અન્નાનિ નાના નિનિ અને સેદૂનિનિ સિંતિંનિિનિ ઈમિાદિલાિ નાખિશાદાિ આદિલાિ નાળિ નાખિ

રેક ક્ષેત્રમા રત્નમા રાજ નિષ્પન્ન કરવા માટે મહમોજન અનિવાર્ય મનાયુ છે ધાર્મિક પ્રસંગોમા તો એ વિશેષ અનિવાર્ય છે એટલા માટે એક બાજુ સર્વધર્મો અને બીજી બાજુ સાધર્મિક વાત્સલ્ય બને કર્યુ છે તા ૧૦-૨-૧૯૫૮

(૫૦૮)

લાભ કે ગેરલાભ પોતાના કરે છે

જે પ્રમાણે પોતાના જેને માન્યા છે તેનાથી લાભ થાય છે તે પ્રમાણે ગેરલાભ પણ તેનાથી જ થાય છે પોતાના જો સારા હોય તો લાભ અને ખરાબ હોય તો નુકશાન થાય બાકી બીજા લાભ કે નુકશાન કરી શકતા નથી આત્માને કર્મ નુકશાન કરે છે અને લાભ આપે છે તે પોતાના કર્યા પછીથી જ જ્યાં સુધી કર્મને પોતાના કર્યા નથી ત્યાં સુધી તે ગમે તેવા હોય તો પણ કાંઈ પણ કરી શકતા નથી તા ૧૩-૨-૧૯૫૮

(૫૦૯)

સમર્પિતના યોગક્ષેમ

સમર્પિત થયેલાનુ પાલન-પોષણ જીવ જીવના જોખમે કરે છે પણ સમર્પણ ખરેખરુ હોવુ જોઈએ જેમ શરીર કેવુ આત્મ સમર્પિત થયુ છે એ પ્રમાણે સમર્પિત થનારના યોગક્ષેમ ...

(૫૧૦)

વચન-ઔષધ અને કુપથ્ય

તમે તમારા હિતનુ કટુવચન પણ સાંભળવાની ટેવ પાડો કટુતા તો જીભને લાગે છે પણ પેટમાં ગયા પછી કાઈ કટુસ્વાદ રહેતો નથી એ જ પ્રમાણે કટુતા કર્ણને લાગે છે, મનમાં ઉતર્યા પછી તેની કટુતા શાંત થઈ જાય છે અપકાર કરનારા મિષ્ટ વચન માટે પણ આ પ્રમાણે સમજવુ જીભને મીઠું લાગે પણ પરિણામે વ્યાધિ વધારનાર હોય તો શા કામનું? કાનને ગમતું હોય પણ ચિત્તમા પેઠા પછી કુસંસ્કારને આપતુ હોય તો તે કેટલું ખરાબ? એટલે પરિણામ તરફ સતત લક્ષ્ય રાખવુ કટુ અને મિષ્ટ પરિણામો શુ છે એ સમજવુ જરૂરી છે અને એ સમજાય એટલે પરિવર્તન પણ કોઈ જુદું જ થઈ જાય એમા વાર ન લાગે તા ૧૩-૨-૧૯૫૮

(૫૧૧)

હિત એમા છે

ભાવે એ સારૂ—એ પ્રમાણેની માન્યતામા ઘણુ ગુમાવ્યુ, ઘણુ સહન કર્યું—પણ જો હવે બચવુ હોય તો જે સારૂ છે—તે ભાવે એવી કેળવણી લ્યો તેમાં હિત છે—શ્રેય છે, લાભ છે

તા ૧૩-૨-૧૯૫૮

(૫૧૨)

ઘર સળગાવીને આગ ન ફેલાવો

જેને પોતાની પચાત કરતા નથી આવડતી તેઓ પારકી પચાત કરવામા ખૂબ જ કાબેલ હોય છે એવા જીવો હમેશા પોતાનું ઘર સળગાવીને બીજાને પ્રકાશ આપવા વ્યર્થ પ્રયત્ન કરતા હોય છે એથી પ્રકાશ તો નથી પથરાતો પણ આગ જ વધતી હોય છે

૧૩-૨-૧૯૫૮

(૫૧૩)

વિવેકથી વિચારજો

સહુ કોઈ પોતપોતાનું ગાયા કરે છે એ બહુધા સત્ય હોવા છતા સર્વત્ર એવું નથી એવા પણ મહાપુરુષો વિશ્વમા છે કે જેઓ પોતાનું અને પરનું એવો ભેદ રાખ્યા વગર સત્યને શિવ જે કાંઈ હોય તેનું ગાન ગાય છે ભૂલેચૂકે પણ એવું ગીત ગાનારાઓને સહુ પોતપોતાનું ગાયા કરે છે એની ભેગા ભેળવવા નહિ એવા આદર્શોથી વિશ્વ ઉજ્જવળ છે ૧૩-૨-૧૯૫૮

(૫૧૪)

પુરાણમ્

પુરાણમિત્યેવ ન સાધુસર્વમ્—જુનું એટલુ સોનું, પણ જુનુ એટલું બધું એ સોનું નહિ ઉપરની પ્રાચીન ઉક્તિ અનુસાર જુનું હોવા માત્રથી સારૂ એમ માની ન લેવુ પણ તેના સારાપણાની ચીવટપૂર્વક પરીક્ષા કરવી જરૂરી છે આમ હોવા છતાં ઘણા વિચિત્ર પ્રકૃતિના માણસો જુનું એટલુ બધુ સાચી કે ખોટી રીતે તર્ક ઉપર ચડાવ્યા કરે છે, તેમના મનમા એવો તો ખોટો કદાગ્રહ બંધાયો હોય છે કે કુતર્કોનો આશ્રય કરીને જુનું એટલુ ખોટુ એવુ બતાવવા પ્રયત્નો કરે છે અને કેટલાક ભદ્ર લોકોને ભરમાવે છે

ઘણી જુની વાતો અને વસ્તુઓ એવી હોય છે કે તેથી લાભ જ થતો હોય છે તેને તર્ક પર ચડાવવામાં કોઈ બાધ હોતો નથી પણ એમાં સમય વ્યય કરવો એ તદ્દન નકામો છે વસ્તુના મૂલ્ય કરતા પરીક્ષણમાં વધારે મૂલ્ય આપવુ એ નરી મૂર્ખતા છે

તા ૧૩-૨-૧૯૫૮

(૫૧૫)

અન્તર સરસ જોઈએ

જીવનનો રસ સૂકાઈ જાય એ રીતે જીવન જીવવુ—એ જીવવું નથી

જીવનનો રસ સુકાય નહિ તે માટે બાહ્ય સાધનો જોઈએ જ એવુ કાંઈ નથી અન્તરની વૃત્તિ સરસ જોઈએ

તા ૧૬-૨-૧૯૫૮

(૫૧૬)

દયાની રીતે દયા કરવી

કોઈની ઉપર દયા કરતાં આપણે પોતે જો દયાપાત્ર બની જતા હોઈએ તો તેમા દયાનો દોષ નથી પણ દયા કરવાની રીતનો દોષ છે એવી રીતે કરાએલી દયા નિન્દ્ય છે મારા ગુણો એવી રીતે અનુસરવા જોઈએ કે જેથી—ગુણથી નિજનું અને નિજથી ગુણનું ગૌરવ વધે.

તા ૧૬-૨-૧૯૫૮

(૫૧૭)

દોષ ને ગુણ

પરના દૂષણો જોઈને બીજાની પાસે તે કહેવાનુ મન થાય ત્યારે જાણવુ કે તે દૂષણો પોતાને સેવવાનુ પ્રાપ્ત નથી થયુ—તેનો અસતોષ આ કરાવે છે એથી નિંદા—વૈર—ક્લેશ વગેરે જ મે છે

પરના ગુણો જોઇને અન્ય પાસે એ કહેવાનું—ગાવાનુ મન થાય ત્યારે માનવુ કે એ ગુણો પ્રત્યે પોતાને પક્ષપાત છે અને જેના ગુણો ગાવામા આવે છે તેમા આત્મીયતા છે

ઘણી વખત એવા ગુણો ગાનારા સ્વ–પરનો ભેદ પણ ભૂલી જાય છે

તા ૧૮-૨-૧૯૫૮

(૫૧૮)

મૂર્ખની ભૂલ

મૂર્ખ કે અજ્ઞાની જીવ ભૂલ કરતો નથી એ તો જે કરતો હોય છે તે જ કરતો હોય છે પણ જ્ઞાની અને સમજુ આત્માઓ તે

અજ્ઞાનીના કર્તવ્યને ભૂલ માનતા હોય છે ભૂલ સમજતા હોય છે ભૂલ માને કોઈ, અને કહે કોઈ, એથી તે સુધરે નહિ એ સુધારવા માટે તો જે ભૂલ કરે છે તે પોતે જ્ઞાની-સમજુ બને તો જ સુધરે એમને ભૂલોને દૂર કરવાનો પ્રશસ્ત ઉપાય એ છે કે ભૂલ કરનારને જ્ઞાની બનાવવો બાકી બળથી કરેલો ભૂલનો સુધારો લાંબો સમય ટકતો નથી

તા ૧૮-૨-૧૯૫૨

(૫૧૯)

સિક્કો

કાગળની આમ તો કાંઈ વિશેષ કિંમત નથી પણ તેના પર યોગ્ય સિક્કો લાગ્યા પછી તેની કિંમત ગણાય છે એથી વિશેષ કિંમતવાળા બીજા પણ ઘણા હોય છે પણ વ્યવહારમા લેવડ-દેવડ કરતી વખતે તેનો ઉપયોગ થઈ શકતો નથી વ્યવહારમા તો સિક્કાવાળા કાગળનો ઉપયોગ થાય છે અભ્યંતર દશામા ઉચ્ચસ્થિતિ અનુભવતા આત્માઓ જો વ્યવહારથી હીન દશા અનુભવતા હોય તેથી હીન છે એમ નહિ પણ વ્યવહારમા તેનો ઉપયોગ થવો જોઈએ એવો આગ્રહ રાખવો એ ઉચિત નથી વ્યવહારમાં તો સિક્કો હોય એ જ જોવાય છે

તા ૧૯-૨-૧૯૫૨

(૫૨૦)

એનુ બધુ એ કાઢી નાખવા જેવુ નથી

ગાંડા માણસો જે કાંઈ બોલતા હોય કે કરતા હોય એ બધુએ ગાંડપણમા કાઢી નાખવા જેવુ હોતુ નથી તેમના કેટલાક કર્તવ્યો અને વચનો ખૂબ જ ડહાપણભર્યા હોય છે પણ એ તારવી કાઢવુ સહેલુ હોતુ નથી

(૫૨૧)

એનો પ્રયોગ ક્યારે થઈ પડે છે

અનુભવીઓ અને જ્ઞાનીઓના નિશ્ચયોને પ્રયોગ કરીને સાચા માનવાનો આગ્રહ અહિત કરે છે અને કરાવે છે એ વચનો તો આંખ મીંચીને સ્વીકારી લેવાથી જ લાભ થાય છે એટલી તૈયારી ન હોય તો તેના પ્રયોગો કરનારા પણ ઘણાં છે ને તેઓની સ્થિતિ શું થઈ છે ને થાય છે એ પણ દીવા જેવું છે તે તરફ જોવાથી પોતે શું કરવું એની સમજણ પડી જશે. તા ૨૨-૨-૧૯૫૮

(૫૨૨)

બેવડું નુકસાન ને બેવડો લાભ

તમને તમારા વડીલો શિખામણ આપે છે ત્યારે રુચતું નથી પણ તેથી તમને બેવડું નુકસાન થાય છે, તેનો તમને ખ્યાલ નથી એક તો એ શિખામણને તમે અમલમાં નથી મૂકતા એથી ગેરલાભ થાય છે અને બીજું વડીલોનો તમારા તરફનો પ્રેમ ઓછો થાય છે– એ વડીલોનો પ્રેમ ઓછો થાય એ ગેરલાભ નાનોસૂનો નથી પણ તમને તેનો ખ્યાલ તુરત નથી આવતો જ્યારે એ પ્રેમ ઓછો થવાને પરિણામે જે ગેરલાભ આગળ આવે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે બીજી તરફ વડીલોની શિખામણને હર્ષપૂર્વક–કડવી હોય તો પણ મીઠી કરીને અમલમાં મૂકનારને બમણો લાભ થાય છે–એક તો એ હિતશિખામણથી થતો લાભ અને બીજો વડીલોની પ્રીતિ આ વાત વારવાર વિચારીને અમલમાં મૂકનારનું હમેશા ઉજ્જવળ રહે છે

તા ૨૬-૨-૧૯૫૮

(૫૨૩)

સમયને સાર્થક કરવો

અમુક કાર્ય થાય તો જ સમયની સાર્થકતા છે એમ માનીને ચાલુ સમયને વ્યર્થ જવા દેવો એ ગંભીર ભૂલ છે ઉચ્ચ ધ્યેય સિદ્ધ

(૫૨૭)

શુદ્ધ ભક્તિરાગ

શુદ્ધ ભક્તિરાગ આત્માને મુક્તિની ખૂબ જ નિકટ લાવીને મૂકે છે પણ એ કેળવવા માટે ખૂબ પ્રયાસની આવશ્યકતા છે

તા ૨૭-૨-૧૯૫૮

(૫૨૮)

ભૂમિકા અનુસાર કર્તવ્ય કરવા જોઈએ

સ્નેહ, વાત્સલ્ય, બંધુત્વ અને ભક્તિ એ પ્રણયની ઉત્તરોત્તર ઊંચી ભૂમિકાઓ છે એ ભૂમિકાઓથી આગળ વધેલ વૈરાગ્ય છે એટલે વૈરાગ્યવાસિત આત્માનાં કર્તવ્યો એવાં હોય છે કે જેની પાસે સ્નેહાદિનાં કાર્યો નિસ્તેજ લાગતાં હોય છે જેઓ વૈરાગ્યની ઉચ્ચ ભૂમિકા ઉપર ન પહોંચ્યા હોય અને તેવા આત્માઓના કર્તવ્યોને આગળ કરીને પોતાને જે કર્તવ્યો કરવા યોગ્ય છે તે ન કરે તો તે કર્તવ્ય-ચ્યુત બને છે અને આગળ વધી શકતો નથી દરેકે પોતાની ભૂમિકા પ્રમાણે કર્તવ્યો બજાવીને આગળ વધવું જોઈએ

તા ૨૭-૨-૧૯૫૮

(૫૨૯)

એ મહા અજ્ઞાન છે

વૈરાગ્યની ભૂમિકા પર રહેલાને નીચેની ભૂમિકાના કર્તવ્યો ન કરવા બદલ અકર્તવ્યશીલ માનવા એ મહા-અજ્ઞાન છે

તા ૨૭-૨-૧૯૫૮

(૫૩૦)

એવાઓથી સાવધ રહેવું

કેટલાક વિચિત્ર પ્રકૃતિના જીવો પોતાની તુચ્છ વૃત્તિઓને સંતોષવા માટે ઉચ્ચ ગુણોની ઓથ લે છે તેમનાં ઉપકારની ભીતરમાં અપકાર

હોય છે તેમના બ ધુત્વમા શત્રુત્વ
ભર હોય છે તેમના વૈરાગ્યમા રાગ-નેહ
મતત સાવધ રહેવુ સાધકને માટે આવશ્યક

(૫૩૧)

યોગ્યતા વધારવી

તમે તમને ખુબ જ યોગ્ય
વિચારણાઓ કરજો એટલે તમને
છો તમે જે પ્રવૃત્તિ કરો છો ને
બોલો છો તેમાનુ અર્ધુ પણ
છો તે તો લગભગ નિષ્ફળ
પરિણામ ઉપજાવે તો તમારી
સ્થિતિ કેવી હોય ! તમે જેમ જેમ
તેમ તેમ તમારી યોગ્યતા વધારશો
તમારી બાજુ વધસે

(૫૩૩)

અસાર અને અધ્યાત્મ

બહારના ભાવો અન્તરમા
અસાર અને અન્તરના
નામ અધ્યાત્મ

અન્તરનો

અ તરના
વાળાને અન્તરનો
અવાજ આવતો
સકાય નહિ

વધુ પડતુ ખાવાથી
તે સુકાય છે અને વધુ
તાપ બાળે છે અને
રીમા પ્રમાણ આવશ્યક
સમજાય છે અથવા
છતા ટકો માર્ગ છે
તા ૨૮-૨-૧૯૫૮

માર્ગ છે

વી-રાખવી પણ એ
શોભતી નથી એ
સફળ કરવા યથાયોગ્ય
સફળ થતી જાય
ત્ર-પુષ્પાદિ આવતા
તા ૨૮-૨-૧૯૫૮

સત્ય શરૂઆતમા
છે જ્યારે અસત્ય
તા ૨૮-૨-૧૯૫૮

વધારે છે
તા પડે છે તેના કરતાં

(૫૩૪)

પ્રતિબિંબ

પ્રતિબિંબ મલિન પદાર્થોમાં પડતું નથી પ્રતિબિંબ જેમાં પડે છે તે પદાર્થ જો ખામીવાળો હોય તો પ્રતિબિંબ ખામીવાળું પડે છે અને તે ખામીઓ પ્રતિબિંબ પાડનાર પદાર્થની છે એ સ્પષ્ટ સમજાય છે પણ જ્યારે પ્રતિબિંબ પાડનાર પદાર્થ સ્વચ્છ અને શુધ્ધ હોય ત્યારે જે ક્ષતિઓ પ્રતિબિંબમાં જણાય તે ક્ષતિઓ એ પ્રતિબિંબ જેતું છે તેની છે એમ ચોક્કસ સમજવું તેમાં પ્રતિબિંબ પાડનાર પદાર્થને દૂષિત ગણવું નહિ ता २७-२-१९५८

(૫૩૫)

એને તો સદાને માટે પાનખર છે

પાનખર આવે છે ત્યારે વૃક્ષનાં પાંદડાઓ ખરી પડે છે, પણ વૃક્ષનું મૂળ સજીવ હોવાને કારણે બીજા પાંદડાઓ આવે છે અને વૃક્ષ ફરીથી નવ પલ્લવિત થાય છે જ્યારે વૃક્ષનું મૂળ ખવાઇ જાય છે—નિર્જીવ થઇ જાય છે ત્યારે વસંત હોય તો પણ તે નવ પલ્લવિત બની શકતું નથી, એને તો—ત્યાર પછી—સદાને માટે પાનખર છે

ता २८-२-१९५८

(૫૩૬)

એ કાર્ય વધારે કઠિન છે

સસ્કારપ્રિય માણસોને ઊંચા સસ્કારો આપવા એ સરલ કાર્ય છે જ્યારે અસસ્કારી જીવોને પ્રાથમિક સસ્કારો આપવા એ કપરૂ કાર્ય છે

અભ્યાસીને વિશિષ્ટ ગ્રથોનો અભ્યાસ કરાવવામાં જે શ્રમ નથી પડતો તે કરતાં ઘણો જ વધારે શ્રમ બાળકોને એકડા-બગડા અને ક-ખ શિખવવામાં પડે છે ता २८-२-१९५८

(૫૩૭)

માપનું જ્ઞાન મુશ્કેલ છે

ઓછું ખાવાથી અતૃપ્તિ રહે છે અને વધુ પડતું ખાવાથી અજીર્ણ થાય છે, છોડને ઓછું પાણી પાવાથી તે સુકાય છે અને વધુ પડતું પાણી પાવાથી તે સડે છે. વધુ પડતો તાપ બાળે છે અને તાપની અલ્પતા જડતા જ લાવે છે. દરેક પદાર્થોમાં પ્રમાણ આવશ્યક છે. તેનું કેટલું પ્રમાણ એ વિશિષ્ટ જ્ઞાનથી સમજાય છે અથવા અનુભવથી જણાય છે. વિશિષ્ટ જ્ઞાન એ કઠિન છતાં ટૂંકો માર્ગ છે અને અનુભવ એ સહેલો છતાં લાંબો માર્ગ છે. તા. ૨૮–૨–૧૯૫૮

(૫૩૮)

યથાશક્ય કરવું એ આગળ વધવાનો માર્ગ છે

વિશિષ્ટ કાર્યો કરવા માટે ઇચ્છાઓ કરવી–રાખવી પણ એ ઇચ્છાઓ લૂખી–ભાગી હોય તો ભાગી દેતાં છતાં રીઝતી નથી. એ ઇચ્છાઓને પોષવા માટે પ્રાથમિક ઇચ્છાઓને સફળ કરવા યથાયોગ્ય પ્રયત્ન કરવો જરૂરી છે. જેમ જેમ સ્વલ્પ ભાવનાઓ સફળ થતી જાય છે તેમ તેમ આગળની વિશિષ્ટ ઇચ્છાઓને પત્ર–પુષ્પાદિ આવતાં જાય છે. તા. ૨૮–૨–૧૯૫૮

(૫૩૯)

કટુ છતાં મિષ્ટ ને મિષ્ટ છતાં કટુ

સત્ય અને અસત્યમાં એટલું જ અંતર છે કે સત્ય શરૂઆતમાં કટુ હોય છે, છતાં પણ પરિણામે સુખદ–મિષ્ટ છે જ્યારે અસત્ય પ્રારંભમાં મિષ્ટ હોય છતાં પરિણામે દુઃખદ–કટુ છે. તા. ૨૮–૨–૧૯૫૮

(૫૪૦)

અસત્ય કરતાં સત્યનું બળ કોટિગુણું વધારે છે

અસત્યને સત્ય કરવા માટે જે પ્રયત્નો કરવા પડે છે તેના કરતાં

સત્યને સત્ય રૂપે સિદ્ધ કરવા માટે ખૂબ જ ઓછા પ્રયત્નો કરવા પડે છે છતાં જગતમાં અસત્યોનો પ્રચાર ખૂબ છે અને સત્યનો પ્રસાર અતિ અલ્પ છે તેનું કારણ એ છે કે અસત્યનાં ઉપાસકો ઘણાં છે અને સત્યના ઉપાસકો ઘણાં ઓછા છે પણ સત્યના એક ઉપાસકમાં એવું બળ હોય છે કે તે લાખો અસત્યના ઉપાસકોને પરાસ્ત કરી શકે છે સત્યના એક કિરણમાં અસત્યના કરોડો અંધકારને અજવાળવાનું સામર્થ્ય છે તા ૨૮-૨-૧૯૫૮

(૫૪૧)

આંખ જો આરંભથી જ ઊઘડી હોય તો કેવું સારૂં !

નાના અને નજીવા કાર્યોમાં વાતોમાં ને વિનોદમાં જોવામાં ને રોવામાં પ્રમાદમાં અને વિવાદમાં જીવનનો કેટલો અમૂલ્ય સમય એળે જાય છે એનો જો હિસાબ ગણવામાં આવે તો આંખ ઊઘડી જાય

લક્ષાધિપતિ બજારમાં ફરે અને ગમે તેવી નકામી ચીજો મોં માગ્યે મૂલે ખરીદ કર્યે જાય—તુરત તો તેને કાંઈ ન લાગે, પણ જ્યારે કોથળીનું તળીયું દેખાવા લાગે—નવી આવક થવાની કાંઈ સંભાવના ન હોય ત્યારે તેની આંખ ઊઘડી જાય—પણ આંખ જો આરંભથી જ ઊઘડી હોય તો કેવું સારૂં ! ૪-૩-૧૯૫૮

(૫૪૨)

સાધના

એકની એક વાત અમુક પ્રસંગે મધુર લાગે છે, જ્યારે બીજા કોઈ પ્રસંગે મધ્યમ લાગે છે—નથી સારી લાગતી કે નથી ખરાબ લાગતી વળી એની એ વાત એવા કોઈ પ્રસંગે કડવી લાગે છે અપ્રિય લાગે છે અને અનેક અનર્થોને જન્મ આપે છે

વ્યક્તિ માટે પણ એવું જ બને છે એક જ વ્યક્તિનું કથન એક વખત ગમતું હોય છે, જ્યારે એ જ વ્યક્તિનું કથન બીજે વખતે સાંભળવું પણ રુચતું નથી—અપ્રિય લાગે છે જે બોલે તો સાંભળ્યા જ

કરીએ એવુ થતું હોય છે તેને બદલે એ ન બોલે તો મારુ એમ મનમા થાય છે અને ચાલે તો પરાણે પણ તેને બોલતો બધ કરવામાં આવે છે આ સર્વ અસરોથી પર થવા પ્રયત્ન કરવો તેનુ નામ સાધના

૪-૩-૧૯૫૮

(૫૪૩)

સમયને ઓળખવો

સારા સમયમા જે રીતે વર્તન કરવાનું હોય તેમાં સમય ફર્યે પરિવર્તન કરવુ આવશ્યક છ એ વ્યવહારમા હકીકત છે ત્યારે આત્મમાર્ગમાં મૂળભૂત સિદ્ધાંત સાચવીને એ વિચારવાનું હોય છ

૪-૩-૧૯૫૮

(૫૪૪)

શત્રુતા દૂર કરવાનો રસ કેળવવો

શત્રુની સારી વસ્તુ કે સારી વાત બગાડવી એ અજ્ઞાનતા છે એમાં જે મહેનત પડે છે તેના કરતાં તેની શત્રુતા દૂર કરવામા ઓછી મહેનત પડે છે ફક્ત વાંધો એટલો જ હોય છે કે શત્રુનું ખરાબ કરવુ ગમે છે અને તેની શત્રુતા દુર કરવાનુ ગમતુ નથી જો એ ગમવા માડે તો પછી કોઈ વાંધો ન રહે તા ૪-૩-૧૯૫૮

(૫૪૫)

યોગ્ય વિશ્વાસ જરૂરી છે

કોઇના ઉપર એમને એમ વિશ્વાસ રાખવાથી કાય વિણસે છે, એજ પ્રમાણે કોઇના પણ ઉપર વિશ્વાસ ન રાખવામા આવે અને દરેક કાય પોતે જાતે જ કરવા એવો આગ્રહ રાખવામા આવે તો તેથી પણ કાર્ય સિધ્ધિ થતી નથી એથી કાર્યક્ષેત્ર ઘણુ સંકુચિત થઇ જાય છે એટલે તે તે કાર્યો કરવા માટે યોગ્ય વ્યક્તિઓ ઉપર યોગ્ય વિશ્વાસ રાખવો આવશ્યક છે સાથે પોતે પણ યોગ્ય કાર્યોની યોગ્યતા કેળવવી કે જેથી બીજા પણ આપણા ઉપર વિશ્વાસ મૂકે તા ૪-૩-૧૯૫૮

અસત્યને સત્ય રૂપે સિદ્ધ કરવા માટે ખૂબ જ ઓઠા નખરો કરવા પડે છે છતા જગતમાં અસત્યોનો પ્રસાર ખૂબ છે અને સત્યનો પ્રસાર અતિ અપ છે તેનું કારણ એ છે કે અસત્યના ઉપાસકો ઘણા છે અને સત્યના ઉપાસકો ઘણા ઓછા છે પણ સત્યના એક ઉપાસકમાં એટલુ બળ હોય છે કે તે લાખો અસત્યના ઉપાસકોને પરાસ્ત કરી શકે છે સત્યના એક કિરણમાં અસત્યના કરોડો અંધકારને અજવાળવાનુ સામર્થ્ય છે તા ૨૮-૨-૧૯૫૮

(૫૪૧)

આખ જો આરભથી જ ઊઘડી હોય તો કેવુ સારૂ !

નાના અને નજીવા કાર્યોમા, વાતોમાં ને વિનોદમાં, જોવામાં ને રોવામા પ્રમાદમા અને વિવાદમાં જીવનનો કેટલો અમૂલ્ય સમય એળે જાય છે એનો જો હિસાબ ગણવામા આવે તો આંખ ઊઘડી જાય

લક્ષાધિપતિ બજારમા ફરે અને ગમે તેવી નકામી ચીજો મોમાગ્યે મૂલ્યે ખરીદ કર્યે જાય—તુરત તો તેને કાંઈ ન લાગે, પણ જ્યારે કોથળીનું તળીયુ દેખાવા લાગે—નવી આવક થવાની કાંઈ સભાવના ન હોય ત્યારે તેની આખ ઊઘડી જાય—પણ આખ જો આરભથી જ ઊઘડી હોય તો કેવુ સારૂ ! ૪-૩-૧૯૫૮

(૫૪૨)

સાધના

એકની એક વાત અમુક પ્રસગે મધુર લાગે છે, જ્યારે બીજા કોઇ પ્રસગે મધ્યમ લાગે છે—નથી સારી લાગતી કે નથી ખરાબ લાગતી વળી એની એ વાત એવા કોઇ પ્રસગે કડવી લાગે છે, અપ્રિય લાગે છે અને અનેક અનર્થોને જન્મ આપે છે

વ્યક્તિ માટે પણ એવુ જ બને છે એક જ વ્યક્તિનું કથન એક વખત ગમતું હોય છે, જ્યારે એ જ વ્યક્તિનું કથન બીજે વખતે સાંભળવુ પણ રુચતું નથી—અપ્રિય લાગે છે જે એોને તો સાંભળ્યા જ

(૫૪૬)

જીવન-સંગીત

સહુ પોતપોતાને મનગમતું ગાય છે, તેમાં કેટલાકને એકબીજાના સ્વરો મળતા આવે છે ત્યારે સંગીત સર્જાય છે પણ કેટલાક-પોતાને મળતો બીજો સ્વર મળતો નથી અને ગાયા વગર ચાલતું નથી એટલે એ માત્ર વિરૂપ અને વિરસ બને છે એ નથી કોઈને સાંભળવું ગમતું કે નથી કોઈને ગાવાનુ ગમતું-ગાવુ પડે છે

સ્વરમાં સ્વર મેળવીને ગાનાર મળવા સુલભ નથી તે શોધી કાઢવા માટે પ્રયત્ન કરવો જોઇએ તા ૪-૩-૧૯૫૮

(૫૪૭)

વાતાવરણની અસર અને વાતાવરણ પર અસર

આસપાસનું વાતાવરણ તમારા પર અસર કરી જાય છે અને તમે વાતાવરણમાં ખેંચાઇ જાવ છો એ અદ્ભુત નથી પણ તમે આસપાસના વાતાવરણ ઉપર અસર ઉપજાવો અને વાતાવરણ તમને અનુરૂપ બની જાય એ અદ્ભુત છે એમાં સામર્થ્ય છે એમાં સત્ત્વ છે

એવું સામર્થ્ય તમને આત્મબળ વધારશે અને આખરે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરાવશે તા ૪-૩-૧૯૫૮

(૫૪૮)

જીવનની વિમલતા

શરીરનું કોઇ પણ અંગ મલિન હોય કે ગડગૂમડવાળું હોય તો તેથી શરીર દૂષિત ગણાય છે વસ્ત્રનો કોઇપણ ભાગ ડાઘાવાળો હોય તેથી વસ્ત્ર મેલું ગણાય છે ઘરના કોઇપણ ખૂણામાં કચરો હોય તેથી ઘર ગંદુ ગણાય છે એ પ્રમાણે જીવનને વિશુદ્ધ ઇચ્છનારે જીવનના કોઈ પણ ભાગને દૂષિત થવા દેવો ન જોઇએ સંપૂર્ણ જીવન વિમલ-વિશુદ્ધ રાખવા માટે ખૂબ જ સાવધ રહેવાની આવશ્યકતા છે

૪-૩-૧૯૫૮